# પ્રેરણા પુરુષો

ઈશ્વર વાઘેલા

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ
શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ
૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

Book's name in English :
*PRERNA PURUSO*

© નીલા વાઘેલા

પ્રથમ આવૃત્તિ - જૂન - ૨૦૦૯
પ્રત - ૧૦૦૦
મૂલ્ય રૂા. ૬૦-૦૦

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ
શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ
૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

## અર્પણ

**દીકરા સમાન દીકરીઓ**

**- ભારતી**

**- પલ્લવી**

**- ફાલ્ગુની ને.**

**મહાન પુરુષોના જીવનમાંથી શીખીને**
**આચરણમાં મૂકે તેવી આશા સહ.**

## પ્રાસ્તાવિક

જીવન અનેક સમસ્યાઓનું સોદાગર છે. સમસ્યા આવે અને જાય. સમસ્યા કોઈને સમાપ્ત કરી દે. કોઈને સર્વશ્રેષ્ઠ બનાવી દે. સમસ્યા ક્યારે બોધદાયક બને. કદાચ તમે તમારાથી અગાઉ થયેલા મહાપુરુષોથી પરિચિત હોય તો જ. મહાપુરુષોનું જીવન જો સમસ્યાઓ સાથે – દુઃખો સાથે સંકળાયેલું હોય. સારા શ્રેષ્ઠ માનવોના જીવનમાં પણ દુઃખો હોય ત્યારે તેમણે તેને કેવી રીતે સહન કર્યાં માર્ગ કાઢ્યા તે આપણે જાણતાં હોઈએ તો આપણા જીવનમાં પણ આવતા દુઃખો – સમસ્યાઓનું નિરાકરણ સરળતાથી આપણે કરી શકીએ. મહાપુરુષોની જીવન સુવાસ જેમ આપણા જીવનની સુવાસ ફેલાવવા મહાપુરુષોને સમજવા પડે. અહીં કંઈક એવો પ્રયાસ છે. જે આપ વાંચશો. વિચારશો તો કદાચ વિકસવા માટેની પ્રેરણાપગથી મળી જશે. ખાસ આચરણ જરૂરી છે. મહાપુરુષોના એકાદ ગુણનું આચરણ પણ આપણા જીવનમાં પરિવર્તન લાવી શકે છે.

આ લેખો લખવાનો મોકો વાચનનો તો પરિપાક છે જ પણ સાથો સાથ લખવાની ટેવનો મહત્તમ ફાળો છે. આકાશવાણી ગોધરા સાથે કેટલીક નિબંધ સ્પર્ધાઓ અને શાળાઓમાં આપેલા વ્યાખ્યાનોનો પણ તેમાં ફાળો છે. ખાસ જીવનચરિત્ર લેખકો સાથે શાળાઓનો પણ આ તબક્કે આભાર માનું છું.

પ્રસ્તુત પુસ્તક પ્રકાશન માટે કુટુંબીજનોના સહકાર બદલ, અને પુસ્તક પ્રકાશન કરવામાં સતત સહકાર આપનાર **એમ. એમ. સાહિત્ય પ્રકાશન, આણંદ**ના શ્રી યાકુબભાઈ મલેકનો પણ ખાસ આભાર વ્યક્ત કરું છું.

પુસ્તક અંગે આપના પ્રતિભાવ સદૈવ આવકાર્ય છે.

વલ્લભ વિદ્યાનગર — ઈશ્વર વાઘેલા
૩૦ મે, ૨૦૦૯

## ઉઘડતાં પાને....


૧. અસ્પૃશ્યોના બેલી - ડૉ. ભીમરાવ આંબેડકર

૨. સ્ત્રીશિક્ષણના હિમાયતી - મહાત્મા જ્યોતિરાવ ફૂલે

૩. ગાંધીજીનો જીવન સંદેશ

૪. આધુનિક ભારતના ઘડવૈયા - જવાહરલાલ નહેરુ

૫. રાષ્ટ્રભક્ત - મોરારજી દેસાઈ

૬. સ્ત્રી કેળવણીના સમર્થક - મહર્ષિ કર્વે

૭. સુંદરસોદાગર

૮. પાકાં ઘડે કાંઠા ચડ્યા ! - અન્ના મેરી રોબર્ટસન મોસીસ

૯. મન મીર તો તન તીર - સ્ટેફન હોકીંગ

૧૦. ભારતના અર્વાચીન ઋષિ - સ્વામી વિવેકાનંદ

૧૧. સ્વામી વિવેકાનંદનો જીવન સંદેશ

૧૨. સ્વામી વિવેકાનંદ અને યુવાનો

## ૧. અસ્પૃશ્યોના બેલી : ડૉ. ભીમરાવ આંબેડકર

એક તેજસ્વી વિદ્યાર્થી. અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાંથી એમ.એ.પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે શિક્ષણ સુવિધા આપેલી તેથી તેમનું ઋણ ચૂકવવા વડોદરા રાજ્યમાં નોકરી કરવાની તેની ઈચ્છા હતી. મુંબઈ આવીને વડોદરાના મહારાજાને જાણ કરી. મહારાજાએ તેનું સ્વાગત કરવા વહીવટીતંત્રને જાણ કરી. પણ તે પછાત જાતિનો હોવાથી તેનું સ્વાગત તો શું પણ કોઈ હોટલમાં રહેવા કે જમવાની સગવડતા પણ ન મળી. છેવટે પારસી નામ ધારણ કરી એક ગૃહસ્થને ત્યાં રહ્યા. શ્રીમંત સરકારે તેને લશ્કરી સચિવનો હોદ્દો આપ્યો. કર્મચારીવર્ગ વધારે ગિન્નાયો. કોઈ તેના સંપર્કમાં આવવાનું પણ ટાળે. પટાવાળો પણ તેના ટેલબને ભૂલથી પણ ન અડકી જવાય તેની સાવધાની રાખે. ફાઈલો પણ અધ્ધરથી જ ટેબલ પર ફેંકે. ઑફિસમાં બધાં જ કર્મચારીઓની વર્તણૂંક જ એવી કે કામ કરવામાં રસ કે મજા પડે જ નહિ ! આ પરિસ્થિતિમાં કોઈએ મકાન માલિકના કાને વાત પહોંચતી કરી કે તમારા ઘરમાં રહેનાર તો અછૂત છે. મહોલ્લામાં જાણ થઈ અને મહોલ્લાવાળા ઉશ્કેરાયા. સૌ લાકડી લઈને વીંટળાઈ વળ્યા. પહેલો પ્રશ્ન પૂછયો;'બોલો તમે કેવા છો?' તેણે જવાબ આપ્યો : 'હું હિન્દું છું'. ટોળું બોલ્યું; 'તું ધોકેબાજ છે. અછૂત છે. અમારા મહોલ્લામાંથી નીકળી જા. પરિસ્થિતિને વશ થઈ તેણે આઠ કલાકની મહેતલ માંગી. તે મળતાં તે આઠ કલાક



ખાધા પીધા વિના આખા શહેરમાં રખડ્યો પણ કોઈ જગ્યાએ મકાન ન મળ્યું. છેવટે થાકીને મકાન ખાલી કરી એક ઝાડ નીચે આશરો લીધો. અમેરિકા જેવા સ્વતંત્ર દેશના સમાજજીવનમાં ભણેલો; નાનપણમાં અસ્પૃશ્યતાનો સ્વાદ તો ચાખેલો આ યુવાન છેવટે કંટાળીને મુંબઈ આવ્યો. એક બાજુ ઉપકારનો બદલો વાળવાની તીવ્ર ઈચ્છા હતી અને બીજી બાજુ સમાજની નિષ્ઠુરતા. આમાંથી માર્ગ કાઢવા તે પોતાના વડીલમિત્ર કેલુસ્કરને મળ્યો. કેલુસ્કરે પણ પ્રયત્ન કર્યા. પોતાના એક મિત્રને પત્ર લખ્યો અને રહેઠાણની વ્યવસ્થા કરવા કહ્યું. તેણે હા પાડતા આ યુવાન પુનઃ વડોદરા આવ્યો. પણ ત્યાં જ પેલા મિત્રના નોકરે તેમના હાથમાં ચિઠ્ઠી મૂકી. ચિઠ્ઠીમાં પોતાની પત્ની છૂતાછૂતમાં માનતી હોવાથી તેઓ તેમને રાખી શકશે નહિ તેવી નોંધ હતી. યુવાન મુંબઈ જતી ગાડીની રાહ જોતો ઊભો રહ્યો. તેના મનમાં વિચારો હડીયાપાટી કરવા લાગ્યા.

"આટલું શિક્ષણ મેળવ્યા પછી પણ સમાજ મારી સાથે આવો દુર્વ્યવહાર કરે તો પછી મારાથી ઓછું જ્ઞાન ધરાવતા કે અભણ અને અજ્ઞાન એવા દલિત સમાજના લોકોની હાલત કેટલી વિપરીત હશે ?" અને તેણે દલિત સમાજના, અસ્પૃશ્યો માટે કાર્ય કરવાનું નક્કી કર્યું અને તે અસ્પૃશ્યોનો બેલી બની ગયો. તે યુવાનનું નામ હતું. ડૉ. ભીમરાવ આંબેડકર.

ડૉ. આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ ૧૮૯૧ ના રોજ ઈન્દોર પાસેના મહુ શહેરની લશ્કરી છાવણીમાં થયો હતો. તેમની માતાનું નામ ભીમાબાઈ અને પિતાનું નામ રામજી શકપાલ. તેમનો પરિવાર કબીરપંથી હતો. પિતા લશ્કરીશાળાના હેડમાસ્તર. જ્યારે માતા

સ્વાભિમાની સાત્વિક અને ધાર્મિક વૃત્તિના. આથી ઘરનું વાતાવરણ શિસ્તમય, ધાર્મિક અને સાત્ત્વિક હતું. બાલ્યાસ્થાથી જ આ સંસ્કારોનું સિંચન થયેલું. જેથી તેમના વ્યક્તિત્ત્વમાં આ સંસ્કારોની અનોખી તસ્વીર દેખાય આવતી હતી.

અમ્બાવાડે નામના નાનકડા ગામના વતની આંબેડકરને મહારજાતિના હોવાને કારણે ભણવામાં ઘણી મુશ્કેલીઓ પડી. મહાભારતકાળમાં કૌરવોના ત્રાસને લીધે હોશિયાર અને તેજસ્વી અર્જુનને ચંપલ પાસે બેસીને ભણવું પડતું તેવી જ રીતે બાબા સાહેબને પણ ઓરડાની બહાર બેસીને ભણવું પડેલું. તેમના તરફ શિક્ષકો તિરસ્કારથી જોતા, પટાવાળો પણ તેમનાથી આઘો રહેતો. શાળામાં જ્યારે પાણી પીવાની ઈચ્છા થાય ત્યારે કોઈ છોકરો કે પટાવાળો પાણી ઊંચેથી રેડી પાઈ તો જ પાણી પીઈ શકતા. નહીંતર આખો દિવસ તરસથી શોષાતા રહેવું પડતું. આથી બાળક ભીમરાવના મનમાં પ્રશ્ન ઉઠતો કે, 'એક માનવ માનવ તરફ આવુ વર્તન કેમ કરતો હશે.' પણ તેનો જવાબ તેને મળતો નહિ. પીડા, અપમાન છતાં ભણવાની એવી ધગશ કે બીજા દિવસની સવાર પડતાં જ તેઓ પોતાનું કંતાનનું આસન અને દફતર લઈને શાળાએ પહોંચી જતા.

શાળા જેવો ભેદભાવ સમાજમાં પણ હતો. ધોબી કપડાં ન ધુએ, હજામ વાળ ન કાપે. આ જાતિના બાળકો જાહેર પરબ પરથી પાણી પીઈ શકે નહિ. એક વાર રમતાં રમતાં ભીમને તરસ લાગી. પાસે જ પરબ હતી. પાણી આપનાર પાણીવાળી બાઈ હાજર નહોતી. ભીમે જાતે પાણી લઈને પીવા માંડ્યું. તેટલાં માંજ પાણીવાળી બાઈ



આવી તે બૂમો પાડવા લાગી. પાસે જ સૂઈ રહેલા ગોવાળિયા જાગ્યા અને ભીમને લાકડીએ ફટકાર્યો. મહાપરાણે ભીમ ત્યાંથી નાઠ્યો.

મુંબઈની એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં નારાયણરાવ જોષી નામના ગણિત શિક્ષકે વર્ગમાં પ્રમેય સમજાવ્યો. પછી વિદ્યાર્થીઓને પ્રમેય સિધ્ધ કરવા કહ્યું. પણ કોઈ વિદ્યાર્થી પ્રમેય સિધ્ધ કરી શક્યો નહિ. ભીમે પ્રમેય સિધ્ધ કરવાની તૈયારી બતાવી. શિક્ષકે તેને પાટિયા પાસે જઈ પ્રમેય સિધ્ધ કરવા કહ્યું. પણ ભીમ પાટિયા પાસે જવા લાગ્યો ત્યાં તો વિદ્યાર્થીઓએ ભારે શોરબકોર કર્યો. કારણ હતુ પાટિયા પાછળ તેમના નાસ્તાના ડબ્બા પડેલા હતા. ભીમ પાટિયા પાસે જાય તો તે અભડાઈ જાય. બાળકોએ નાસ્તાના ડબ્બા લઈ લીધા પછી જ ભીમ પાટિયા પાસે જઈ શક્યો અને પ્રમેય સિધ્ધ કરી શક્યો.

ધોમધખતા તાપમાં મીઠી વીરડી સમાન આંબેડકર નામના શિક્ષકે ભીમને પ્રેમ અને હૂંફ પૂરા પાડ્યા હતા. તેઓ બપોરે રિશેષમાં ભીમને નાસ્તો આપતા. શાળાના રજીસ્ટ્રરમાં પણ તેમણે જ ભીમની અટક અંબાવડેકર હતી તે બદલીને આંબેડકર કરી હતી. પરંતુ સામે એકલવ્યની જેમ સંસ્કૃત શિક્ષકે તેને સંસ્કૃત શીખવવાની ના પાડી દીધી હતી. આથી તેને પર્શિયન શીખવું પડ્યું અને ખોદાબક્ષી બહેરામજી ઈરાનીનો તે પ્રિય શિષ્ય બની શક્યો. શાળા બહાર કૃષ્ણાજી કેલુસ્કર નામના શિક્ષકનો સથવારો મળ્યો હતો.

એકબાજુ તિરસ્કાર, બીજી બાજુ ગરીબીની વચ્ચે એકાદ-બે માણસોની સહિષ્ણુતા સાથે ભીમે અભ્યાસ ચાલુ રાખી, ખૂબ જ મહેનત કરી ઈ.સ. ૧૯૦૭ માં તેમણે મૈટ્રિકની પરીક્ષા પાસ કરી.

દલિત સમાજનો પ્રથમ વિદ્યાર્થી મૈટ્રિક પાસ થયો. તેમને સન્માનવા દલિતોએ એક સન્માન સમારંભ યોજ્યો. વક્તાઓએ તેમની જ્ઞાન પ્રાપ્ત કરવાની તમન્ના અને મહેનતના વખાણ કર્યા. કેલુસ્કરે તેમને 'બુધ્ધનું જીવન ચરિત્ર' ભેટ આપ્યુ. આ અવસરથી તેમનામાં અધ્યયન પ્રેરણા વિકસી. તેમણે કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ઈન્ટર આર્ટસ પછી આર્થિક પરિસ્થિતિ નબળી પડી. કેલુસ્કરે સયાજીરાવ સાથે ભેટો કરાવ્યો. સયાજીરાવે તેમની અભ્યાસ પિપાસાને પારખીને માસિક પચ્ચીસ રૂપિયાની છાત્રવૃત્તિ બી.એ. સુધી આપવાની સ્વીકારી. કૉલેજકાળ દરમિયાન પણ અસ્પૃશ્યતારૂપી રાક્ષસે પીછો કરેલો. તેઓને કૉલેજ કેન્ટીન કે ક્રિકેટ ટીમમાં પ્રવેશ અછૂત હોવાને કારણે મળેલો નહિ. તે ઉપરાંત પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓનો છૂપો તિરસ્કાર તો ખરો જ ! તિરસ્કૃતતા છતાં તેઓએ અભ્યાસમાં ધ્યાનસ્થ બની કૉલેજમાં પૂર્ણ સમય હાજર રહી ઘેર દસથી બાર કલાકનું અધ્યયન કરતા. સખત મહેનતના અંતે ઈ.સ.૧૯૧૨ માં તેઓ બી.એ. થયા. વિષય હતા અંગ્રેજી અને ફારસી.

મુંબઈમાં નોકરી મળે તેમ હોવા છતાં છાત્રવૃત્તિનું ઋણ ચૂકવવા તેઓ વડોદરા રાજ્યમાં નોકરી કરવા ગયા. અછૂત હોવાને કારણે અધિકારીઓએ ત્રાસ શરૂ કર્યો. ૧૫ દિવસમાં તેઓ કંટાળી ગયા. તેવા સમયે જ પિતાની ગંભીર બિમારીનો તાર મળ્યો. પિતાને મળવા રજા લઈને મુંબઈ ગયા. પિતા જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા હતા. પુત્રને જોઈ તેમની આંખો ઠરી. અને તેઓ પરમધામે સિધાવ્યા. અચાનક પિતાનો સ્વર્ગવાસ થતાં ઘરની જવાબદારી તેમના શિરે આવી. તેમણે હિંમતથી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો. શ્રી કેલુસ્કરે તેમની આ પરિસ્થિતમાં નિર્ણાયક ભૂમિકા ભજવી. વડોદરામાં તેમણે



નોકરી પર જતાં અધિકારીઓનો ત્રાસ અને સ્થાનિક મુસીબતોને દૂર કરવા મુંબઈ ખાતે મહારાજા સયાજીરાવને મળ્યા. મહારાજાએ તેમની વાતો ધ્યાનપૂર્વક સાંભળી પણ સાંપ્રત પરિસ્થિતિમાં તેઓ પણ કાંઈ કરી શકે તેમ ન હતા. આથી તેમણે કેલુસ્કરના સૂચનને ધ્યાનમાં લઈ વિદેશમાં વધુ અભ્યાસ માટે મોકલવાની તૈયારી બતાવી. મોટાભાઈ આનંદરાવ અને પત્ની રમાબાઈને કુટુંબની જવાબદારી સોંપી ભીમરાવે ૧૯૧૩ માં અમેરિકા તરફ પ્રયાણ કર્યું.

અમેરિકામાં કોલંબિયા વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. ભારત કરતાં જુદા જ વાતાવરણનો અનુભવ મળ્યો. ભેદભાવ વિહિન, સમાનતાના વાતાવરણે તેમની અભ્યાસરૂચિને બળ મળ્યું. ઈ.સ. ૧૯૧૫ માં તેમણે અર્થશાસ્ત્રના વિષય સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી. આ પછી તેમણે પી.એચ.ડી.નો અભ્યાસ શરૂ કર્યો. વિવિધ ગ્રંથોનો અભ્યાસ કરી; ભારે પરિશ્રમને અંતે તેઓએ 'બ્રિટિશ ભારતમાં પ્રાંતીય અર્થવ્યવસ્થાનો વિકાસ' નામનો સંશોધન નિબંધ તૈયાર કર્યો. તે નિબંધને માન્ય રાખી કોલંબિયા યુનિવર્સિટીએ તેમને પી.એચ.ડી.ની ઉપાધિ આપી. અમેરિકામાં અભ્યાસ પૂરો કરી તેઓ ઈંગ્લેન્ડ વધુ અભ્યાસાર્થે ગયા. વિશ્વ વિખ્યાત લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ એન્ડ પોલિટિકલ સાયન્સમાં 'ડૉક્ટર ઑફ સાયન્સ'ની પદવી માટે પ્રવેશ મેળવ્યો. પણ શિષ્યવૃત્તિની સમયમર્યાદા પૂર્ણ થતી હોવાથી, વડોદરાના દીવાનના આદેશને માન આપી તેઓ ભારત પાછા ફર્યા. મુંબઈ બંદરે મુંબઈમાં દલિતોએ તેમનું શાનદાર સ્વાગત કર્યું. તેમણે પ્રાપ્ત કરેલી વિદ્યાના ભરપૂર વખાણ થયાં. છાત્રવૃત્તિ કરાર અનુસાર તેઓ વડોદરામાં નોકરી માટે મહારાજાને

મળ્યા. તેમને મિલિટરી સેક્રેટરી તરીકે નિમણૂંક મળી. પણ ઑફિસ કર્મચારીઓ અને સમાજમાં અસ્પૃશ્યતાની વિચારસરણીને કારણે તેઓ નોકરી ન કરી શક્યો છાત્રવૃત્તિના ઋણમાંથી મુક્ત થવા ભીમરાવ અપમાનિત થયા, ઝેરના ઘૂંટડા પીધા પણ સહનશીલતાની પણ હદ હોય ને ! ન છૂટકે તેમણે નોકરી છોડી મુંબઈ પાછા ફર્યા.

મુંબઈની સિડનહામ કૉલેજમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકે જોડાયા. પોતાની વિદ્વતા અને વકતૃત્વશક્તિથી તેઓ વિદ્યાર્થીઓમાં પ્રિય બન્યા. તેમના વર્ગમાં વિદ્યાર્થીઓ ઉભરાવા લાગ્યા. કેટલાંકને તો બહાર ઊભા ઊભા જ વ્યાખ્યાન સાંભળવું પડતું. નોકરીમાંથી પૈસા બચાવી પુનઃ વધુ અભ્યાસાર્થે લંડન ગયા. તેમાં કોલ્હાપુરના રાજાની મદદ મળી. તેઓ લંડનની સ્કૂલ ઑફ ઈકોનોમિકસ એન્ડ પોલિટિક્સ સાયન્સ સંસ્થામાં જોડાયા. ‘બ્રિટિશ ભારતમાં બાદશાહી સંપત્તિનું પ્રાંતીય વિકેન્દ્રીકરણ’ એ વિષય પર એક સંશોધનપૂર્ણ મહાનિબંધ લખીને તેમણે ૧૯૨૧માં એમ.એસ.સી.ની પદવી પ્રાપ્ત કરી. ત્યારબાદ ‘રૂપિયાની સમસ્યા’ એ મહાનિબંધ લખી ડી.એસ.સી.ની પદવી મેળવી. સાથે સાથે કાયદાનો અભ્યાસ કરી તેમણે ‘ગ્રેજ ઈન’માંથી બેરિસ્ટરની પદવી પ્રાપ્ત કરી બાર - એટલો બન્યા. ત્યાંથી જર્મની જઈ જર્મન ભાષાનો અભ્યાસ કર્યો.

ભારત પરત આવ્યા. આટલી ઊંચી ડિગ્રીઓ મેળવ્યા છતાં યોગ્ય રૂપમાં સ્થાન નહોતું મળ્યું. ઈ.સ. ૧૯૨૩ માં પારસીમિત્ર નવલ ભાટીયાની મદદથી સનદ મેળવી વકીલાત શરૂ કરી. ત્યાં પણ તેમને અસ્પૃશ્યતા તો આડે આવી જ ! કોઈ અસીલ તેમની પાસે જતો નહિ તો વળી કોર્ટમાં તેમને બેસવા માટે ખુરશી પણ મળતી



નહિ. આવી પરિસ્થિતિમાં તેમના હાથમાં બ્રાહ્મણો અને ગેરબ્રાહ્મણો વચ્ચેનો કેસ મળ્યો. અને તેમણે આ કેસમાં અસીલોને જીતાડ્યા. બીજો એક કેસ ફાંસી થયેલ અસીલનો હતો. તે કેસમાં જીતવું અઘરું હતું છતાં વિદ્વતાભરી દલીલો કરીને તે કેસમાં પણ વિજયી બન્યા. પછી તો તેઓ એક પ્રખર અને કુશળ વકીલ તરીકે નામના પામ્યા. આ જ સમયગાળામાં તેઓને સિડનહામ કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે અને મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્યપદ માટેની દરખાસ્તો મળી તે દરખાસ્તો સમાજસેવાને આડે આવે તેમ હોય તે સ્વીકારી નહિ.

અછૂતોધ્ધારના ધ્યેયને હાંસલ કરવાની હોંશને આગળ વધારવા તેઓ કટીબધ્ધ હતા. ૧૯૨૪ માં ‘બહિષ્કૃત હિતકારિણી સભા’ નામની સંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થા મારફતે તેમણે અછૂત જાતિઓની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉન્નતિ થાય તેમજ તેમને રાજનૈતિક અધિકારો પ્રાપ્ત થાય એ માટે સંઘર્ષ કરતા રહ્યા. દલિતોમાં આત્મસન્માનની ભાવના જાગ્રત થાય તે માટે સંમેલનો, અધિવેશનો ભરીને પ્રવચનો દ્વારા પ્રેરણા આપતા. લેખનકાર્ય મારફતે પણ જાગૃતિ માટે પ્રયત્નો કરતા રહ્યા હતા. આ ઉપરાંત દલિતો-જ્ઞાન પ્રાપ્ત કરી શકે તે માટે રાત્રિશાળાઓ, પુસ્તકાલયો અને છાત્રાલયો શરૂ કર્યાં. દલિતોન્નોતિને પોતાની વ્યવસાયોન્નતિ માની અસ્પૃશ્ય સમાજના કાર્યને દેશકાર્ય સમજી તેઓએ અસ્પૃશ્યોની પશુથી બદતર સ્થિતિમાં બદલાવ લાવવા માટેના સંઘર્ષો શરૂ કર્યાં.

ઈ.સ. ૧૯૨૩ માં મ્યુનિસિપાલિટીએ કાયદો કરી ચવદાર

તળાવ સર્વે લોકો માટે ખુલ્લુ મુક્યું હતું. પણ ઉચ્ચવર્ગના વિરોધને કારણે અછૂતો ચવદાર તળાવ પાસે જઈ શકતા નહોતા. આથી આંબેડકરે સત્યાગ્રહ કરવાનો નિર્ધાર કર્યો. ૧૯-૨૦ માર્ચ ૧૯૨૭ ના દિવસે મહાડ મુકામે સંમેલન ભર્યું. પંદરેક હજાર દલિતો સાથે તેમણે ચવદાર તળાવ પર ગયા. તળાવમાં ઉતરી તેમણે બે હાથ વડે પાણી પીધું અને અછૂતો માટે તળાવ ખુલ્લું કર્યું. તળાવને અભડાવતા સવર્ણો અકળાયા અને હથિયારો સાથે સંમેલનના સ્થળે આવી અછૂતો ઉપર તૂટી પડ્યા. અનેક ઘવાયા. આંબેડકરે લોકોને શાંત પાડ્યા ઘવાયેલાને હોસ્પિટલ પહોંચાડ્યા. સામાજિક ચેતના માટેના મહાડ સત્યાગ્રહ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેના કોઈપણ સત્યાગ્રહ જેટલો જ મહત્ત્વનો ઐતિહાસિક સત્યાગ્રહ હતો. સત્યાગ્રહને કારણે જ યુગોથી દબાયેલો વર્ગ સ્વાભિમાનથી, સ્વાવલંબનથી, નિર્ધારથી અને ઉન્નત મસ્તકે અન્યાયનો સામનો કરવા કટિબધ્ધ બન્યો હતો.

રૂઢિચુસ્તોએ ચવદાર તળાવને ગાયના છાણમૂત્રથી પવિત્ર કર્યું. આથી પુનઃ સત્યાગ્રહ કરવાની તેમણે જાહેરાત કરી. ૫૦ હજાર પ્રતિનિધિઓએ તેમાં ભાગ લીધો. મેજિસ્ટ્રેટની વિનંતીથી સત્યાગ્રહ મુલતવી રાખવામાં આવ્યો. પણ આ સભામાં અનેક ઠરાવો થયાં. જાહેર મનુસ્મૃતિનું દહન કરવાનો નિર્ણય લેવાયો. અને જાહેરમાં મનુસ્મૃતિનું દહન કરવામાં આવ્યું. મનુસ્મૃતિના દહન કાર્યક્રમથી પંડિતો, પુરોહિતો, આચાર્યો, મહંતો અને શંકરાચાર્યો હબક ખાઈ ગયા. જેવી રીતે જર્મનીના પિટેનબર્ગમાં ખ્રિસ્તી ધર્મગુરુ પોપની પાપવિમોચન પત્રિકાને માર્ટિન લ્યુથરે જાહેરમાં સળગાવી હતી તેવી જ રીતે મહાડમાં અસમાનતા, અમાનુષિકતા, અન્યાય અને ક્રુરતાનો



ઉપદેશ આપનાર મનુસ્મૃતિને જાહેરમાં સળગાવી આંબેડકરે 'સામાજિક ક્રાંતિ'ના રથને વેગ આપ્યો હતો.

રૂઢિચુસ્તો અને સવર્ણવર્ગ તેમજ સુધરાઈને કારણે ચવદાર તળાવનો મામલો મુંબઈ હાઈકોર્ટમાં દાવા સાથે પડકાર્યો. લાંબી કાનૂની લડાઈ લડી ૧૭મી માર્ચ ૧૯૩૭ના દિવસે તેઓ વિજયી બન્યા હતા અને તે તળાવ અછૂતો માટે ખુલ્લું થયું હતું. મુંબઈ લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય તરીકે અછૂતોને મુંબઈ વિશ્વ વિદ્યાલયમાં પ્રતિનિધિત્વ મળે તે માટે પ્રયાસો કર્યાં. કાઉન્સિલમાં પણ ગરીબજનોની પરિસ્થિતિ સુધારવા માટે સંઘર્ષની કોઈપણ તક તેમણે જવા દીધી ન હતી. મહિલા મજૂરોને સગર્ભાવસ્થા દરમ્યાનના લાભોની હિમાયત તેમણે કરી હતી. ૧૯૨૯માં આવેલા સાયમન કમિશન સમક્ષ બહિષ્કૃત હિતકારણી સભા તરફથી આંબેડકરે સંયુક્ત ચૂંટણીમાં જનસંખ્યાના પ્રમાણમાં દલિતવર્ગ માટે બેઠકોનું આરક્ષણ આપવાની માગણી કરી. તે ઉપરાંત દલિતોને વસ્તીના પ્રમાણમાં શિક્ષણ, રોજગાર અને નોકરીમાં પણ પ્રતિનિધિત્વ આપવાની માગણી કરી. જેના પરિણામે ૧૯૩૦માં પ્રસિધ્ધ થયેલા સાયમન કમિશનના રીપોર્ટમાં દલિતવર્ગોને કેન્દ્રીય સભાની સંયુક્ત ચૂંટણીમાં બેઠકોનું આરક્ષણ અપાયું હતું.

૧૯૨૯માં પૂનાના પાર્વતી મંદિર અને મુંબઈના મુમ્બાદેવીના મંદિર પ્રવેશના પ્રસંગો યશસ્વી રીતે પાર પાડ્યા બાદ આંબેડકરે ૧૯૩૦માં નાસિકના કાળારામ મંદિરમાં અછૂતોને પ્રવેશ મળે તે માટે સત્યાગ્રહ કર્યો. આ સત્યાગ્રહ ખરેખર સામુદાયિક મુક્તિ, સામૂહિક સ્વાતંત્ર્ય અને માનવતા પ્રાપ્તિનો સત્યાગ્રહ હતો. આ

સત્યાગ્રહમાં ૨૫ હજાર માણસો ઉમટ્યા હતા. પણ મંદિરના બારણાં બંધ હતા અને પછી શાંત સત્યાગ્રહ ચાલુ રાખ્યો. રામનવમીનો દિવસ નજીક આવ્યો. રથયાત્રા કાઢવાની પરંપરા હતી. પણ મંદિર તો ખુલ્લુ નહતું. છેવટે મેજિસ્ટ્રેટની મધ્યસ્થીને પરિણામે અછૂતોને પણ રથ ખેંચવાની પરવાનગી મળી અને રથયાત્રા નીકળી પણ તોફાનીઓએ ભીડનો લાભ લઈ અછૂતો અને આંબેડકર પર હુમલો કર્યો. દલિતોએ ડર્યા વિના સામનો કર્યો. આંબેડકર ઘવાયા. અને દવાખાને દાખલ કરવા પડ્યા. પણ બીજા દિવસથી સત્યાગ્રહ તો ચાલુ જ રહ્યો. અને મંદિરના દરવાજા પણ બંધ રહ્યા. છેવટે આંબેડકરે કોર્ટમાં કેસ કરી પાંચ વર્ષ સુધી કાનૂની લડાઈ લડ્યા. ૧૯૩૫ માં અછૂતો માટે પ્રવેશનો કાયદો પસાર થતા મંદિરના દરવાજા ખોલવા પડ્યા.

૧૯૩૦ માં મળેલી પ્રથમ ગોળમેજી પરિષદમાં અછૂતોના પ્રતિનિધિ તરીકે હાજરી આપી ભારતની માગણીઓ અને ભારતની સ્થિતિ અંગે પ્રભાવશાળી નિવેદન કરીને પોતાના પ્રવચનમાં અંગ્રેજી શાસનની આકરી ટીકા કરી. તેમણે અસ્પૃશ્યો અને પદદલિત સમૂહોના અધિકારો અને હિતો માટે પણ રજૂઆત કરી. ગોળમેજી પરિષદની મહત્ત્વની પેટાસમિતિઓમાં ડૉ. આંબેડકરની સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવતા; દલિતવર્ગ માટે રાજકીય હિતોની સુરક્ષા માટેની યોજનાઓ રજૂ કરી; દલિત સમાજને કાયદેસરના અધિકારો પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નો કર્યા. પરિણામે ૧૯૩૨ માં બ્રિટિશ સરકારે 'કોમી ચુકાદા'નામે જાણીતા થયેલા કાયદામાં દલિતવર્ગને અલગ મતાધિકાર આપ્યો હતો.



દલિતોને અલગ મતાધિકાર મળતાં જ ગાંધીજી આમરણાંત ઉપવાસ ઉપર ઉતરી પડ્યા ત્યારે આંબેડકરે સંયમ અને શાંતિ રાખી દલિતોના અધિકારો માટેના વૈકલ્પિક માર્ગો વિશે મક્કમતાપૂર્વક વિચારો વ્યક્ત કર્યા. સમાધાનકારી વલણ અપનાવી પૂના કરારનો સ્વીકાર કરી ગાંધીજીના ઉપવાસ છોડાવ્યા. ૧૯૩૬માં સ્વતંત્ર મજદૂર પક્ષની રચના કરી ભૂમિહિનો, ગરીબો, ખેડૂતો અને મજૂરોના હિતોની રક્ષા કરવાનો અને તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવાનો પ્રયત્ન કર્યો. ૧૯૩૭ની ચૂંટણીમાં મુંબઈ વિધાનસભામાં તેઓ ૧૨ સભ્યો સાથે ચૂંટાઈ આવ્યા. વિધાનસભામાં તેમણે ખેડૂતો-મજૂરો અને દલિતો માટેના ઠરાવો લાવી તેમના ઉધ્ધાર માટેના કાર્યો કર્યા.

જૂન ૧૯૪૨માં આંબેકડરની નિમણૂંક વાઈસરોયની એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં લેબર મેમ્બર તરીકે કરવામાં આવી. સૌપ્રથમવાર કાઉન્સીલમાં અછૂતને સ્થાન મળ્યું હતું. તેમણે પોસ્ટ, ટેલીગ્રાફ, રેલવે, કસ્ટમ, ઈન્કમટેક્ષ જેવા વિભાગોમાં દલિતો માટે અનામત બેઠકોની જોગવાઈ કરાવી. ભવિષ્યમાં કેન્દ્રીય મંત્રીમંડળમાં દલિતો માટે સુરક્ષિત જોગવાઈ કરાવી. કેબિનેટ મિશન સમક્ષ પણ દલિતો અને લઘુમતીઓ માટે રજૂઆત કરી. તેમાં તેમણે અનુસુચિત જાતિઓ માટે ભારતના બંધારણમાં અલગ મતાધિકાર દ્વારા પ્રતિનિધિઓને ચૂંટવાની માગણી કરી હતી. પણ મિશને આ પ્રશ્ને મૌન સેવ્યું આથી દલિતવર્ગો પોતાના સંગઠિત આંદોલનનો પ્રારંભ મુંબઈ કોંગ્રેસ સમિતિની સામે કાળા વાવટાઓ દ્વારા કર્યો. મુબંઈ ઈલાકાની વિધાનસભાનું સત્ર મળતાં આંદોલનમાં વેગ આવ્યો. સત્તાવાળાઓ દ્વારા ગિરફતારી થવા છતાં આંદોલન ચાલુ રહ્યું.

પરિણામે વિધાનસભાના ચાલુ સત્રને સ્થગિત કરવું પડ્યું.

ભારતને આઝાદી આપવાનો તખ્તો ગોઠવાઈ રહ્યો હતો. ભારતનું બંધારણ ઘડવા માટે બંધારણ સભાની રચના કરવામાં આવી. તેમાં ડૉ. આંબેડકરની નિયુક્તિ કરવામાં આવી. ૧૯૪૭ના જુલાઈમાસમાં વચગાળાના પ્રધાનમંડળની રચના કરવામાં આવી તેમાં તેઓને કાયદાપ્રધાન તરીકે નિમવામાં આવ્યા. ૧૯૪૭ની ૨૯ મી ઑગસ્ટના રોજ બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી. આ સમિતિમાં સાત સભ્યો હોવા છતાં સમગ્ર બંધારણનો મુસદ્દો તૈયાર કરવાનું કાર્ય આંબેડકરે એકલા હાથે જ કરવું પડ્યું હતું. નાતંદુરસ્ત તબિયત હોવા છતાં પણ આ કાર્ય તેમણે ખૂબ જ ટૂંકાગાળામાં, વિવિધ બંધારણો અને ગ્રંથોનો અભ્યાસ કરીને પ્રશંસનીય રીતે પૂર્ણ કર્યું હતું. સને ૧૯૪૯ ના રોજ બંધારણસભાએ તે મુસદ્દાને માન્યગણી તેનો સ્વીકાર કર્યો હતો. આમ ભારતના બંધારણના ઘડવૈયા તરીકે તેમની કામગીરી બેનમૂન હતી.

કાયદામંત્રી તરીકે તેમણે મહત્ત્વનું કાર્ય ‘હિન્દુકોડ બીલ’ અંગે કર્યું હતું. સમગ્ર ભારતનો હિન્દુ સમાજ એક જ પ્રકારની કાનુની આચારસંહિતાથી નિયંત્રિત બને તે માટે તેમણે આ બિલમાં જોગવાઈ કરી હતી. પણ આ બિલ જુદા જુદા વર્ગો અને સંપ્રદાયોના પ્રતિનિધિઓની ટૂંકી વિચારધારાને કારણે તેના પૂરા સ્વરૂપમાં તે પસાર થઈ શક્યું નહિ. ડૉ. આંબેકડર માટે આ બાબત દુઃખદ અને અપમાનજનક હતી. તેમના વ્યક્તિત્વ માટે કાયદાપ્રધાનનું પદ ઘણું નાનું હતું. છતાં તેમના ચોક્કસ ઉદ્દેશો આ પદ સાથે સંકળાયેલા હતા



જે સિધ્ધ ન થતાં તેમણે પોતાના પદેથી રાજીનામું આપી દીધું.

૧૯૫૨માં શિડ્યુલ કાસ્ટ ફેડરેશન તરફથી લોકસભાની ચૂંટણીમાં ઊભા રહ્યા. પણ તેઓનો પરાજય થયો. તેઓ રાજયસભામાં ચૂંટાયા અને ૧૯૫૩ માં છૂતાછૂત વિરોધી ધારો સંસદમાં પસાર કરાવ્યો. હિન્દધર્મની બેધારી નીતિ અને ઊંચનીચના ભેદભાવથી કંટાળીને ૧૪ ઓક્ટોબર ૧૯૫૬ના રોજ તેમણે નાગપુર ખાતે બૌધ્ધધર્મની દીક્ષા લઈ બૌધ્ધધર્મ સ્વીકાર્યો. નેપાળમાં ભરાયેલા ‘વર્લ્ડ ફેલોશિપ ઑફ બુધ્ધિસ્ટ’ના ચોથા અધિવેશનમાં ભાગ લઈ ‘બુધ્ધ અને કાર્લમાર્કસ’ શીર્ષક હેઠળ મનનીય પ્રવચન આપ્યું હતું. હિંદુ તરીક. જન્મેલો આ દલિત નેતા હિંદુ તરીકે મૃત્યુ ન પામ્યો. ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૫૬ના રોજ તેમનો આત્મા પરમાત્મામાં ભળી ગયો.

જીવન દરમ્યાન તેમણે દલિતોને પોતાના અધિકારો માટે જાગ્રત કર્યા એટલું જ નહિ પણ અધિકારો ભોગવતા શીખવાડ્યું. દલિતો પ્રત્યેની સમર્પણ ભાવનામાં તો તે અજોડ અને અદ્વિતીય હતા. પોલાદી સંકલ્પશક્તિ અને અડગ આત્મબળને કારણે દુનિયાની કોઈ તાકાત તેમને ડગાવી શકી નહીં. અસ્પૃશ્યોના લાંબા ઈતિહાસકાળમાં પ્રથમવાર જ એવો મહાપુરુષ પેદા થયો હતો કે જેની શૈક્ષણિક કારકિર્દી દેશના કોઈપણ નેતા કરતાં વિશેષ હતી. એમના મસ્તકમાં સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, તત્વજ્ઞાન, કાનૂન અને ઈતિહાસ જેવા જુદા જુદા વિષયોનું જ્ઞાન સમાયેલું હતું. એમની વિદ્વતા આશ્ચર્યજનક હતી.

એમની વિદ્વતા, વ્યક્તિત્ત્વ, ધ્યેયનિષ્ઠા અને પરિશ્રમશીલતા

એ તેમને વીસમી સદીના મહાન વિભૂતિઓમાં અગ્રીમસ્થાને અંકિત કર્યા છે. તો મુક્તિના મહાપર્વનો પડકાર ઝીલી લઈ દલિતોના તારણહાર તરીકે તેમનું જીવન સમર્પિત કરી તેઓએ વિદ્વાન, બંધારણશાસ્ત્રી, ગરીબોના ને અસ્પૃશ્યોના બેલી અને ઉધ્ધારક તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકર ભીમરાવ રામજી આંબેડકરને કોટિ કોટિ વંદન.

❖ ❖ ❖

## ૨. સ્ત્રીશિક્ષણના હિમાયતી - મહાત્મા જ્યોતિરાવ ફૂલે

લગ્નનો અવસર હતો. લગ્નમાં વ્યવસ્થા હતી. ભોજન શરૂ થવાની થોડીવાર હતી. ત્યાં જ અચાનક લોકોમાં ચર્ચા શરૂ થઈ. ધીરે ધીરે ચર્ચા ઉગ્ર બનવા લાગી. એક જણે કહ્યું : ‘બ્રાહ્મણોના લગ્નમાં માળી શાથી આવ્યો ?’ બીજો કહે, ‘આપણે માળી સાથે જમવાનું છે.’ - ત્રીજો કહે, ‘અમે અમારા ધર્મ ભ્રષ્ટ કરવા આવ્યા નથી.’ અને આમ સૌ અવાજ કરવા લાગ્યા. આગ ભભૂકી ઉઠી. પોતાના મિત્રના ઘેર લગ્નમાં આવેલા તે માળીથી પોતાનું અપમાન સહન ન થયું. તેઓ ચૂપચાપ જતા રહ્યા. પરંતુ અપમાનની આગ તેમના હૃદયમા પ્રજવળતી રહી. તેઓ વિચારવા લાગ્યા. “સમાજમાં આ ભેદભાવ શાથી? ” બધા એક જ ઈશ્વરના સંતાન કહેવાય છે છતાં આ ધૃણા શાથી ?” અને તેમણે મનમાં નક્કી કરી નાખ્યું કે, ‘જે અજ્ઞાનતાને કારણે લોકોના મનમાં ભેદભાવો જન્મયા છે, ટકી રહ્યા છે તેને દૂર કરવા જ રહ્યા.’ લગ્નમાં જનાર



અને તેના કારણે ઉદ્‌ભવેલ પરિસ્થિતિ અંગે વિચારનાર હતા જ્યોતિરાવ ફૂલે.

જ્યોતિરાવનો જન્મ ૧૧ એપ્રિલ ૧૮૨૭ માં પૂનામાં થયો હતો. તે સમયે શિક્ષણની વ્યવસ્થા ઓછી હતી છતાં પણ તેમના પિતા ગોવિંદરાવ તેમને ભણાવવા ઈચ્છતા હતા. તેમણે તેમને શાળામાં દાખલ કર્યા. પરંતુ રૂઢિવાદી વિચારો ધરાવતા લોકોએ તેનો વિરોધ કર્યો. આથી પિતાએ તેમને શાળામાંથી ઉઠાવી લીધા. ગોવિંદરાવ ફૂલોનો વ્યાપાર કરતા હતા. તેથી લોકો તેમને ફૂલે કહેતા. જ્યોતિરાવ પિતાના ધંધામાં જોડાયા. પરંતુ તેમની ભણવાની ઈચ્છા હતી તેમની પ્રતિભા જોઈને તેમના મિત્રોએ ગોવિંદરાવને કહ્યું, ‘તમે લોકોની વાતો ઉપર ધ્યાન ન આપો અને બેટાને ભણાવો.’ આથી ગોવિંદરાવને પ્રોત્સાહન મળતાં પુનઃ જ્યોતિરાવને શાળામાં મૂક્યા.

જ્યોતિરાવે ધોરણ - ૭ સુધીનું શિક્ષણ મિશનરી સ્કૂલમાં મેળવ્યું. પરંતુ પરિસ્થિતિએ તેમને સાથ ન આપ્યો. મજબૂર થઈને તેમણે શાળા છોડી. પિતાના વ્યવસાયમાં જોડાયા. તેમનું લગ્ન સાવિત્રીબા સાથે થયું. આ ગાળા દરમ્યાન તેમણે ‘આઈટ્સ ઓફ મેન’- ટોમસ પેનનું પુસ્તક વાંચ્યું. તે જ દિવસોમાં લગ્નમાં અપમાનજનક ઘટનાનો અનુભવ થયો. તેમના વિચારો નવી દિશા તરફ ખેંચાયા. તેમણે વિચાર્યું કે, “દેશમાં સમાજની અજ્ઞાનતા દૂર કરવામાં આવે તો સામાજિક સમસ્યાઓ આસાનીથી હલ થઈ શકે. જો આપણી માતાઓ - બહેનોને શિક્ષણ દ્વારા સુસંસ્કૃત બનાવવામાં

આવે તો સમાજમાં બુરાઈઓ જન્મશે જ નહી.''

પોતાના વિચારોની શરૂઆત પોતાના ઘરમાંથી કરી. પોતાના પત્ની સાવિત્રીદેવીને તેમણે શિક્ષણ આપવાનું શરૂ કર્યું બે વર્ષ સુધી તેમણે સાવિત્રીદેવીને શિક્ષણ આપ્યું. અને સાવિત્રીદેવીએ ખૂબ પરિશ્રમથી શિક્ષણ પ્રાપ્ત કર્યું. તેમણે ૧૮૪૮ માં પૂનામાં પ્રથમ કન્યાશાળા શરૂ કરી. બધાં લોકો તેમને 'જ્યોતિબા' કહેવા લાગ્યા. ભારતમાં પ્રથમ કન્યાશાળા શરૂ કરનાર તરીકે તેમણે રૂઢિવાદીઓનો વિરોધ સહન કરવો પડ્યો. પરંતુ જ્યોતિબાએ તેની કોઈ પરવાહ ન કરી. મહિલાઓને શિક્ષિત કરવાના પોતાના વ્રતને પૂર્ણ કરવા પતિ-પત્ની બંનેએ સ્ત્રી શિક્ષણના આંદોલનને આગળ વધારતા જ રહ્યા. જ્યારે લોકોને લાગ્યું કે જ્યોતિબાના વિચારો અને કાર્યોમાં સચ્ચાઈ અને ખૂબ જ દમ છે ત્યારે તેઓ તેમના કાર્યને પ્રોત્સાહિત કરવા લાગ્યા. ઘણા લોકોએ પોતાની પત્નીઓને ભણાવવાનું શરૂ કર્યું.

સ્ત્રી શિક્ષણનો પ્રચાર એટલી ઝડપે થયો કે સમાજ વિરોધી તત્ત્વો તો હક્કા બક્કા જ રહી ગયા. તેઓ સાવિત્રીદેવીને ગાળો દેવા લાગ્યા. અપમાન કરવા લાગ્યા. પરંતુ સાવિત્રીદેવી તો કોઈથી ડર્યા વિના પાઠશાળામાં જતાં અને શિક્ષણ આપતા જ રહ્યા. જ્યારે સમાજ વિરોધીઓએ જ્યોતિબાને ધમકાવ્યા ત્યારે વિરોધની સીમા વટાવાય ગઈ. પણ જ્યોતિબા ગાંઠે તેમ હતા નહિ તેથી તેમના પિતા ગોવિંદરાયને કહ્યું, ''તમારા દિકરા અને વહુએ ગામની આબરૂ ધૂળમાં મેળવી દીધી છે. જે છોકરીઓ કોઈ દિવસ બહાર નીકળતી નહતી તે હવે પાઠશાળામાં ભણી આપણો ધર્મ ભ્રષ્ટ કરી રહી છે.



આ કામ હવે અમે બહુ દિવસ જીરવી શકીશું નહીં. તમે તેમને રોકો અથવા બધા ગામ છોડીને જતાં રહો.''

ગામ લોકોનો વિરોધ વધતો ચાલ્યો. ગોવિંદરાયનું કાંઈ ચાલે તેમ હતું નહિ. તેમણે જ્યોતિરાવને સમજાવ્યા. પણ જ્યોતિરાવ માન્યા નહિ. આથી ગોવિંદરાવે વહુ અને બેટાને ઘર છોડી ચાલ્યા જવાનો હુકમ કર્યો. જ્યોતિબા તો મુસીબતો સહન કરવા ટેવાઈ ગયા હતા. ઘર છોડીને ચાલી નીકળ્યા પણ ગામના કોઈએ તેમને આશરો આપ્યો નહિ. ઘણી મુશ્કેલીએ એક મિત્રએ શરણ આપ્યું. પરંતુ હવે કમાવું પડે તેમ હતું. ઘણી મુશ્કેલીએ એક ઠેકેદારને ત્યાં કામ મળ્યું. છતાં શિક્ષણપ્રચારના કાર્યમાં કોઈ ઓછપ આવવા ન દીધી. દિવસભર મહેનત-મજૂરી કરતા અને સાંજે અભણ મજૂરોને ભણાવતા. બધાને ભણવા માટેની સાધનસામગ્રી મફત આપતા. કોઈપણ જ્ઞાતિ-જાતિનો મજૂર હોય બધાંને સાથે બેસાડીને પ્રેમથી ભણાવતા. પત્ની સાવિત્રી પણ તેમના કાર્યમાં પૂરો સહકાર આપતા.

જ્યોતિબાએ અસ્પૃશ્યો માટે એક શાળા શરૂ કરી હવે તો આગમાં ઘી પડી જવા જેવી પરિસ્થિતિ થઈ. જ્યોતિબાને સમાજ વિરોધીઓએ અપમાનિત કર્યા. પણ તે ડગ્યા નહિ. એક દિવસ એક મોચી અને એક કુંભાર તેમની હત્યા કરવા આવ્યા. જ્યોતિબાના દૃઢ મનોબળ અને પ્રખર વ્યક્તિત્ત્વથી એટલા બધા પ્રભાવિત થયા કે હત્યા કરવાને બદલે તેઓ તેમના આજીવન ભક્ત થઈ ગયા. તેઓ જ્યોતિબાની શાળામાં દાખલ થયા. શિક્ષણ મેળવ્યા

પછી તેઓએ ''સત્યશોધક સમાજવેદાચાર'' નામના સુપ્રસિધ્ધગ્રંથનું સર્જન કર્યું. તેઓ હતા નામદેવ રોડે અને ઘોધીરામે.'

જ્યોતિરાવના નિષ્ઠાવાન પ્રયત્નો અને સમર્પણને કારણે સમાજને તેઓ નવી દિશા આપી શક્યા. તેમના કાર્યો માટે બ્રિટિશ સરકારે ૧૬ નવેમ્બર ૧૮૫૨ ના રોજ તેમનું સન્માન કર્યું. જે સમાજ તેમની ઉપર થૂંકતો હતો તે સમાજના વિશાળ જનસમૂહ સમક્ષ તેમનું સન્માન થયું. પોતાના પુત્રને બહુમાન મળતાં ગોવિંદરાયનું મન ભરાઈ આવ્યું. તેમણે પુત્રના તરફ કરેલો વ્યવહાર માટે તેમને ખૂબ દુઃખ થયું. પાછળથી તેઓ જ્યોતિબા સાથે રહેવા લાગ્યા. જ્યોતિબાને તેમના સમાજે બહિષ્કૃત કર્યા હતા. ગોવંદરાયે પણ તેમની સાથે સમાજનો દંડ ભોગવવો પડ્યો. ગોવિંદરાયના મૃત્યુ પ્રસંગે તેમની અંતિમક્રિયામાં પણ તેમની જ્ઞાતિના લોકો આવ્યા નહિ.

જ્યોતિબાએ વિધવા વિવાહના સમર્થનમાં આંદોલનો ચલાવ્યા. વિધવા સ્ત્રીઓનું મુંડન કરાવવાનો વિરોધ કર્યો. નારી સમાજે તેમને અનુમોદન આપ્યું. જ્યોતિબાએ અનાથાશ્રમની સ્થાપના કરી. તેમને પોતાને કોઈ સંતાન ન હતું. તેમણે એક બાળકને દત્તક લીધો. તે પણ મોટો થઈને ડૉક્ટર બન્યો. તે પણ સમાજસેવામાં જોડાયો. જ્યોતિરાવે જાતિભેદ વિવેકસાર - બ્રાહ્મણોની ચાલાકી, 'ભગવાન પરશુરામને નોટિસ', 'કિસાન મંકોડા', 'સતસાર ૧-૨', 'સાર્વજનિક સત્યધર્મ' જેવા પુસ્તકો લખી સમાજમાં નવીચેતના ફેલાવવાનું કાર્ય કર્યું હતું. જ્યોતિરાવ કહેતા કે, 'રાજનૈતિક ગુલામી કરતાં સામાજિક ગુલામી અનેક ગણી ઘાતક અને પીડા આપનારી હોય છે.' તેમણે એક સભામાં લોકોને સમજાવતા કહ્યું કે, 'મનુષ્યની



યોગ્યતા તેની જાતિ પર નહીં પણ ગુણો પર છે.'

સ્ત્રી શિક્ષણના હિમાયતી, સ્ત્રી વિકાસના પહેરેગીર, શુદ્રોના ઉધ્ધારક, અનાથોનો સહારો એવા જ્યોતિબા ૨૮ નવે. ૧૮૯૦ ના રોજ પ્રભુને પ્યારાં થયા.

❖ ❖ ❖

## ૩. ગાંધીજીનો જીવન સંદેશ

ગાંધીજીનો આજે જન્મ દિવસ. આજથી ૧૪૦ વર્ષ પહેલાં ૦૨-૧૦-૧૮૬૯ માં તે જન્મેલા. આ દિવસને 'વિશ્વ અહિંસા દિન' તરીકે પણ ઉજવવામાં આવે છે. આ દિવસે મને કેટલાંક પ્રશ્નો થાય છે. જેમાં પ્રથમ પ્રશ્ન ગાંધીજી એટલે કોણ ? તમે તેમને ઓળખો છો ખરા ? ઓળખો તો કેવી રીતે ? ગાંધીજી એટલે પોરબંદરના કરમચંદ ગાંધી અને પૂતળીબાઈનો સૌથી નાનો - ત્રીજો દીકરો. નામ મોહનદાસ. રાજકોટના દીવાનનો દીકરો. ઈંગ્લેન્ડ જઈ બૅરિસ્ટર થયેલ વ્યક્તિ. સારા અને નીતિવાન વકીલ. દક્ષિણ આફ્રિકામાં ગોરા-કાળાના ભેદ સામે લડનારા હિન્દુસ્તાનીઓના નેતા. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રેસર, અસરકારક અને આઝાદી મેળવવામાં સિંહ હિસ્સો આપનાર નેતા. આ બધી ઓળખને આધારે આપણે ગાંધીજીને યાદ કરતા હોઈએ તો ત્યાં આપણે ગોથું ખાઈએ છીએ. આ ઓળખ સો ટકા સાચી નથી. હા, કેટલેક અંશે સાચી છે. ઉપરની ઓળખ તેમના કાર્યો થકી છે. જેમાં તેમણે સંઘર્ષ કર્યો છે અને સહન પણ કર્યું છે. પરંતુ ખૂબ જ ઊંડાણથી વિચારીએ તો દુનિયા તેમને શા માટે યાદ કરે છે અરે ! જે અંગ્રેજો

સામે - ઈંગ્લેન્ડ સામે તેઓએ લડત ઉપાડી હતી તેઓ પણ તેમને યાદ કરે છે. શા માટે ? આ અંગે વિચારો તો ખ્યાલ આવશે કે ગાંધી એટલે કોણ ?

મારી દૃષ્ટિએ ગાંધીજીની સાચી ઓળખ એટલે જીવનમાં સાચું અને સારું શીખનાર - અપનાવનાર વ્યક્તિ. સાચા અને સારા વિચારો સ્વીકારનાર, કરનાર અને જીવનમાં આચરણ કરનાર વ્યક્તિ. આનો આધાર શું ? તો તેમણે કહ્યું છે કે, ''મારું જીવન એ જ મારો સંદેશ.'' આ વાક્યને સમજીએ તો ખ્યાલ આવે છે કે તેમણે જે વિચાર કર્યા અને જેનો અમલ - આચરણ કરી પાળી બતાવ્યા - સફળતા મેળવી તેને જરૂરથી અપનાવી શકાય.

આ જ વિચાર પ્રશ્ન કરે છે કે ગાંધીજીને આપણે યાદ કરીએ તો તેમના આચરણમાં મૂકાયેલા વિચારોની સફળતાને કારણે. પણ આપણે કોણ ? સાચા અર્થમાં માણસો ખરા ? જો માણસ હોઈએ તો ગાંધીજીના જીવનમાંથી કોઈ સંદેશ મેળવ્યો ખરો ? ફક્ત સ્વતંત્ર ભારત મેળવ્યું પણ બીજું કંઈક તેમની પાસેથી મેળવ્યું ખરું ! જો વિશ્વના અન્ય દેશોના વ્યક્તિઓ તેમના વિચારોને સ્વીકારી આચરણ કરતાં હોય તો આપણું સ્થાન ક્યાં ? પ્રશ્નોના જવાબો મેળવવા જ પડે!

ગાંધીજીના જીવનનો પ્રથમ સંદેશ સારા વાચક બનો. ગાંધીજીએ જીવનમાં જે કાંઈ મેળવ્યું તે વાચનને કારણે. તેમણે નાનપણમાં 'શ્રવણ પિતૃભક્તિ' વાર્તા વાંચી. તેમાંથી માતા-પિતાની સેવા કરવી તે શીખ મેળવી અને જીવનભર તેનું આચરણ કર્યું. સાથોસાથ માતા-પિતાની આજ્ઞાઓનું પાલન પણ કર્યું. તેમના



જીવનપ્રસંગો યાદ કરીએ તો ગાંધીજી જયારે બૅરિસ્ટરનો અભ્યાસ કરવા ઈંગ્લેન્ડ જતા હતાં ત્યારે માતા પૂતળીબાઈએ ત્રણ પ્રતિજ્ઞા લેવડાવી હતી. **૧.** માંસાહાર નહીં કરું. **૨.** દારૂ નહીં પીઉં **૩.** પરસ્ત્રી ગમન નહી કરું. આ પ્રતિજ્ઞાઓએ તેમને તે કાર્યો કરતાં રોક્યા છે. તેમણે આ પ્રતિજ્ઞાઓ ફક્ત ઈંગ્લેન્ડના અભ્યાસ દરમ્યાન જ નહીં પણ જીવનભર પાળી હતી.

વિલાયતમાં અભ્યાસ દરમ્યાન અન્ય ધર્મના ધર્મગ્રંથો વાંચ્યા અને સમજયા. તેમાંથી સારી વાતો - સમાન વાતોનો સ્વીકાર કર્યો. સર્વધર્મ સન્માનની ભાવના વિકસાવી. તે ઉપરાંત તેમણે રસ્કિમનું 'અન ટુ ધી લાસ્ટ' પુસ્તક વાંચ્યું. તે પુસ્તકે તેમના પર જાદુઈ અસર કરી. તેમણે જીવન દરમ્યાન તે પુસ્તકની વિગતોને ધ્યાનમા લઈ અમલ કર્યો. આ ઉપરાંત, એડવિન આર્નેલ્ડનું 'બુધ્ધચરિત', કાર્બાઈલનું 'વીરપૂજા', ટોલેન્ટોયનું 'વૈકુંઠ તારા હૃદયમાં છે' જેવા અનેક પુસ્તકોનું અધ્યયન કરી તેમાંથી સારા વિચારો તેમણે અપનાવ્યા હતા. તેઓ સારા વાચક અને સારા અર્થગ્રાહી હતા. તેમના જીવનમાંથી બોધ લઈ આપણે સારા વાચક બનીએ. વાચક બનીએ એટલું જ નહીં પણ જે વાંચીએ તેમાંથી સારી, જીવનોપયોગી બાબતોને ગ્રહણ કરી જીવનમાં અમલમાં મૂકીએ - આચરણ કરીએ તે જરૂરી છે.

ગાંધીજી સારા નિરીક્ષક, સંવેદનશીલ, સારી બાબતોને સ્વીકારનારા હતા. તેઓ નાનપણમાં નાટકો જોતા. પણ તે સારાં હોય તે જ. નાટકો જુએ તો તેઓ તેમાં સારી બાબતો કઈ ? ખરાબ બાબતો કઈ ! તેની તપાસ કરી યોગ્ય બાબતોનો સ્વીકાર કરતા

તેઓની સંવેદનશીલતા ખૂબ હતી. નાનપણમાં જોયેલું 'હરિશ્ચન્દ્ર' નાટક તેમને ખૂબ અસર કરી ગયું. સત્યને માટે રાજગાદીનો ત્યાગ કરવા સુધી અને તેમાંથી આગળ પણ પોતે વેચાઈ જનાર હરિશ્ચન્દ્રની વાત તેમને ખૂબ ગમી. અને તેમણે સત્યનો પંથ સ્વીકારી લીધો. આપણે પણ આ નાટક અથવા ફિલ્મ જોઈ હશે ! આપણા ઉપર શી અસર થઈ ? વિચારવા જેવું છે. આપણે ગાંધીજીને અનુસરીએ તો કેવું સરસ વિશ્વ જન્મે.

ગાંધીજીના જીવનમાંથી અનુસરવા જેવી બાબત <u>'પ્રાયશ્ચિત'</u> ની છે. જ્યારે તેમના ભાઈને દેવું થઈ ગયું. તે ચૂકવવા માટે બન્ને ભાઈઓએ વિચારણા કરી ભાઈના સોનાના કડામાંથી એક ટુકડો કાપી દેવુ ચૂકતે કર્યું. પણ 'ચોરી ન કરવી જોઈએ' તેવું તેમને ખ્યાલ હતો. આથી ચોરી કર્યા પછી તેમણે પિતાને ચિઠ્ઠી લખી. ચોરીની કબૂલાત કરી. શિક્ષા કરે તે ભોગવવા માટેની તૈયારી બતાવી. પિતાને ચિઠ્ઠી આપી. પિતા ચિઠ્ઠી હાથમાં લઈ વાંચવા લાગ્યા. વાંચતા વાંચતા પિતાની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા. પિતાની આંખના આંસુએ ગાંધીજીમાં પરિવર્તનનો પવન ફૂંક્યો; ચોરી ન કરવાની પ્રેરણા આપી. જીવનભર આ સદ્ગુણને તેમણે અમલમાં મૂક્યો. આપણે પણ આપણા જીવનમા કોઈકવાર ખોટું કાર્ય કરી બેસીએ તો તેનો પસ્તાવો કરી માફી માગવી જોઈએ.

તેમની આત્મકથામાં લખાયેલો પ્રસંગ તો આપણને યાદ જ હોય ને ! શાળામાં ઈન્સ્પેકશન હતું. ઈન્સ્પેકટરે શબ્દો લખાવ્યા. શિક્ષક વર્ગમાં નિરીક્ષણ કરતા હતા. ગાંધીજીની એક શબ્દ જોડણી ખોટી હતી. શિક્ષકે ઈશારો કર્યો, બુટની અણી પગ પર દબાવી.



બીજા વિદ્યાર્થીનામાં જોઈ શબ્દ સુધારવા કહ્યું. પણ ગાંધીજીનો ચોરી ન કરવાના ઈરાદો એટલે વાતમાં સમજ્યા નહિ. શિક્ષકે છેવટે ઈન્સ્પેકટરના ગયા પછી ઠપકો આપ્યો... કેવો શિક્ષક ? ચોરી કરાવે તે શિક્ષક કેટલી ચોરી કરી શકે ? તે અંગે વિચારવું રહ્યું. આપણું સારું બતાવવા ખરાબ માર્ગ અનુસરવો કેટલે અંશે યોગ્ય ?

ગાંધીજી <u>પ્રતિજ્ઞાપાલક</u> હતા. તેઓને જ્યારે આગળ અભ્યાસ કરવા વિદેશમાં જવાનું હતું. ત્યારે માતા પૂતળીબાઈને દહેશત હતી કે આ છોકરો વિદેશમાં જઈને ખરાબ રસ્તે ચડી જશે ! ગાંધીજીને ખ્યાલ આવતાં તેમણે માતા આગળ ત્રણ પ્રતિજ્ઞા લીધી. દારૂ પીઈશ નહીં, માંસ ખાઈશ નહીં, પરસ્ત્રીને મા-બહેન ગણીશ. પ્રતિજ્ઞા લીધા બાદ તેમણે જીવનભર તેનું પાલન કર્યું. માતા તો ભારતમાં હતી, પણ છતાં માતાને હૃદયમાં રાખી તેમણે પ્રતિજ્ઞાનું પાલન કર્યું. આજે આપણે પણ આ રીતે માતા-પિતાના વચનોમાં વિશ્વાસ રાખી. આપણામાં તેમનો વિશ્વાસ વધારીએ તો કેવું ઉજળું ભવિષ્ય પામી શકીએ.

ગાંધીજીએ જીવનમાં <u>જરૂરિયાત જેટલો ઉપયોગ</u> કોઈપણ વસ્તુનો કરવો તેવું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. સવારે ઊઠી જ્યારે તે મોં સાફ કરવા દાતણ કરવા ફક્ત એક લોટી જ પાણી વાપરતા. એક આશ્રમવાસીએ કહ્યું, 'બાપુ, સાબરમતી અહીંથી વહે છે અને આટલા જ પાણીએ દાતણ કરો છો.' ગાંધીજીએ કહ્યું, 'સાબરમતીનું પાણી સર્વ માટે છે. મારે મારી જરૂરીયાત પૂરતું જ તેમાંથી વાપરવાનો અધિકાર છે.' આ બાબત તેમના જીવનમા બીજા પાસામાંથી પણ જોઈ શકાય છે. આપણે પણ વસ્તુનો જેટલી

જરૂરીયાત હોય તેટલો જ ઉપયોગ કરીએ અને બીજાના માટે તે ઉપયોગી બને તેવું વિચારીએ તો બધાંને વસ્તુની અછત રહે નહિ. બિનજરૂરી વસ્તુઓનો સંગ્રહ કરવાનું ટાળીએ તે પણ જરૂરી જ છે. ગાંધીજી બીજાઓનો વિચાર કરતા અને બીજા માટે કંઈક કરવું તેવું વિચારતા હતા. ગાંધીજીના અનેક પ્રસંગો આ બાબતે સાક્ષી પૂરે છે. દક્ષિણ આફ્રિકાના રહેઠાણ દરમ્યાન તેમણે કાળા લોકોમાંના અન્યાયી કાયદા માટે તેઓ લડતા રહ્યા. ભારતમાં આવીને ભારતના મજૂરો, ખેડૂતો, ગરીબો અને સ્વતંત્રતા માટે અંગ્રેજો સામે લડત ચલાવી. અન્ય માટે જીવન અર્પણ કરી દીધું. છતાં છેવટે કોઈ સ્વાર્થ રાખ્યો નહિ. અરે ! તેમના કુટુંબમાંથી પણ કોઈને રાજકારણમાં લાવ્યા નહીં કે કોઈ પદ પર બેસાડ્યા નહિ.

સારો નેતા તે છે જે પ્રજાને અનુસરે. પ્રજાને અનુરૂપ જીવન જીવે. ગાંધીજીનો પહેરવેશ બદલાતો રહ્યો છે ? શાથી ? વિચારજો. બેરિસ્ટર થયા ત્યારે કોટ, પાટલૂન, ટાઈ, ટોપો (પરદેશી ઢબનો પોશાક) પહેરતાં. પણ આફ્રિકામાં સત્યાગ્રહ શરૂ કરતાં તેમણે ગરીબ હિંદી મજૂરોનો પોશાક લુંગી-પહેરણ પહેરવાનો શરૂ કર્યો. ભારત આગમન સમયે કાઠિયાવાડી પોશાક ધોતિયું, અંગરખું, ખેંસ, ફેંટો ધારણ કરીને આવ્યા.ભારતમાં આવ્યા બાદ ખાદી પહેરવાની શરૂ કરી. અને ચંપારણ્ય સત્યાગ્રહ શરૂ કરતાં બિહારના લોકોની ગરીબી જોઈ, કપડાંવિહિન સ્ત્રીઓની મુશ્કેલી જોઈ અને જીવનભર એકજ કપડું પહેરવાનું શરૂ કર્યું. પોતડી પહેરીને ઈંગ્લેન્ડ ગયા. ભારતના ગરીબોના ઉધ્ધાર માટે ઝઝૂમતા રહ્યા. મહેલોમાં રહેનારે ઝૂંપડીમાં નિવાસ કર્યો. સાચો નેતા તે છે જે પ્રજાની મુશ્કેલીઓને સમજે. અને તેને દૂર કરવા વિચારે. પ્રયાસ કરે. જેણે નેતા બનવું હોય તેણે



આ વાતો સ્વીકારવી જ રહી.

ગાંધીજીના જીવનમાંથી શીખવા જેવું તે છે કે ખોટી બાબતો, અન્યાયોનો વિરોધ કરો પણ અન્યને નુકશાન ન થાય તે રીતે. સ્વાતંત્ર્યની લડતોનો અભ્યાસ કરીએ તો આ બાબત તરી આવે છે. અસહકાર પણ કેવો અન્યાય સામે અસહકાર, સવિનય કાનૂન ભંગ પણ અન્યાયી કાયદા સામેનો ભંગ તે પણ વિનય સાથે. અંગ્રેજ સૈનિકોની લાઠીઓ ખાવાની પણ સામનો નહીં કરવાનો. અહિંસક લડત. સત્યના પાયા ઉપર રચાયેલી લડત. જ્યાં ખોટું લાગે, અન્યાય લાગે ત્યાં વિરોધ કરતાં પણ પ્રથમથી જણાવીને જ. આ રીતે સ્વતંત્રતા મેળનાર પ્રથમ દેશ ભારત છે. આજે પણ અન્યાયો તો થવાના. અયોગ્ય કામો થવાનાં. ત્યારે હડતાલો, બસો બાળી મૂકીને, રેલ્વેના પાટા ઉખાડી નાખીને, જેવી બાબતોને બદલે ગાંધી રાહે વિરોધ કરવો જોઈએ જેથી દેશને નુકશાન ન જાય. જેને નુકશાન કરીએ છીએ તે આપણું જ છે. આપણા જ પૈસામાંથી વસાવેલું છે. આ બાબતને સમજવા જેવું છે. ગાંધીજી જેવા બહુ ઓછા નેતા છે કે જેમણે ગાંઠનું ગોપીચંદન વાપરી દેશ સેવા કરતાં હોય ! તેઓ તો આપણા પૈસે લ્હેર કરવા, સત્તા માટે પડાપડી કરે છે.

ગાંધીજી આત્મપરીક્ષણ કરી સૌના કલ્યાણની વિચારણા કરતા. પોતાનામાં કોઈ ખામી પ્રવેશે નહિ, સ્વાર્થ પ્રવેશે નહિ તેની તેઓએ સતત મૂલ્યાંકન કર્યું હતું. જ્યારે દેશ અને વિશ્વના કલ્યાણ માટે પણ તેઓ પ્રયાસ કરતા રહ્યા હતા. આમ ગાંધીજીમાં સૂક્ષ્મતા એટલે કે માઈક્રોસ્કોપ વૃત્તિ હતી જ્યારે સામે પક્ષે ટેલિસ્કોપ એટલે કે વિશાળતા - દૂરદર્શિતાની વૃત્તિ પણ હતી. આમ ગાંધીજીનું જીવન

સૂક્ષ્મતાની સાથોસાથ વિશાળતા ધરાવતું હતું. તેઓનામાં સંકુચિતતા નહોતી. આપણે પણ આપણા જીવનનું આત્મપરીક્ષણ કરી ખામીઓ સુધારતાં રહી સૌના કલ્યાણ માટે પ્રયાસો કરવા જોઈએ.

ગાંધીજી પરિશ્રમી હતા. તેઓ બેરિસ્ટર થયેલા હોવા છતાં બધાં જ પ્રકારના કાર્યો કરતા. મજૂરીને લગતાં કાર્યો કરવામાં પણ તેમને નાનમ નહોતી. આશ્રમી જીવન સ્વીકારતાં તેઓ રસોડામાં પણ કામ કરતા અને જાજરૂ સફાઈ પણ કરતા. પીરસવાનું કાર્ય કરતા તો શિક્ષણ આપવાનું કામ પણ કરતા. પોતે કાંતેલી ખાદી જ પહેરતા. એક કલાકમાં ૧૬૦ તાર કાંતતા. એકવાર એક વકીલ મળવા આવ્યા. ગાંધીજી ચોખા વીણતા હતા. વકીલને ચોખા વીણવા કહ્યું. વકીલ તો આભા જ બની ગયા. ગાંધીજીની જેમ આપણે પણ કોઈપણ કામને નાનું ન સમજી, પરિશ્રમ તરફી બનીએ તો જીવનમાં બેકારીની નોબત આવે જ નહિ. પેટ પૂરતું તો કમાઈ જ શકીએ. બુધ્ધિપૂર્વકનો પરિશ્રમ વ્યક્તિનો વિકાસ કરે છે. તે સમજવાની જરૂર છે જ.

ગાંધીજી સત્ય અને અહિંસાના પાલક હતા. તેમણે જીવનભર સત્ય અને અહિંસાનું પાલન કર્યું છે. ખરેખર સરદારે એકવાર જેલમાં સાથે હતા ત્યારે ગાંધીજીના અહિંસા પાલનનો વ્યવહાર જોઈને તેઓ આશ્ચર્ય પામ્યા હતા. સૂક્ષ્મ અહિંસા પણ ન થાય તેની તેઓ સતત કાળજી રાખતા હતા. સત્યને જ પરમેશ્વર માનનાર ગાંધીજીએ જીવનભર સત્ય માટે ઝઝૂમ્યા, સત્યના પ્રયોગો કર્યા. આપણે પણ અસત્ય અને હિંસાનો ત્યાગ કરવો જોઈએ.

ગાંધીજીના જીવનમાંથી અનેક બાબતો શીખવા જેવી છે. થોડી



ઘણી જ વાતો અહીં કરી છે. જેમ જેમ તમે ગાંધીજી વિશે વાંચતા થશો તેમ તેમ તમને તેનો ખ્યાલ આવશે. આપણે ગાંધીજીના જીવનમાંથી એકાદ બે બાબતો પણ અમલમાં મૂકીએ તો પણ આપણું જીવન સારું, બહેતર બને તેમ છે. અમલમાં મૂકી જોશો તો અહેસાસ થશે જ.

❖ ❖ ❖

## ૪. આધુનિક ભારતના ઘડવૈયા - જવાહરલાલ નહેરુ

ભારતનો ઈતિહાસ અનેક ત્યાગી, વિદ્વાન, વિચક્ષણ અને મહાન માનવરત્નોથી ભરેલો છે. આવા માનવરત્નોમાંનું એક રત્ન હતું - જવાહરલાલ નહેરુ. તેમનો જન્મ ઈ.સ. ૧૮૮૯ ની ૧૪ મી નવેમ્બરના રોજ માતા સ્વરૂપરાણીની કૂખે અલ્હાબાદમાં થયો હતો. જવાહરજી અનેક ચડતી-પડતી નિહાળનાર કુટુંબના બાળ હતાં. બાળપણથી જ કલ્પનાશીલ, લાગણીશીલ નહેરુ ટી.બ્રુક્સ નામના ગુરુજનથી પ્રભાવિત થયા હતા. નાનપણથી જ ગૅરી બાલ્ડીનું જીવનચરિત્ર વાંચતા તેમનામાં સ્વતંત્રતાની ભાવના જાગી. લંડનની ફેબિયન સોસાયટી દ્વારા એમને સમાજવાદી વિચારસરણીમાં રસ પડ્યો હતો. ઈ.સ. ૧૯૧૨ માં બેરિસ્ટરની ડીગ્રી મેળવી ઈંગ્લેન્ડથી ભારત આવ્યા.

ભારત અંગ્રેજોની ગુલામીમા સબડતો દેશ હતો. નવજાગૃતિ અને સુધારણા આંદોલનોને કારણે ભારતમાં પણ જાગૃતિની ઉષા પ્રગટી રહી હતી. ૧૮૮૫માં સ્થપાયેલી રાષ્ટ્રીય મહાસભાએ

સ્વાતંત્ર્ય માટેની મથામણ શરૂ કરી હતી. સુરેન્દ્રનાથ બેનરજી, વ્યોમેશચંદ્ર બેનરજી, ગોખલે, લાલ, બાલ અને પાલ જેવા અનેક દેશભક્તોએ સ્વાતંત્ર્ય માટે આંદોલનો શરૂ કર્યા હતા. ક્રાંતિકારી ચળવળો પણ થઈ રહી હતી. જવાહરલાલ એનીબેસન્ટ અને ટિળકના હોમરૂલ આંદોલનથી પ્રભાવિત થયા. ઈ.સ. ૧૯૧૫માં ગાંધીજી આફ્રિકાથી ભારત આવ્યા. સ્વાતંત્ર્યની ચળવળમાં ગાંધીજીએ ઝુકાવ્યું. જવાહરલાલ અને ગાંધીજીનો સમાગમ થયો. તેમણે પોતાની ધીકતી વકીલાત છોડી સ્વાતંત્ર્ય યજ્ઞમાં ઝૂકાવ્યું. સ્વાતંત્ર્યની લડતોમાં અગ્રેસર રહ્યા અનેક વખત જેલમાં ગયા. કોંગ્રેસના વિવિધ હોદ્દાઓ ઉપર રહીને સતત સ્વાતંત્ર્યની આલબેલ વગાડતા રહ્યા. અનેક કષ્ટો અને તપસ્યા પછી ઈ.સ. ૧૯૪૭ ની ૧૫ મી ઑગસ્ટે ભારતને આઝાદી પ્રાપ્ત થઈ. આઝાદી મેળવવામાં જવાહરલાલનો સિંહ ફાળો હતો.

ભારતમાં આઝાદીનો દીપક પ્રગટતા જવાહરલાલ નહેરુ ભારતરથના પ્રથમ સારથિ બન્યા અને તેઓ ભારતીય વિકાસરથના પ્રથમ છડીદાર પણ બન્યા. છેલ્લા ૨૦૦ વર્ષથી ગુલામી નીચે કચડાયેલી પ્રજાનું માનસ અંધકારના મહાસાગરમાં ડૂબેલું હતું. અજ્ઞાનતા, અંધશ્રદ્ધા અને ધર્મની દંતલીલા વચ્ચે ભારતીય સમાજજીવન ગૂંગળાઈ રહ્યું હતું. ધાર્મિક ઝનૂન અને કોમવાદી રાક્ષસની અગ્નિ ભારતમાતાને ભરખી જવા મથી રહ્યો હતો. અંગ્રેજોએ આર્થિક શોષણ કરી ભારતમાતાના શરીરમાં લોહીનું એક ટીપુંય રહેવા દીધું નહોતું. કરોડોની સંખ્યામાં લોકો ભૂખે મરતા હતા. ભારતમાં અનાજની તંગી હતી તેવા સમયે ભારતીય પ્રજાને સાચું માર્ગદર્શન અને વિકાસ માટે જે ભગીરથકાર્ય જવાહરલાલજીએ



કહ્યું હતું તે ભાગ્યે જ બીજી કોઈ વ્યક્તિ કરી શકી હોત !

ભારતને સ્વતંત્રતા મળી ત્યારે તે સિધ્ધિ લોહીથી ખરડાયેલી હતી. ભારતના ભાગલા થતાં પાકિસ્તાનમાંથી '૭૨લાખ નિર્વાસિતો' ભારતમાં આવ્યા હતા. ગમે તેવી સરકારના પાયા હચમચાવી નાખે તેવી આ સમસ્યાને નિવારવાનું કાર્ય સહેલું નહોતું. નહેરુજીએ કુનેહ અને ધીરજપૂર્વક આ સમસ્યા નિવારવામાં અદ્ભુત નેતૃત્ત્વ દાખવ્યું તે વિરલ ગણી શકાય તેવું હતું.

કોમવાદ સામે અખંડ અને અવિરત સંગ્રામ ચલાવીને તેમણે બિનસાંપ્રદાયિકતાની પ્રતિષ્ઠા કરવાનો મહાપુરુષાર્ણ કર્યો હતો. આ સમસ્યાની સાથોસાથ ૫૬૨ જેટલા દેશીરાજાઓ સામે પડ્યા હતા. ભારતની એકતા અને અખંડિતતા માટે તેમના રાજયો ભારતસંઘ સાથે જોડાવવાની કામગીરી તેમણે સરદાર પટેલ જેવા દૂરંદેશી અને લોખંડી પુરુષને સોંપી તેમાં જ તેમની વિચક્ષણતાના દર્શન થાય છે. સરદાર પટેલે સામ, દામ, દંડ અને ભેદની રાજનીતિનો સિધ્ધાંત વ્યવહારમાં અપનાવીને દેશી રાજયોના પ્રશ્નનું નિરાકરણ ખૂબ જ સરળતાથી કર્યું હતું. સંઘર્ષના સમયે દેશની પ્રજામાં વિશ્વાસ, શાંતિ, સ્થિરતા સ્થાપવાની સૂઝ, સમજ અને કુશળતા જવાહરજીમાં હતી તેનો ખ્યાલ આવે છે.

દેશમાં રાષ્ટ્રીય શાંતિ, સલામતી, સ્થિરતા અને એકતાનું ભાવાવરણ રચાતાં તેમણે રાષ્ટ્રને વિકાસ તરફ વાળવાનું કાર્ય શરૂ કર્યું. ભારતીય પ્રજામાં શ્રમનું મહત્ત્વ જગાવી, ભારતીય યુવાનોમાં શક્તિનો સ્ત્રોત્ર જાગૃત કરી, 'આરામ-હરામ હૈ'નું સૂત્ર આપી,

ભારતીય યૌવનમાં તેમણે ચેતના જાગૃત કરી હતી. અક્ષરજ્ઞાન અને નિરક્ષરતા નિવારણના કાર્યક્રમો દ્વારા જ્ઞાનનો દીપ પ્રગટાવ્યો હતો.

સ્વતંત્ર ભારતના ઘડતરમાં નહેરુનું સૌથી મહત્ત્વનું પ્રદાન તે સંસદીય લોકશાહી છે. આપણા દેશમાં વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ યોજાય છે. તેમાં પુખ્તવયની વ્યક્તિઓ મતાધિકાર ભોગવે છે. નાગરિકો પોતાના મતના શસ્ત્રથી, પોતાના વિચારોનો રાજ્ય પાસે સ્વીકાર કરાવી, પોતાના હિતોના રક્ષણ માટે સત્તાનો ઉપયોગ કરી શકે છે. મતાધિકારથી લોકોમાં જાગૃતિ, સમાનતા, સ્વમાનની ભાવના અને આત્મવિશ્વાસ ઊભો થયો છે. આ સર્વે નહેરુજીને આભારી છે. લોકશાહીને સંસ્થાગત સ્વરૂપ આપવા માટે નહેરુજીએ શક્ય તેટલા પ્રયત્નો કર્યા. તેઓની પ્રતિભા આગળ હતી. તેઓ કંઈપણ નિર્ણય કરે તેને પડકારવાની ૧૯૫૨ પછી પક્ષમાં કોઈની બૌધ્ધિક ક્ષમતા નહતી. તેમ છતાં નહેરુજીએ પોતાની પ્રતિભાનો, પોતાના અહ્મને સંતોષવા લાભ ન ઉઠાવતાં તેમણે સંયુક્ત નિર્ણય લેવાની પ્રથા અને પ્રક્રિયા પર ભાર મૂક્યો હતો. જરૂરી સમિતિઓની રચના થાય, બધામાં વારંવાર વિચારોની આપ-લે થાય તેવી કાર્યવાહી ઊભી કરી, સંસદનો એમણે હંમેશા આદર કર્યો હતો. સ્પીકરના માન અને મોભો જળવાઈ રહે તે માટે તેઓ સતત જાગ્રત રહેતા. પ્રશ્નોત્તરી સમયે તેઓ સદા સંસદમાં હાજર રહેતા. જરૂરી વિષયોની ચર્ચામાં તૈયારી કરી તેઓ ભાગ લેતા કે જેથી સંસદની કાર્યવાહી જીવંત રહે. રાજ્યના મુખ્ય પ્રધાનોને સતત દોરવણી આપતા. રાજયકક્ષાએ કેબિનેટ સંયુક્ત જવાબદારીપૂર્વક ચાલે અને સંયુક્ત નિર્ણયોની પ્રક્રિયા સંસ્થાગત



સ્વરૂપ ધારણ કરે તે માટે તેઓ કાળજી રાખતા. નહેરુજીએ નૈતિક ઉપદેશ - સલાહસૂચનો આપી, પોતાના આચરણથી સંસદીય લોકશાહીનું ભારતમાં ઘડતર કર્યું હતું.

ભારતને 'બિનસાંપ્રદાયિક રાજ્ય' બનાવવામાં નહેરુએ અગ્રીમ ભૂમિકા ભજવી હતી. નહેરુ વ્યક્તિગત રીતે નાસ્તિક ન હતા, પણ તેઓ અજ્ઞેયવાદી હતા. તેઓએ ધર્મના બે ભાગ પાડ્યા હતા. એક તો વ્યક્તિગત માન્યતા અંગેનો ધર્મ અને બીજો સંગઠિત - સાંપ્રદાયિક ધર્મ. નહેરુ સંગઠિત - સાંપ્રદાયિક ધર્મના વિરોધી હતા. ધર્મના સિધ્ધાંતો આધુનિક સમાજની પ્રગતિ માટે વિઘ્નરૂપ અને સ્થાપિત હિત બને તે યોગ્ય ન ગણાય. આ વિચારધારાને કારણે રાજ્ય ધર્મથી પર હોવું જોઈએ. આધુનિક રાજ્ય કોઈ એક ધર્મના સિધ્ધાંતો પર વિકસી શકે નહિ. કોઈ એક ધર્મ રાજ્યનો પાયો બની શકે નહીં. તેવું નહેરુ દૃઢપણે માનતા હતા. ભારત પચરંગી પ્રજાનો દેશ છે. જ્યાં અનેક નાના મોટા ધર્મ અને ભાષાઓ છે. આવા સમાજમાં લઘુમતી કોમની રાજ્યે ખાસ કાળજી રાખવી જોઈએ. જો લઘુમતીઓને સલામતી ન મળે અને તેમને તેમની સંસ્કૃતિના રક્ષણની ખાતરી ન હોય તો દેશમાં ભયનું વાતાવરણ ફેલાય અને લઘુમતીઓમાં આ રાષ્ટ્ર માટે પોતાપણાની લાગણી પેદા ન થાય, તે આ રાષ્ટ્રની અખંડિતતા માટે ભયજનક છે. જે રાષ્ટ્રમાં લોકસમૂહો ભયભીત રીતે જીવે તે રાષ્ટ્રનો વિકાસ થઈ શકે નહીં. તેથી જ બંધારણમાં લઘુમતીઓને સલામતી અને વિકાસની સમાન તકોની ખાતરી આપવામાં આવી.

એકબાજુ વ્યક્તિગત રીતે નહેરુ કોઈપણ ધર્મના વિરોધી હતા.

તેમ છતાં તેઓ સ્વીકારતા પણ હતા કે ધર્મ ભારતના સામાજિક - સાંસ્કૃતિક જીવનનું મહત્ત્વનું અંગ છે. રાજયને પોતાનો કોઈ ધર્મ નથી પણ તે સાથે બહુમતી લઘુમતીને ભયજનક સ્થિતિમાં ન મૂકે તે જોવાની ફરજ રાજયની છે. રાજય ધર્મની બાબતમાં હસ્તક્ષેપ ન કરે તે સિધ્ધાંતનો સ્વીકાર કર્યો પણ જો ધાર્મિક માન્યતાઓને કારણે સમાજના બંધનો રાજયે સ્વીકારેલા સિધ્ધાંતો અને મૂલ્યોનું ખંડન કરે તો રાજયે સંરક્ષણાત્મક અને હકારાત્મક પગલાં લેવા પડે. મૂલ્યો અને નીતિનિયમો આધ્યાત્મિક અને હકારાત્મક સિધ્ધાંતો પર નહી, પણ તત્કાલીન સમાજના સદંર્ભમા જ ઘડાય તે મુદ્દો નહેરુ માટે મુખ્ય હતો.

સ્ત્રીની કચડાયેલી સ્થિતિને દૂર કરવા હિન્દુ કોડ બીલ લાવવામાં નહેરુએ અંગત રસ લીધો હતો. આ બીલને કારણે હિન્દુ નારીને મિલકતમાં કેટલાંક અધિકારો મળ્યા. કોંગ્રેસની અંદરના રૂઢિચુસ્તોને કારણે નહેરુને આ બીલમાં ઘણી બાંધછોડ કરવી પડી. તે જ રીતે જ્ઞાતિપ્રથા લોકશાહી માટે હાનિકારક છે તેવું તે માનતા હતા. અસ્પૃશ્યતા જ્ઞાતિપ્રથાને કારણે છે. જ્ઞાતિપ્રથા આધારિત બધાં જ ભેદભાવો નષ્ટ કરવા તેઓએ પ્રયાસો કરેલા. પુખ્ત મતાધિકાર, સંસદીય લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા પંડિત નહેરુની આધુનિક ભારતને દેન છે. આ ત્રણ સસ્તી લોકપ્રિયતા મેળવવાના કીમીયાઓ ન હતાં. જયારે આ સિધ્ધાંતોને બંધારણ દ્વારા વાસ્તવિક સ્વરૂપ અપાયું ત્યારે તે સામે પ્રવાહે તરવાનું હતું. નહેરુ માનતા હતા કે લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા અવિભાજય અંગ છે. એકના વગર બીજું ટકી શકે નહીં. આ બન્ને બાબતો ભારતની પ્રગતિ માટે અતિ



આવશ્યક છે.

જે દેશમાં ગુલામી અને નોકરશાહી માનસ કેળવાયેલું હતું. વિશાળ દેશમાં એકતા જાળવવાનું ખૂબ મુશ્કેલ હતું. બબ્બે સદીથી અંગ્રેજોએ જેને લૂંટ્યો હતો તે ભારત દેશ ઑક્સિજન પર જીવતો હતો. તે માત્ર હાડચામનું ખોખું જ હતું. તેની સ્થિતિ ચુસાયેલા ગોટલા જેવી હતી. તેની કાયાપલટ કરવાનું ભગીરથ કાર્યની પહેલ નહેરુએ કરી હતી. દેશની આર્થિક હાલત સુધરે તો જ જનતા સુખી થાય તેવા ખ્યાલ સાથે તેમણે સોવિયેત સંઘનો રાહ લઈ પંચવર્ષીય યોજનાઓઓ અમલ કર્યો. તેમણે પંચવર્ષીય યોજનમાં ભારતને કૃષિક્ષેત્રે સ્વાવલંબી બનાવી ઉદ્યોગક્ષેત્રે વિકાસ કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો હતો.

ભારત અન્નક્ષેત્રે સ્વાવલંબી બને તે માટે તેમણે પ્રથમ પંચવર્ષીય યોજના કૃષિલક્ષી બનાવી હતી. બીજી બાજુ ભારતીય ઉદ્યોગોના વિકાસ માટે તેમણે બીજી પંચવર્ષીય યોજનાને ઉદ્યોગલક્ષી બનાવી હતી. મોટાપાયાના ઉદ્યોગોને આર્થિક સહાય અને ટેકનીકલ સૂઝ મળી રહે તેવા પ્રયાસો પણ તેમણે કર્યા હતા. લોખંડ, પોલાદ, કોલસો, કાપડ વગેરે પાયાના ઉદ્યોગોના વિકાસ માટે જવાહરલાલ મંડી પડ્યા હતા. મોટા યંત્રો અને જરૂરી ઔદ્યોગિક સાધનોનું ભારતમાં જ ઉત્પાદન થાય તેવા પ્રયાસો કર્યાં. ભારતીય યુવાનોને જાપાન, જર્મન અને બ્રિટનમાં તાલીમ માટે પણ મોકલ્યા. જરૂર પડે વિદેશી નિષ્ણાતોને ભારતમાં આમંત્રીને તેમની આવડત અને સૂઝનો ઉપયોગ ઉદ્યોગોના વિકાસમાં કર્યો હતો.

તેમના શાસનકાળમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગથી નવાં નવાં ઉદ્યોગો શરૂ થયા. આજે ભારતની ગણના ઔદ્યોગિક દૃષ્ટિએ પ્રગતિશીલ રાષ્ટ્ર તરીકે થાય છે. ઉદ્યોગો પ્રજાના હાથમાં રહે અને નફાખોરોના હાથમાં ન પડે એ માટે એમણે એવા ઉદ્યોગો રાજ્યહસ્તક રાખ્યા હતાં. જેથી તેની આવક દરેક ભારતીયને મળે. ઉદ્યોગોની સાથે સાથે તેમણે ખેતીના વિકાસ માટે મોટી સિંચાઈ યોજનાઓ તથા જળવિદ્યુત, કૃષિવિજ્ઞાન અને ખેત ઉત્પાદનની નવતર ટેકનોલોજી વિકસાવી હતી. હરિયાળી ક્રાંતિના બીજ નહેરૂના શાસનકાળમાં જ નંખાયા હતા આટલા વિશાળ અને વિવિધતાવાળા સ્વતંત્ર ભારતના આર્થિક આયોજનને પ્રજાની સ્વતંત્રતા, લોકશાહી અને વ્યક્તિત્વને જરાય આંચ આવવા દીધા વિના કોઈ પ્રકારના જોર જૂલમ કે દબાણ વિના નહેરુએ પોતાની ઊંડી સૂઝ, સમજ અને દૃષ્ટિથી અમલ કરી ભારતની કાયાપલટ કરી. ભારતને આર્થિક સધ્ધરતા અર્પવામાં તેમનો ફાળો મહત્ત્વનો છે. દેશમાં ટાંકણી નહોતી બનતી તેના સ્થાને વિજ્ઞાન - ટેકનોલોજી ક્ષેત્રે અનેકવિધ પ્રગતિ સાધી વિશ્વમાં ઉન્નત મસ્તકે ભારતને ઉભો રાખવામાં નહેરુનો ફાળો અનન્ય છે.

નહેરુએ વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને મહત્ત્વ આપી, તેના દ્વારા સમાજ અને દેશની કાયાપલટ કરવામાં પાયાની ઈંટનું કાર્ય કર્યું હતું. એમની પ્રેરણાથી દેશમાં અનેક પ્રયોગશાળાઓ, સંશોધન સંસ્થાઓ, પોલીટેકનીકો વગેરેનું નિર્માણ થયું હતું. દેશના ટોચના વૈજ્ઞાનિકોને તેમણે ખૂબ જ આદર આપ્યો હતો. એટલું જ નહિ વિજ્ઞાન તેમજ વૈજ્ઞાનિક સંસ્થાઓના વિકાસ માટે તેમણે છૂટો



દોર મૂક્યો હતો. અણુશક્તિ, ભારે ઉદ્યોગો અને વૈજ્ઞાનિક ક્ષેત્રે જે કોઈ વિકાસ થયો એ નહેરુને આભારી હતો. દેશના પ્રથમ અણુવિદ્યુત મથક અપ્સરા રિએકટરનું નિર્માણ નહેરુના જીવનકાળ દરમ્યાન જ થયું હતું. પ્રયોગશાળાઓ,સંશોધન સંસ્થાઓ તેમજ વિજ્ઞાનનો ઉપયોગ કરી બંધાતી નાની મોટી સિંચાઈ યોજનાઓ, બંધો અને જાહેરક્ષત્રના અનેકવિધ જંગી એકમોને નહેરુએ યોગ્ય રીતે જ નૂતન ભારતના યાત્રાધામ તરીકે નવાજ્યા હતા.

વિજ્ઞાનક્ષેત્રે નહેરુની દૃષ્ટિ ભારત અને એની સમસ્યાઓ પૂરતી સીમિત નહોતી. અણુબોમ્બ - અણુશક્તિનો ઉપયોગ વગેરે વિષયો વિશે તેઓ વિશ્વના વૈજ્ઞાનિકોના સંપર્કમાં રહેતા. એમના પ્રત્યેક વિદેશ પ્રવાસ દરમ્યાન પશ્ચિમના ટોચના વૈજ્ઞાનિકો - લેખકો - બૌધ્ધિકો સાથે વિચાર - વિમર્શ કરી, વિશ્વ શાંતિનો નાદ તેમણે જગાવ્યો હતો. તેઓ કહેતા કે, “નવા યુગ દરમ્યાન વૈજ્ઞાનિકોએ એવી સરળ ટેકનોલોજી પ્રક્રિયાઓને ઉત્તેજન આપવું જોઈએ કે જેના ઉપયોગથી ગ્રામીણ પ્રજાનું જીવનધોરણ સુધરે. આધુનિક ટેકનોલોજી - ટેકનિક ગામડામાં પહોંચે ત્યારે જ ભારતે ટેકનોલોજીકલ જગતમાં પ્રવેશ કર્યો છે તેમ કહી શકાય.” નહેરુજીના ૧૭ વર્ષના સુકાન દરમ્યાન જે વૈજ્ઞાનિક વિકાસ થયો તેના પરિણામે ભારત વૈજ્ઞાનિકો અને ટેકનોલોજીસ્ટોના સંખ્યાબળમાં અમેરિકા અને રશિયા પછી સમગ્ર વિશ્વમાં ત્રીજું સ્થાન ધરાવે છે. દેશમાં આજે યુનિવર્સિટીઓ, ઉચ્ચ અભ્યાસના કેન્દ્રો, આઈ.આઈ.ટી. પ્રાદેશિક એન્જિનીયરીંગ કૉલેજો, કૃષિ યુનિવર્સિટીઓ, તબીબી, ઈજનેરી, કૃષિ વિષયક અને વેટરનરી કૉલેજો વગેરે સ્થાપી શકાયા છે. વિજ્ઞાન અને

ટેકનોલોજીના વિકાસના પરિણામે જ આજે ભારત એની વસ્તીમાં પ્રચંડ વધારો થયો હોવા છતાં અન્નમાં સ્વાવલંબી બન્યું છે. દુનિયામાં ઔદ્યોગિક રાષ્ટ્રમાં ભારતે દશમું સ્થાન મેળવ્યું છે. અણુશક્તિ અને અવકાશ વિજ્ઞાનના ક્ષેત્રે દેશની હરણફાળ પણ એમને જ આભારી છે. દેશમાં વિશાળ પાયા પર લોખંડ, પોલાદ, મૂળભૂત રસાયણો, રાસાયણિક ખાતર, પ્લાસ્ટિક, પેટ્રોકેમિકલ, દવા ઉદ્યોગો વગેરેનો કલ્પના બહારનો વિકાસ થયો છે.

કોમ્પ્યુટર અને વિજાણું ઉદ્યોગ તેમજ ઉપગ્રહ આધારિત દૂર સંદેશા વ્યવહાર વગેરે ક્ષેત્રે પણ ભારતનો વિકાસ બેનમૂન રહ્યો છે. આ વિકાસના બળે ભારત એકવીસમી સદીમાં આત્મવિશ્વાસથી પ્રવેશવા કટિબધ્ધ બન્યું છે. આ આત્મવિશ્વાસ આત્મશ્રદ્ધા અને હિંમત તથા સાહસ ભાવનામાં નહેરૂએ વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસમાં આપેલા ‘સાધારણ ફાળાનું મહત્ત્વ આંકીએ એટલું ઓછું છે. નહેરુ સિવાય આ વિકાસ સંભવિત ન બન્યો હોત એમાં શંકાને સ્થાન નથી.

વિજ્ઞાન અને ઉદ્યોગ નહેરુના નવપ્રસ્થાનોએ ભારતના જનજીવનમાં એક નવીક્રાંતિ આણી છે. એ ક્રાંતિની યુધ્ધભૂમિ પર ભારત આજે એશિયાના વૈજ્ઞાનિક વિકસિત રાષ્ટ્ર તરીકે આગલી હરોળમાં આવી ઊભું છે. અણુસંશોધન અને અવકાશ વિજ્ઞાન ક્ષેત્રની એની પ્રગતિ પર દુનિયાની દૃષ્ટિ મંડાઈ છે. ખેતીવાડી ક્ષેત્રે આત્મનિર્ભર બન્યું છે. આ પ્રગતિ અને સિધ્ધિ જવાહરલાલજીની ઊંડી સૂઝને આભારી છે.

ડેરી વિકાસ માટે ઈન્ડીયન ડેરી ટેકનોલોજી સંસ્થા, પંજાબ



વિશ્વ વિદ્યાલય, વિજ્ઞાન પ્રયોગશાળા, તાતા સૈધ્ધાંતિક અનુસંધાન સંસ્થા, મુંબઈ કેન્દ્રીય વૈજ્ઞાનિક ઉપકરણ સંગઠન, ચંડીગઢ - આ દરેક સંસ્થાના સ્થાપક પંડિત નહેરુ હતા તેમના ભગીરથ પુરુષાર્થને કારણે જ આજે ભારતમાં શ્વેતક્રાંતિનો ઉજળો ઉજાસ પથરાયો છે.

કોઈપણ રાજ્ય માટે સૈન્ય એ જીવાદોરી સમાન છે. વિકાસની સાથે સંરક્ષણ મહત્ત્વની બાબત છે. જો દેશની સંરક્ષણ વ્યવસ્થાનું ઘડતર ન થયું હોત તો દેશનો ગમે તેટલો વિકાસ તે અધોગતિ સમાન ગણાય. નહેરુજી આ બાબતમાં શરૂઆતથી જ સજાગ હતા. તેમણે તેમના શાસનકાળ દરમ્યાન સંરક્ષણ ખાતાની ધુરા ત્રણ વખત સંભાળી હતી. તેઓનું સંરક્ષણદળો સાથેનું તાદાત્મ્ય અનેરું હતું. ભારતીય સંરક્ષણ દળોમાં દેશદાઝ, ફરજપ્રતિ સમર્પણની ભાવના, ઉત્સાહ અને અનુશાસનના પ્રસારનો પ્રયત્ન તેમણે કર્યો હતો. ભારતીય સંરક્ષણદળોમાં આજે જે વિમાનો, ટેન્કો, સબમરીનો, રોકેટો, મિસાઈલનો જે વિકાસ થયો છે તે નહેરુને આભારી છે.

ભારતમા મહીલાઓના વિકાસ માટે તેમણે હિન્દુ કોડ બિલ તૈયાર કર્યું. રૂઢિચુસ્ત અને સંકુચિત દૃષ્ટિવાળા નેતાઓએ આવા ક્રાંતિકારી બિલ સામે સખત વિરોધ નોંધાવ્યો છતાં નહેરુ અટલ રહ્યા. આ નવા કાયદાથી લગ્ન અને છુટાછેડા, મિલકત અને સામાજિક વારસા જેવા મહત્ત્વના પ્રશ્નોમાં બહેનોને ન્યાય મળ્યો છે. તેઓ આર્થિક સમાનતાના આગ્રહી હતા. નહેરુ ભારતીય સંસ્કૃતિના ચાહક હતા. માણસને સુધારવાની, વિકસાવવાની પ્રવૃત્તિ એટલે સંસ્કૃતિ એમ તેઓ માનતા. ભારતના સ્થાપત્યો, શિલ્પોને જાળવવા તેઓ આગ્રહી હતા. વિશ્વને ભારતીય સંસ્કૃતિની

ભવ્યતાનો ખ્યાલ આવે તે માટે તેઓએ ભારતીય કલા મહોત્સવોનું આયોજન કરેલું. ભારતીય કલાકારીગરીને તેઓ સતત પ્રોત્સાહન આપતા રહ્યા હતા.

રાષ્ટ્રના આર્થિક, વૈજ્ઞાનિક વિકાસની સાથે સાથે જવાહરલાલે 'વિશ્વ શાંતિ અને વિશ્વઐક્ય માટે પણ અદમ્ય કાર્ય કર્યું હતું. નવઘડતર માટે શાંતિ એક અનિવાર્ય આવશ્યકતા છે. ભારતના નવઘડતરમાં દેશમાં અને સમગ્ર વિશ્વમાં શાંતિ જળવાઈ રહે તે જરૂરી છે. એમ તે સમજતા હતા. આ દૃષ્ટિને એમણે ભારતની શાંતિ અને મૈત્રીપૂર્ણ તટસ્થ વિદેશનીતિ ઘડવામાં રાખી. આજે ભારતની આ વિદેશનીતિ વિકસતા એવા અન્ય રાષ્ટ્રો માટે, સમગ્ર વિશ્વ માટે એક દીવાદાંડી બની રહી છે. દુનિયાને માટે ભારતનું આ મોટું પ્રદાન છે. ભારતની વિદેશનીતિ વિશ્વશાંતિના પુરસ્કર્તા જવાહરલાલજીની સમગ્ર વિશ્વ માટે એક મોટી ભેટ છે. બબ્બે વિશ્વયુદ્ધોના વિનાશક પરિણામો વિશ્વે અનુભવ્યાં. પછી ત્રીજું વિશ્વયુદ્ધ ન થાય તે માટેના પ્રયાસોમાં નહેરુજીનો ફાળો ઓછો નથી. વિશ્વ બે ભાગમાં વહેંચાઈ રહ્યું હતું. રાજ્યવાદ અને મૂડીવાદ વચ્ચે દુનિયાના ટુકડા થઈ રહ્યા હતા. રાજ્યવાદ અને મૂડીવાદ એકબીજા સામે ઘૂરકીયા કરતા હતા. આવા ભીષણ યુધ્ધમય વાતાવરણમાં જવાહરલાલે વિશ્વને શાંતિનો આદેશ આપ્યો. બિન જોડાણવાદની નીતિનો જન્મ આપીને જવાહરલાલે શાંતિચાહક ત્રીજા વિશ્વના દેશોનું સંગઠન બનાવ્યું અને પ્રેમ અને સદ્‌ભાવનું સામ્રાજ્ય સ્થાપ્યું. અનેક યુધ્ધખોર માનસ ધરાવતા રાષ્ટ્રોને સમજાવ્યા, પટાવ્યા અને ઠંડા પાડ્યા. આ રીતે જોતાં નહેરુમાં સમજાવટની એક અજબશક્તિ હતી. આવનાર સમયને અને



સંજોગોને પારખી જવાની વિરાટ દૃષ્ટિ હતી. એટલું જ નહીં પણ પોતે રાષ્ટ્ર અને વિશ્વ સામેથી આવનાર કટોકટીને નિવારવાની સૂઝ પણ ધરાવતા હતા.

જવાહરલાલની વિદ્વતા વિશ્વવ્યાપી હતી. એમણે માત્ર કોઈ એક સમાજ, દેશ કે ખંડનો વિચાર નથી કર્યો. એમનું ચિંતન અને કાર્ય સ્થળ અને કાળના વ્યાપમાં સંકુચિતતાનું ન હતું. તેમણે ભારતના ભાવિનો અને વિશ્વની ચિરંતન શાંતિનો વિચાર કર્યો હતો. તેમણે 'ઈન્દુને પત્રો' (લેટર્સ ઈન્દીરા) 'ભારતની ખોજ' (ડિસ્કવરી ઓડ ઈન્ડીયા) 'મારું હિંદનું દર્શન' અને આત્મકથા જેવા ગ્રંથો લખ્યા છે.

એમની આર્ષદૃષ્ટિમાં સાત્વિકતા અને નિર્ભયતા હતા. એમના શબ્દોમાં વીરતા અને માધુર્ય ટપકતું હતું. એમની સમજાવટમાં વાસ્તવિકતા અને વ્યવહારુતા હતી. એમની શૈલીમાં લોકભોગ્યતા હતી. એમની આંખોમાં અમી હતા અને એમના સંબોધનોમાં સ્નેહ નીતરતો હતો. ખરેખર જવાહર આર્ષદૃષ્ટા હતા.

નહેરુના સમગ્ર વ્યક્તિત્વમાંથી લોકશાહી માટેનો પ્રેમ અને આગ્રહ પ્રગટ થતો. ભારતમાં લોકોનો પ્રતિનિધિઓ દ્વારા જ વહીવટ થાય તેવો તેમનો આગ્રહ હતો. વ્યક્તિગત કરતાં લોકોની બહુમતીની માન્યતા જુદી હોય તો વ્યક્તિગત સંબંધો જતાં કરીને પણ લોકોના અવાજને શિરોમાન્ય કરવાનું એમનું વલણ હતું. ભારતના બંધારણની રચનામાં જ નહીં સમાજજીવનના વિવિધ ક્ષેત્રોની વ્યક્તિગત વર્તન અને વ્યહારમાં પણ લોકશાહી જ સર્વોપરી અને આખરી નિર્ણય બની રહે તેવો તેમનો આગ્રહ હતો, દઢ

સિધ્ધાંત હતો. નહેરુજીની આ માન્યતાને કારણે ભારતમાં લોકશાહીના મૂળ એવા તો ઊંડા નંખાયા છે કે બીજા વિશ્વયુદ્ધ પછી સ્વતંત્ર બનેલા રાષ્ટ્રમાં ભારત જ એવું રાષ્ટ્ર છે કે જ્યાં લોકશાહી ટકી રહી છે; વિકસી રહી છે. ભારતના રાજકારણમાં કે સમાજજીવનમાં તમામ નાના મોટાં ક્ષેત્રમાં પ્રસરેલી લોકશાહી એ નહેરુજીનું ઉત્તમ પ્રદાન છે.

વિશ્વામિત્ર, ગોપીચંદ, ભર્તૃહરિ, સિધ્ધાર્થ જેવા મહામુનિઓની જેમ નહેરુને ભારોભાર, દોમ દોમ સાહ્યબી અને વૈભવ વારસામાં મળેલા પણ ભારતને ગુલામીમાંથી મુક્ત કરવા તેમણે ફનાગીરી વહોરી લીધી હતી. પ્રજાએ તેમને જેટલા લાડદુલાર આપ્યા હતા તેથીય વધુ પ્રેમથી આ દેશની માટીને અને પ્રજાને તેમણે ચાહી. ભારતીય પ્રજાને પિછાનવા, ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસને આત્મસાત કરવા તેમણે કરેલા પ્રયાસો અનન્ય હતા. તેમણે ભારતીય પ્રજાને પરંપરાના કેદી બનાવવાને બદલે સાતત્ય જાળવીને, અર્વાચીન વૈજ્ઞાનિક વિચારધારા સાથે જોડવાના અમાપ પ્રયત્નો કર્યા હતા. સ્વાતંત્ર્ય સંગ્રામને શાહીવાદ વિરોધી વિશ્વસંગ્રામ સાથે જોડવા સમજ દાખવી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ભારતના સર્વાંગી ઘડતર માટે પ્રયાસો કરી તેમાં સમાજઘડતરના તમામ પાસાંઓને આવરી લેવા પ્રયત્નો કર્યા હતા. ભારતને નહેરુ ન મળ્યા હોત તો આ પ્રગતિશીલ સમાજ ન હોત. આજની પેઢીને તકો મળી ન હોત. એટમબોંબથી અંતરિક્ષમાં ઉડતા આર્યભટ્ટ સુધી બધું જ મેઈડ ઈન ઈન્ડિયા ન હોત. કદાચ છોકરીઓ સ્લીવલેસ બ્લાઉઝ કે ડ્રેસ પહેરી શકતી ન હોત. છોકરાઓ દાઢી વધારી શકતા ન હોત અને ભારતમાં



એશિયાના ઘણાખરાં દેશોની જેમ સરમુખત્યારશાહીના મંડાણ મંડાયા હોત ! આમ જવાહરલાલજીએ બ્રિટીશરોની ગુલામીમાંથી મુક્ત ભારતનું નવઘડતર કર્યું છે. તેને નવો વહીવટી આકાર આપ્યો છે. એના કરતાંય ખાસ તો આજના ભારતનું જે નવસર્જન કર્યું છે તે એમનું વિશિષ્ટ પ્રદાન છે. આજના ભારતની કાયાપલટ માટે નહેરુએ જે પરિશ્રમ ઉઠાવ્યો છે; જે પગલાં લીધાં છે, જે ઊંડી બુનિયાદ નાખી છે તે બધું ન કર્યું હોત તો આજનું ભારત ક્યાં હોત તેની કલ્પના પણ કરી શકાય તેમ નથી ! ખરેખર જવાહરલાલ નહેરુ આધુનિક ભારતના ઘડવૈયા હતા.

❖ ❖ ❖

## ૫. રાષ્ટ્રભક્ત - મોરારજી દેસાઈ

ગાંધી માર્ગે ચાલનારા નરરત્નોમાં એક એટલે મોરારજી દેસાઈ. વલસાડ નજીક ભદેલીમાં પિતા રણછોડજી અને માતા વિજયાબહેનને ત્યાં ૨૯-૨-૧૮૯૬ માં જન્મ થયેલો. કુટુંબ રૂઢિચુસ્ત અને મધ્યમવર્ગી એટલે અનુકૂળતાને બદલે પ્રતિકુળતાઓ વિશેષ મળેલી. પાંચ વર્ષ ભદેલીમાં જ શિક્ષણની શરૂઆત કરી. ત્રણ-ચાર ધોરણ ભાવનગર રાજ્યના કુંડલા ગામમાં અભ્યાસ કર્યો. ત્યારબાદ વલસાડની આવાંબાઈ હાઈસ્કૂલમાં અભ્યાસ કરી તેજસ્વી વિદ્યાર્થી તરીકે બહાર આવ્યા. મેટ્રિકની પરીક્ષામાં પહેલા પચાસ વિદ્યાર્થીઓમાં એમનું નામ ઝળક્યું હતું. ઈ.સ. ૧૯૧૧ના ફેબ્રુઆરી માસમાં લગ્ન ગોઠવાયું. લગ્નના બે દિવસ પહેલાં જ પિતાએ માનસિક અસ્થિરતાને કારણે આત્મહત્યા કરી. લગ્નનું મુહુર્ત લેવાઈ

ચુકેલું અને લગ્નની તૈયારીઓ થઈ ચૂકેલી. પિતાના અવસાન પછી ચોથે દિવસે મોરારજીભાઈનું લગ્ન કરવામાં આવ્યું !

પિતાના મૃત્યુ બાદ સૌથી મોટા પુત્ર હોવાને કારણે કુટુંબની જવાબદારી એમને માથે આવી પડી. તેમણે માથે આવેલી જવાબદારી સ્વીકારી લીધી. પણ સંજોગોની પ્રતિકુળતાઓને ન સ્વીકારી. પ્રતિકુળતાઓને અનુકૂળતાઓમાં પરિવર્તિત કરવા આપબળે ઝઝૂમી આગળ અભ્યાસ કરવાના સંજોગો ઊભા કર્યાં. મુંબઈની ગોકળદાસ તેજપાળ બોર્ડિંગમાં મફત રહેવાની સગવડતા મળતા તેઓ વિલ્સન કૉલેજમાં દાખલ થયા. ભાવનગર રાજ્ય તરફથી રૂા. ૧૦ ની સ્કોલરશીપ મળતી. કુટુંબનિર્વાહ માટે ટયુશન કર્યા. સાથે સાથે અભ્યાસ કરી મુંબઈ યુનિવર્સિટીમાં કેમેસ્ટ્રી અને ફીજીક્સ વિષયો સાથે બી.એ. ઓનર્સની ડિગ્રી પાસ કરી. જેથી માસિક રૂા. ૫૦ ની ફેલોશીપ મળી. તેમજ પ્રિવિયસના વર્ગોમાં ડેમોન્સ્ટેટર તરીકે કામ કરવાની તક મળી. આગવી રહેણી કરણી અને સારા મિત્રોને કારણે કૉલેજની કે શહેરી વાતાવરણની છાયામાં તેઓ આવ્યા નહીં. કૉલેજમાં હતા ત્યારે મોરારજી દેસાઈએ વ્યાયામને જીવનમાં સ્થાન આપેલું. ઈ.સ. ૧૯૧૭ માં અંગ્રેજ સરકારે નાગરિક સંરક્ષણ દળની રચના કરેલ. મુંબઈ યુનિવર્સિટીમાં ‘યુનિવર્સિટી ટ્રેઈનીંગ કોર’ (યુ.ટી.સી) ની શરૂઆત થતાં તેઓ તેમાં જોડાયા. નિયમિતતાને કારણે તેઓ કવાર્ટર માસ્ટર હવાલદાર અને ત્યારબાદ કમિશન્ડ ઓફિસર બન્યા હતા. યુ.ટી.સી. ની તાલીમ નિયમબધ્ધ, શિસ્તબધ્ધ તથા ખડતલ થવામાં અને નિર્ભયતા અને ઉત્સાહપૂર્વક કામ કરવાની ટેવ કેળવવામાં લાભદાયી થઈ.



બુધ્ધિમત્તા, લશ્કરી શિસ્ત, હિંમતને કારણે તેઓ મહેસૂલ ખાતામાં ડેપ્યુટી કલેકટર તરીકે નિમણૂંક પામ્યા. થાણા, પંચમહાલ, ભરૂચ, અમદાવાદ જેવા જિલ્લાઓમાં તેઓએ ડેપ્યુટી કલેક્ટર તરીકે ભવ્ય કારકીર્દી ઘડી. વફાદારી, એકાગ્રતા, તન્મયતા, સ્પષ્ટવક્તા અને લાગવગ, ખુશામત કે લાંચરૂશ્વત નિષેધને કારણે તેઓ એક વિશિષ્ટ અમલદાર ગણાવા લાગ્યા. ગાંધીજીના શરૂઆતના સત્યાગ્રહો, ૧૯૨૦ ની અસહકારની ચળવળે મોરારજીભાઈને હલબલાવ્યા. ગાંધીજીની વાતો અને સિધ્ધાંતો તેમને સમજાતા હતા પણ કુટુંબની જવાબદારી તેમને નોકરી છોડવા દેતી નહોતી.

ગોધરાના કાર્યકાળ દરમ્યાન ભયંકર કોમી હુલ્લડો ફાટી નીકળતાં, તેમણે હુલ્લડોને દાબી દેવામાં પોતાની કાબેલિયત બતાવી. પણ પ્રજાને લાગેલું પ્રિયકાર્ય સરકારને ન ગમતાં તેમની અમદાવાદમાં બદલી કરી. તેઓ ગાંધીજીની નજીક આવ્યા. ૧૯૩૦ની ૧૮મી મે એ તેઓએ સરકારી નોકરી છોડી ગાંધીસેનાના સૈનિક બન્યા. જેલમાં ગયા અને ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રી તરીકે વરણી પામ્યા.

૧૯૩૦ સુધીની કોંગ્રેસ શુધ્ધ, કંચન સભ્ય કાર્યકરોની અને આમ જનતાની નક્કર સહાનુભૂતિવાળી સંસ્થા. સેવા, સેવાનોભેખ, સત્ય અને નિષ્ઠાની આહલેક, રચનાત્મક કાર્યક્રમની ચીવટવાળી કોંગ્રેસ એટલે મોરારજીભાઈની શક્તિ, શ્રધ્ધા અને જીવન.

૧૯૩૫માં પ્રાંતિક સ્વરાજધારો આવ્યો. ૧૯૩૭ ની ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય થતાં કોંગ્રેસી પ્રધાનમંડળ રચાયું. મોરારજીભાઈની સાત વર્ષની નિર્મળ, નિઃસ્વાર્થ સેવાની ફળશ્રુતિરૂપે મહેસૂલખાતુ

સોપાયું. ગાંધીવાદી વિચારસરણીને કારણે એ વહેલી સવારે પ્રાર્થના, વ્યાયામ, રેંટિયો કાંતવો, પોતાનું કાર્ય પોતે જ કરવું, બાંધેલા પગારમાં જ જીવવું, જેવી ઋષિતુલ્ય દિનચર્યા જાળવી હતી.

૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળ શરૂ થઈ. 'કરેંગે યા મરેંગે'નો નાદ ગુંજી ઉઠ્યો. જુવાળ ચડ્યો, જુવાળ બેઠો, બંદુકો ચાલી, હુલ્લડો થયાં, નેતાઓની ધરપકડો થઈ, મોરારજીભાઈની પણ ધરપકડ થઈ. જેલમાં ગયા.

સરકારને લાગ્યું હવે ભારતમાંથી જવું જ પડશે ! ૧૯૪૫માં વિશ્વયુદ્ધ પૂર્ણ થયું. ઈંગ્લેન્ડમાં મજૂરપક્ષની સત્તા આવી. ભારતને આઝાદી આપવાના પ્રયાસો શરૂ થયા. ભારતના ભાગલા પડ્યા. બંધારણ ઘડાયું. કોંગ્રેસી પ્રધાનમંડળ રચાયું. મોરારજીભાઈ મુંબઈ રાજ્યના ગૃહપ્રધાન થયા. ચૂંટણી થઈ અને તેઓ મુંબઈ રાજ્યના મુખ્યપ્રધાન બન્યા.

મોરારાજીભાઈની શાસન શક્તિનું મૂલ્યાંકન કરવા નીચેના વિધાનો ટાંકવા જ રહ્યા.

"જન મનોરંજન કરીને મારાથી રાજશાસન થઈ શકશે નહિ."

"તમે મને બદલીને બીજાને બેસાડી શકો છો, પણ મારી સિપાઈગીરી ચલાવી શકશો નહિ. હું જે છું તે જ છું, અને તે જ રહેવાનો."

"તમારે દારૂ જોઈએ કે મોરારજી ?"

"તમારે અવ્યવસ્થા જોઈએ કે મોરારજી ?"

"તમારે વિતંડાવાદ જોઈએ કે મોરારજી ?"



આ છે મોરારજીના જીવનની પુરુષાર્થની, નરી સ્વાર્થરહિતતાની સફળતા. જેમના શાસનમાં લાગવગ, રુશ્વતખોરી, સત્ય અને સિધ્ધાંત સાથે બાંધછોડ, કોંગ્રેસી સિપાઈ તરીકેની અને ગાંધીવાદના અનુચરણની બાંધછોડ ન ચાલે તે જ શાસન ઉત્તમ, શાસનકર્તા ઉત્તમ જ લેખાય.

સમસ્ત ભારતની પ્રથમ પંચવર્ષીય યોજનામાં મુંબઈ રાજ્યના ફાળે જે કાર્યો કરવાના હતા તે તમામ સમયસર પૂરા થયાં છે. અન્ય રાજ્યોમાં આ યોજના સમયપત્રક, અંદાજપત્ર અને ખર્ચપત્રક વિશે ઘણી ટીકાઓ થઈ હતી. પરંતુ મુંબઈ રાજ્યમાં થયેલાં કામોમાં કોઈ ઉડાવગીરીની ફરિયાદ થઈ નથી. અમલદારી, બેદરકારીની ટીકા થઈ નથી કે કોઈ જાતની અંતરંગની મેલી રમતોની ફરિયાદ થઈ નથી. તે જ મોરારજીભાઈના રાજ્ય વહીવટની શુધ્ધતા, અસરકારકતા, ઝડપ અને પ્રામાણિકતા દર્શાવે છે.

શરાબને ભારતમાંથી તિલાંજલિ આપવી તે મોરારજીભાઈનું સ્વપ્ન. ઘણાં પ્રયાસોના અંતે પણ તેઓને સફળતા ન મળી. સમગ્ર ભારતમાં તે દારૂબંધી કરાવી શક્યા નહિ. રાજ્યપુર્નરચનાનો ખરડો બહાર પડ્યા પછી ભારતમાં પ્રાંતવાદનો અગ્નિ ભભૂકી ઉઠ્યો. પુર્નરચના પંચે સૂચવ્યા મુજબ ભારતના દરેક રાજ્યને પોતાની અલગ ભાષા મળતી હતી. જ્યારે મુંબઈ પ્રાંતમાં બે પ્રાંતીય ભાષા હતી. આથી તેનો વિરોધ થયો. મહાગુજરાતની માંગણી થઈ. અમદાવાદમાં ભારે તોફાનો થયાં. વાતાવરણ તંગ બન્યું. તોફાનોના પ્રાયશ્ચિતરૂપે મોરારજીભાઈએ સાત દિવસના ઉપવાસ કર્યાં.

તેમને મતે લોકસભાના આદેશને માથે ચડાવવો એ સાચો નાગરિક ધર્મ, સાચી લોકશાહી. પણ વિરોધીસૂરો વચ્ચે શાંતિનો, શિસ્તનો અને બંધારણના આદરનો સાદ લોકોને સંભળાયો નહિ. તેમની સભામાં પથ્થરમારો થયો. મોરારજીભાઈએ પૂરી સ્વસ્થતા રાખી પોતાનું સર્વસ્વ હોડમાં મૂક્યું. લોકોની ગાળો ખાધી. સાથીદારોનો સાથ છૂટ્યો છતાં તેઓ સંપૂર્ણ શાંત અને સ્વસ્થ રહ્યા હતા. આ તેમની કાબેલ વહીવટકર્તા અને રાજપુરુષને શોભે તેવી શિસ્ત અને સફળતા !

આ અગ્નિપરીક્ષામાંથી તે પસાર થયા તેના પરિપાકરૂપે ભારતને માટે ઉપયોગી અને સમર્થ નેતા દેખાયા.મુંબઈના મુખ્યપ્રધાનપદેથી તેમને તરત જ કેન્દ્ર સરકારના હુન્નર ઉદ્યોગ અને વેપાર ખાતાના પ્રધાન તરીકે પસંદ કરવામાં આવ્યા. મોરારજીભાઈની રાષ્ટ્રભક્તિ અને દેશહિત માટે જ જીવન એવી જીવનરીતિ અને કાર્યોથી આકર્ષાઈને ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ તેમના માટે "દેશની દોલત" એવા શબ્દો ઉચ્ચારેલા જેને મોરારજીભાઈએ પોતાના કુશળ વહીવટથી સાચા કરી બતાવ્યા હતા. ૧૯૫૮ના માર્ચમાં તેઓ ભારતના નાણાંપ્રધાન બન્યા ત્યારે તેમણે ઉદ્યોગપતિઓ અને વેચારીઓને એક સૂત્ર આપ્યું : "વધુ ઉત્પાદન કરો." ભારતનાં નાણાંપ્રધાન તરીકે મોરારજીભાઈની સિધ્ધિઓની નોંધ કરીએ તો તે અનેક થવા જાય છે. સુવર્ણધારાનો અમલ કરીને તેઓ જનતામાં અપ્રિય બન્યા હતા પણ દેશના હિતમાં ઘણું પ્રદાન કર્યું હતું. આવકવેરાની વસૂલાત માટે મક્કમ અને અસરકારક પગલાં લીધા. નાના ઉદ્યોગોને પગભર થવા લોન આપવાની નીતિ ઉદાર બનાવી. દેશના ડૂબતા અર્થતંત્રને



બચાવી લીધું. તેમના આયોજિત પગલાં અને કડક વહીવટને લીધે રાષ્ટ્રીય ઉત્પાદન ત્રણથી ચાર ટકા વધવા પામ્યું.

મોરારજીભાઈ આર્થિકક્ષેત્રની વ્યક્તિ ન ગણાય. તેઓ પ્રખર અર્થશાસ્ત્રી, આંકડાશાસ્ત્રી કે નાણાં નિષ્ણાત પણ ન કહેવાય, પરંતુ તેમનું વહીવટીજ્ઞાન, વિવિધ ખાતાઓનું સંગીન અને વ્યાપક જ્ઞાન  તથા મુખ્યમંત્રી તરીકેનો અનુભવ તેમને નાણાંપ્રધાન તરીકે સફળતા અપાવવા માટે પૂરતો હતો. નાણાંમંત્રી તરીકે તેમની જવાબદારીઓ વધુ ગંભીર હતી. બીજી પંચવર્ષીય યોજનાને સફળ બનાવવી, હૂંડિયામણની મુસીબત, કરવેરા નીતિ, વ્યાપાર - ઉદ્યોગના હિતો, ગાંધીવિચાર ધરાવતા લોકોની અપેક્ષાઓ વગેરે મુદ્દાઓ પણ ધ્યાનમાં લેવાના હતા.

નાણાંપ્રધાન તરીકે આર્થિક સહાય મેળવવા તેઓ યુરોપ અને અમેરિકાની મુલાકાતે ગયા હતા. લંડનમાં શ્રી ઘનશ્યામદાસ બિરલાએ મોરારજીભાઈના માનમાં એક ભવ્ય સમારંભ યોજી તેમાં બ્રિટનના પ્રથમકક્ષાના ઉદ્યોગપતિઓને નિમંત્ર્યા હતા. આ સમારંભ અપૂર્વ હતો. બ્રિટનમાં એક રેડિયો વાર્તાલાપમાં તેમને પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરો આપીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. અમેરિકામાં સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીએ મોરારજીભાઈના માનમાં યોજેલ સત્કાર સમારંભમાં તેમણે ભારતના વિકાસમાં ખાનગી મૂડીનું મહત્ત્વના સ્થાન  વિશે પ્રતીતિ કરાવતું વ્યાખ્યાન આપ્યું હતું. એક સમારંભમાં પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં તેમણે ભારતના જીવન ધોરણનો નકશો દર્શાવતા કહ્યું હતું કે તેમાં પ્રત્યેકને નોકરીની સલામતી હોય, વ્યવસાયની પૂરતી તકો હોય, શિક્ષણની

સંપૂર્ણ સગવડ હોય અને પ્રત્યેક માનવી પોતાની શક્તિને વેગ આપી શકે તેવી પરિસ્થિતિ હોય તે જરૂરી છે.

યુરોપ - અમેરિકાના પ્રવાસેથી પાછા આવ્યા કે તરત જ તેઓ દિલ્હીમાં ભરાનારી વિશ્વબેંક, આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ અને આંતરરાષ્ટ્રીય નાણાં કોર્પોરેશનની પરિષદની વાર્ષિક બેઠકની કાર્યવાહીમાં ગૂંથાઈ ગયા હતા. નાણાંમંત્રી તરીકેના તેમના પ્રથમ અંદાજપત્રની રજૂઆત સમયે લોકસભાની જાહેર ગેલેરીઓ શ્રોતાજનોથી ખીચોખીચ ભરાય ગઈ હતી. એમાં વિશિષ્ટતા એ હતી કે તે ૮૦૦ શબ્દોનું હતું. અને રજૂઆતનો સમય ફક્ત સવા કલાકનો હતો. તે અંદાજપત્ર 'વિકાસ અંદાજપત્ર' તરીકે પ્રસિદ્ધ પામ્યું હતુ. નાણાંમંત્રી તરીકે તેઓ લાંબા સમય સુધી રહ્યા. સંસદમાં સૌથી વધુ વખત તેઓએ અંદાજપત્ર રજુ કર્યું છે, પરંતુ ઈન્દિરાજી સાથે તેમને વિચારભેદ થતાં સ્વમાની અને સિધ્ધાંતવાદી મોરારજીભાઈએ નાણામંત્રી તરીકે રાજીનામું આપી દીધું. તેના દેશ - વિદેશમાં મિશ્ર પ્રતિભાવો રજૂ થયા હતા. તેમણે કોંગ્રેસ સાથે છેડો ફાડી નવા પક્ષની રચના કરી જે સંસ્થા કોંગ્રેસ તરીકે ઓળખાયો. ઈન્દિરાજીના પક્ષે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ નામ આપવામાં આવ્યું. ઈન્દિરાજીને દેશમાંથી સારો ટેકો મળી રહ્યો અને તે દેશના વડાપ્રધાનપદે ચાલુ રહ્યા.

૧૯૭૪ સુધીમાં મોરારજી ત્રણ વખત અનિશ્ચિત મુદતના ઉપવાસ પર ઉતર્યા હતા. ચોથીવારનું અનશન ભારત સરકાર સામે થવાનું હતું. ભારતની લોકશાહીના ભાવિ સાથે તેનો સંબંધ હતો. મોરારજીભાઈએ સંસ્થા કોંગ્રેસના પ્રમુખશ્રી અશોક મહેતાને મળીને



તેમના નિર્ણયની જાણ પણ કરી. પ્રધાનમંત્રી તરફથી મોરારજીભાઈને મળવાનું નિમંત્રણ મળ્યું. બન્ને વચ્ચે પિસ્તાળીસ મિનિટમાં અનેક પ્રશ્નોની ચર્ચા થઈ.

૧૯૭૫ ના જૂન માસની ૧૨ મી તારીખે અલ્હાબાદની વડી અદાલતે શ્રીમતી ગાંધીની ૧૯૭૧ ની લોકસભા ચૂંટણી રદબાતલ ઠરાવી અને કોઈપણ પ્રકારની ચૂંટણી લડવા માટે તેમને ૭ વર્ષ સુધી ગેરલાયક ઠરાવ્યા. ઈન્દિરાજીએ રાજીનામું આપવાને બદલે અદાલત પાસેથી મનાઈહુકમ મેળવ્યો. તેમના આવા વ્યવહારથી વિરોધપક્ષોએ એક થઈને લોકસંઘર્ષ સમિતિની રચના કરી. દિલ્હીના રામલીલા મેદાનમાં  જંગી જાહેરસભામાં શાંતિમય પ્રતિકારની જાહેરાત કરી. આ જાહેરસભાનું પ્રમુખસ્થાન મોરારજીભાઈએ સંભાળ્યું હતું. બીજે દિવસે પરોઢિયે ચાર વાગ્યે હિંસાના કાયદા હેઠળ તેમની ધરપકડ કરી અટકાયતમાં લીધા. તેમની સાથે જ ઈન્દિરાજીએ પોતાના મોટાભાગના રાજકીય પ્રતિસ્પર્ધીઓને જેલ ભેગા કર્યા હતા. મોરારજીભાઈને ૧૮ માસ સુધી જેલમાં રાખ્યા. ૨૬ મી જૂને સમાચારપત્રો દ્વારા મોરારજીભાઈને ખબર પડી કે સરકારે કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી. અને વિરોધપક્ષના નેતાઓની ધરપકડ કરી હતી. ૨૬ મી ફેબ્રુઆરી ૧૯૭૬ ના રોજ શ્રીમતી ગાંધીએ ઘોષણા કરી કે જો વિરોધપક્ષો શિસ્ત પાળવાને સાબદા હોય તો અને જો તેઓ તેમના સત્યાગ્રહ અને આંદોલનો અંગેનો દૃષ્ટિકોણ બદલવા તૈયાર હોય તો તેઓ કટોકટી ઉઠાવી લેવા વિચારશે.

કટોકટી દરમ્યાન પકડાયેલા નેતાઓને છોડવા પડ્યા ત્યારે

મોરારજીભાઈની મુક્તિ થતા તેઓએ પ્રથમ નિવેદનમાં ટંકાર કર્યો હતો કે, ''કેન્દ્ર સરકારે અમને છોડી મૂકવાનો નિર્ણય કર્યો તેની સાથે હવે કટોકટી ઉઠાવી લઈ ચૂંટણીઓ જાહેર કરવી જોઈએ. લોકોનો ચુકાદો બનતી ત્વરાએ મેળવવાની આ સરકારની ફરજ છે. જનતાએ પોતે પણ કટોકટી લાદનારી સરકારને લોકશાહી સાધનો દ્વારા ફગાવી દેવી જોઈએ.'' જેલમાંથી છૂટ્યા પછી નિર્ભય રીતે આવુ બોલનારા તેઓ પ્રથમ નેતા હતા. મોરારજીભાઈની પહેલ પછી જ બીજા નેતાઓ એક પછી એક બોલવા માંડ્યા હતા.

કટોકટી પછી થયેલી સામાન્ય ચૂંટણીમાં જનતા મોરચાના ઉમેદવારોની જીતથી તેમની બહુમતી સંસદમાં પુરવાર થઈ. ચૂંટાયેલા સંસદસભ્યોએ શ્રી મોરારજીભાઈને સર્વાનુમતે વડાપ્રધાન તરીકે પસંદ કર્યાં. અને ભારતના ઈતિહાસમાં એક મહાન પરિવર્તન આવ્યું. વડાપ્રધાન તરીકે મોરારજીભાઈએ બજાવેલી દેશની અને દુનિયાની ઉત્તમોત્તમ કામગીરી ઈતિહાસમાં સ્પષ્ટ રીતે લખાયેલી છે. તેમના સિધ્ધાંતો, આદર્શો અને વહીવટી અભિગમોનો જોટો જડે એમ નથી. હજી પણ લોકો તેમના સત્તાકાળને ખૂબ જ ટૂંકો હોવા છતાં યાદ કરે છે. છતાં જનતા મોરચો અનેક પક્ષોનો બનેલો હોઈ થોડા સમય બાદ તે બધાંને રાજી રાખી એક તાંતણે બાંધી શક્યા નહિ. માંહેમાંહેના ઊંડા મતભેદો, ઈર્ષ્યા, પક્ષાપક્ષી અને ખેંચા ખેંચને કારણે મોરારજીભાઈએ અંતે રાજીનામું આપવું પડ્યું. મિત્રોનો આવો દ્રોહ આમ તો જીવનના અંત સુધી ભુલાય એમ નહતો પણ તેઓ હસીને કહેતાં, ''એમાં મેં કશું ગુમાવ્યું નથી પણ પેલા લોકોએ પોતાની આખી પ્રતિષ્ઠા ગુમાવી છે.''



મોરારજીભાઈનું જીવન એક કુરબાનીની કથા છે. તેમના જીવનમાં સાગરની કઠોરતા અને તપસ્વીની ઉગ્રતા વહે છે. તેમાં તેજ અને તિમિર છે. આકાર અને આકૃતિ છે. સ્પષ્ટતા અને સુરેખતા છે. તેમના જીવનમાં બગીચાનાં કોઈ પુષ્પો નથી કાંટાંની કેડીઓ છે અને હીરાની વ્રજતા છે. ૧૯૩૦ પછી એમણે પોતાનું જીવન માતૃભૂમિને ચરણે ધરી દીધેલું હતુ. એમના એ સમર્પણમાં જ કંકુવરણી કુરબાનીની કથા કંડારાયેલ છે. શિસ્ત અને સંયમના કારણે સંઘર્ષ  પ્રગટે છે. આથી તેમને મિત્રો થોડા અને પ્રશંસા વધારે મળ્યા છે. પારદર્શક સ્વદેશપ્રીતિને કારણે તેઓ મોખરાનું સ્થાન ધરાવે છે. તેમણે ગાંધીજીના અધૂરા કાર્યો પૂરા કરવા માટે નિષ્ઠાપૂર્વક કોશિષ કરી હતી. એમના કટ્ટર વિરોધીઓ પણ એમની નિષ્ઠા, રાષ્ટ્રભક્તિ, પ્રામાણિકતા, ચારિત્ર્ય અને શાસન પધ્ધતિ કે નૈપુણ્ય અંગે કશું જ કહેવાનું કે આંગળી ચીંધવાપણું નથી પણ એમની રૂક્ષતા અને સહિષ્ણુતા તો હરેકને કઠે તેવી હતી.

છેલ્લા સાત દાયકાઓમાં મોરારજીભાઈએ એટએટલી સિધ્ધિ મેળવી છે કે એ સર્વનું આલેખન કરવું અઘરું છે. તેઓ સત્તાના ગુલામ બન્યા નથી. સત્તા તેમના પર સવાર થઈ નથી પણ તેઓ સત્તા પર સવાર થયા છે. અને એને જયારે અને જયાં જરૂર પડી ત્યારે અંકુશમાં જ રાખી છે.

મોરારજીભાઈ વર્ગવિહીન સમાજ, શોષણવિહીન સમાજ, સમાનતાયુક્ત સમાજ, સમસ્યાવિહીન સમાજના દિવાસ્વપ્નો જોનારા હતા. જ્યાં દરેકને પૂર્ણ રીતે વિકસવાની તક મળતી હોય, જ્યાં સગાવાદ કે પક્ષપાત ન હોય, દરેકને પાંગરવા માટે મુક્ત વાતાવરણ હોય દરેક માનવી ભારતમાતાની સેવા કરતો હોય તેવા આદર્શ

દેશની કલ્પના તેઓએ કરી હતી.

મોરારજીભાઈ જીવનનું શતક પુરું ન કરી શક્યા. પણ ખૂબ જ લાંબુ આયુષ્ય ભોગવ્યું. તેમનું જીવન એક પૂર્ણ માનવનું જીવન હતું. વીસમી સદીના વિશ્વ માટે નમૂનારૂપ અને એકવીસમી સદીના વિશ્વ માટે પ્રેરણારૂપ જીવન જીવનારા મોરારજીભાઈ દેસાઈ ખરેખર ભારતના ભાગ્યવિધાતાઓમાંના એક હતા.

❖ ❖ ❖

## ૬. સ્ત્રી કેળવણીના સમર્થક - મહર્ષિ કર્વે

ઈ.સ. ૧૯૧૬ની વાત છે. ગાંધીજીને મળવા માટે મહારાષ્ટ્રના એક વિદ્વાન આશ્રમમાં આવે છે. બધા આશ્રમવાસીઓને ભેગા કરે છે અને આશ્રમવાસીઓને કહે છે કે, “બધા આમને પ્રણામ કરો”. બધાં આશ્રમવાસીઓ ગાંધીજીના કથનને અનુસરે છે. પણ બધાંને મનમાં આશ્ચર્ય થાય છે કે આ માણસને શા માટે પ્રણામ કરવા ગાંધીજી કહે છે. ગાંધીજી તેઓના મનની વાત કળી જાય છે. અને બધાને કહે છે કે, હું જ્યારે દક્ષિણ આફ્રિકામાં હતો ત્યારે ભારતમાં શું બની રહ્યું છે તેના સમાચાર મેળવતો રહેતો. મારે ભારત આવવાનો સમય થયો. હું ગોખલેજીને મળ્યો અને વાતવાતમાં મેં તેઓને પૂછયું કે “તમારી દૃષ્ટિએ ભારતમાં સત્યવાદી સત્પુરુષો કોણ કોણ છે.” તેમણે ત્રણ વ્યક્તિઓના નામ આપ્યા હતા. તેમાં આપણી સમક્ષ ઉભેલા વ્યક્તિનું નામ પ્રથમ હતું. સત્યવાદી પુરુષ આપણા માટે ભગવાનની વિભૂતિ છે તે માટે આપણે તેમને પ્રણામ કરવા જ જોઈએ. તેમને પ્રણામ કરવાથી આપણે પવિત્ર બનીએ છીએ.



આ વ્યક્તિ હતા ધોંડો કેશવ કર્વે.

ધોંડો કેશવ કર્વેનો જન્મ મહારાષ્ટ્રના કસબામાં એક ગરીબ પરિવારમાં થયો હતો. પ્રારંભિક શિક્ષણ મુરુડમાં જ પ્રાપ્ત કર્યું હતું. ત્યારબાદ તેઓએ સતારા અને મુબંઈમાં શિક્ષણ મેળવ્યું હતું. ઈ.સ. ૧૮૮૪ માં તેઓ ગણિત વિષય સાથે બી.એ થયા હતા. બી.એ થતાં જ તેઓને એલિફિસ્ટન્ટ શાળામાં અધ્યાપક તરીકે સેવા આપવાની તક મળી ગઈ. ઈ.સ. ૧૮૯૧ માં તેઓની નિમણૂંક પૂનાની પ્રસિધ્ધ ફર્ગ્યુસન કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે થઈ.

શિક્ષણનું કાર્ય કરતાં કરતાં તેમની દૃષ્ટિ ભારતીય સમાજમાં સ્ત્રીઓની દયનીય સ્થિતિને નિહાળતી રહી હતી. તેમાંય હિન્દુ વિધવાઓની સ્થિતિ જોઈને તેઓને ખૂબ જ દુઃખ થતું. વિધવા સ્ત્રીઓની સ્થિતિ સુધારવા તેઓ કંઈક કરવા ઈચ્છતા હતા. આ વિચારણા ચાલતી હતી ત્યાં જ તેઓના પત્નીનું અવસાન થયું. પત્ની ગુમાવતા તેઓને દુઃખ થયું. સાથે સાથે સંસારમાં અકેલાપનની ભાવના પણ અનુભવાય. તેમણે પુનઃલગ્ન કરવા વિચાર્યું : તેઓની સ્થિતિ જોઈને અનેક કુવારી છોકરીઓના માતા-પિતાના કહેણ મળ્યા હતા. પણ કર્વેજીને તો સમાજમાં કંઈક પરિવર્તન કરવું હતું. આથી તેમણે એક વિધવા સાથે લગ્ન કર્યાં. કર્વેજીના આ કાર્યને સમાજ જીરવી ન શક્યા અને તેઓને સમાજમાંથી બહિષ્કૃત કરવામાં આવ્યા. પણ કર્વેજી તેનાથી ડરી જાય તેવા ન હતા. તેમણે સમાજને સાચું સત્ય સમજાવવું હતું. આથી તેમણે ‘વિધવા વિવાહ સંઘ’ની સ્થાપના કરી. અને વિધવાઓના લગ્ન થાય તે માટેના પ્રયાસો આદર્યા. આ કાર્યની સાથે સાથે તેમણે વિધવાઓની સમસ્યાઓનું

અધ્યયન કર્યું. અને આ સમસ્યાઓ કઈ રીતે નિવારી શકાય તેની વિચારણા કરતા રહ્યા. સમાજ તો તેમની વિરૂધ્ધ હતો પણ સમાજમાંથી થોડા ઘણાં વ્યક્તિઓનો સહકાર મળતો રહ્યો હતો. તેઓ વિધવાઓની સમસ્યાઓના નિરાકરણ માટે સ્ત્રીશિક્ષણ આપવું જોઈએ તે વિચાર સ્ફુર્યો. જો વિધવાઓને શિક્ષિત બનાવવામાં આવે તો તે પોતાના પગ ઉપર ઉભી રહેતી થાય તો જ સમાજમાં અધિક સન્માનપૂર્ણ જીવન વિતાવી શકે.

વિધવા સ્ત્રીઓને શિક્ષણ મળી રહે તે માટે ઈ.સ. ૧૮૯૬ માં 'અનાથ બાલિકાશ્રમસંઘ' ની રચના કરી. ઈ.સ. ૧૯૦૦ માં પૂના પાસે 'હિંગણે' નામના સ્થળે 'અનાથ બાલિકાશ્રમ' ની સ્થાપના કરી. ત્યાં તેઓએ સ્ત્રીઓને રહેવાની અને શિક્ષણની વ્યવસ્થા આપી. અનાથ બાલિકાઓની સેવાનું કામ પોતે જ કરતા હતા. પૈસા તો હતા નહિ. પોતાના પગારમાંથી જ ખર્ચ કરવાનો હતો. દિવસે કૉલેજમાં શિક્ષણકાર્ય કરતા. સાંજે છૂટીને બજારમાં જતા ત્યાંથી વસ્તુઓ ખરીદી સારો ભાર પોતાના માથે ઊંચકી લાવતા અને વિધવા સ્ત્રીઓને ભણાવતા. ઘર અને સંસ્થાનો ખર્ચ પૂરો કરવા માટે એટલી મહેનત કરવી પડતી કે જમવાનો પણ સમય મળતો ન હતો.

ઈ.સ. ૧૯૦૭ માં તેમણે મહિલા વિદ્યાલય શરૂ કર્યું. મહિલા શિક્ષણ માટે તેમણે કેટલીક વ્યક્તિઓ તરફથી મદદ પણ મળવા લાગી હતી. ઈ.સ. ૧૯૧૧ માં વિદ્યાલયનું મકાન તૈયાર થયું. તેઓએ સ્ત્રી શિક્ષણની આહલેક જગાવી. સ્ત્રીઓ શિક્ષણ મેળવી શકે તે માટે તેઓને મહિલા વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરવાનો વિચાર ઉદ્ભવ્યો. વિદ્યાલયનું મકાન બનતાં તેમના વિચારને પૃષ્ટિ



મળી. ગાંધીજી ભારતમાં આવ્યા ત્યારે તેઓને મળ્યા હતા. તેમણે ગાંધીજી સમક્ષ આ વિચાર મૂક્યો હતો. ગાંધીજીએ પણ તેમના વિચારનું સ્વાગત કર્યું હતું. તેમના પ્રયત્નોથી ઈ.સ. ૧૯૧૬ માં મહિલા વિશ્વ વિદ્યાલયની સ્થાપના પૂનામાં કરવામાં આવી. તેની પ્રથમ કૉલેજ 'મહિલા પાઠશાળા' નામથી શરૂ થઈ. કર્વે તેના પ્રિન્સિપાલ બન્યા. પણ કૉલેજ ચલાવવી શામાંથી ? તે પ્રશ્ન હતો. આથી કર્વે પ્રિન્સિપાલ પદ છોડ્યું અને કૉલેજ અને વિશ્વવિદ્યાલય માટે તેઓ ફાળો ઉઘરાવવા નીકળી પડ્યા. ભ્રમણને અંતે તેઓએ વિશ્વવિદ્યાલય કોષમાં બે લાખ સોળ હજાર રૂપિયા જમા કરાવ્યા. આમ વિશ્વવિદ્યાલયને પગભર કરવામાં તેઓની મહેનત અને કાર્યદક્ષતા ફળી.

વિશ્વવિદ્યાલય વિકસે તે માટેના પ્રયાસો તેઓ કરી રહ્યા હતા. તેવામાં અમેરિકામાં સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્ત્રીઓના વિકાસ માટેની સંસ્થાઓ જોઈને પ્રભાવિત થયેલા પ્રેમલીલાબહેનને સ્ત્રીઓના વિકાસમાં રસ પડ્યો હતો. તેઓ અમેરિકાથી જાપાન ગયા ત્યાં તેઓએ મહિલા વિદ્યાપીઠ નિહાળી અને ભારતમાં મહિલા વિદ્યાપીઠ સ્થાપવાના સંકલ્પ સાથે ભારત આવ્યા હતા. ત્યાં જ મહર્ષિ કર્વેએ સ્થાપેલી હિન્દુ મહિલા વિદ્યાપીઠ જોઈ. કાર્યકરોની નિષ્ઠા, અને સત્યપ્રિયતા જોઈને તેઓએ ઠાકરસી પરિવાર તરફથી પંદર લાખ રૂપિયાનું દાન આપ્યું. ધન ઉપરાંત પ્રેમલીલાબહેને તન-મનથી પણ સેવા આપી. આથી વિશ્વવિદ્યાલય તેમના સાસુના નામ પરથી 'શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી વિશ્વવિદ્યાલય' તેવું નામાભિદાન કરવામાં આવ્યું. ઈ.સ. ૧૯૩૬ માં વિદ્યાપીઠનું કેન્દ્ર મુંબઈ ખસેડવામાં આવ્યું.

મહર્ષિ કર્વેએ સ્ત્રી શિક્ષણ અને વિધવાઓની સમસ્યાઓ માટે આપેલું પ્રદાન કોઈ ભૂલી શકે તેમ નથી. તેમની સમાજસેવાને સન્માનવા માટે ઈ.સ. ૧૯૪૨ માં કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલયે 'ડી-લીટ'ની પદવી એનાયત કરી હતી. ઈ.સ. ૧૯૫૦ માં તેઓને 'મહર્ષિ'ની પદવી આપવામાં આવી હતી. ઈ.સ. ૧૯૫૪ માં તેમને મહિલા વિશ્વ વિદ્યાલયે એલ.એલ.ડી. ની પદવી આપી હતી.

મહર્ષિ સાચા સમાજ સુધારક હતા. સંસાર રથના બીજા પૈંડાને સમાન બનાવવા માટેના તેમના પ્રયાસો અભિનંદનીય હતા. તેઓ એક સારા શિક્ષક અને આચાર્ય હતા. તેમણે મહિલાઓની પ્રગતિ માટેની નવી દિશા ખોલી આપી હતી. સ્ત્રી શિક્ષણના ઋષિ એવા મહર્ષિ કર્વેના આપણે ઋણી છીએ. તેઓને કોટિ કોટિ વંદન.

❖ ❖ ❖

## ૭. સુંદર સોદાગર

ગુંદિયાણી નામનું નાનકડું ગામ. તેમાં એક નાનો વેપારી રહે. તેનું નામ શિવાજી. દુકાન ચલાવે અને જીવનની ગાડી પણ ચાલે. શિવાજીને એક દીકરો એનું નામ સુંદર. સુંદર નામ પણ એકેય કાર્ય એવું નહિ કે સુંદર નામને સાર્થક કરે. નાનો સુંદર શાળામાં જાય તેવો થયો એટલે શાળામાં મૂક્યો. શાળામાં એવા તોફાન કરે. એકેય છોકરું તેનાથી ના ડરતું હોય તેવું નહોતું. બધાંને રંજાડે. શિક્ષકોને ય ગાંઠે નહિ. વર્ગમાં બીજા વિદ્યાર્થીઓના દફતરોમાંથી ગમે તે વસ્તુ ઉઠાવી લે. મોટા થતાં જ મોટી ચોરીઓ કરે. ઘરમાં



પણ ચોરીઓ કરવા લાગ્યા. પાડોશીઓના ઘરમાં પણ ચોરી થવા લાગી. ગુરુએ એક દિવસ સુંદરને પાસે બેસાડી સમજાવ્યો. સદ્‌ગુણી થવાની શીખ આપી. પણ આ તો સુંદર. માને ખરો ? તેણે તો ગુરુને કહ્યું. સદ્‌ગુણી થઈને શું કરવું છે. હું જે કરું છું તે જ સારું છે. તમે તમારો ઉપદેશ પાળો. મારે કાંઈ જરૂર નથી. ગુરુ પણ કંટાળી ગયા. છેવટે આચાર્યે સુંધાને શાળામાંથી કાઢી મૂક્યો. સુંધાને જોઈતું તું ને મળી ગયું. તે તો હવે રખડું બની ગયો. ગામમાં ગમે ત્યાં ચોરી કરવા લાગ્યો. જુગારીઓ ભેગો ભળ્યો.જુગાર રમવા લાગ્યો. બાપા પણ કંટાળ્યા. કુટુંબીજનો ત્રાસી ગયા. શું કરવું તે વિચારવા લાગ્યા. શીખામણ કામ લાગી નહિ. ઠપકો, ગુસ્સો, કંઈ કામ લાગ્યા નહિ. ઝઘડા વધવા લાગ્યા. છેવટે શિવાજીએ કંટાળીને ઘરમાંથી કાઢી મૂક્યો. સુંધો શું કરે. ગામના શિવાલયમાં રહેવા લાગ્યો. શિવાલયમાં તેને કોણ ખાવા આપે. કોઈ પાણી આપવા પણ તૈયાર નહોતું. ભૂખ તરસથી દુઃખી દુઃખી થઈ ગયો. હવે શું કરવું ? વિચારવા લાગ્યો. આપઘાત કરવાનો વિચાર આવ્યો. પણ અત્યારસુધી બધાંને ઠપકાર્યા ને હવે હું હતાશ થઈને મરી જાવ તે કેવું ? જીવનમાં શુ  કર્યું ? સતત વિચારણા ચાલી ખ્યાલ આવી ગયો કે આ રીતે જીવવું બેકાર છે. કંઈક સારા કાર્યો કરવા જ રહ્યા. પરિશ્રમ કર્યા સિવાય કંઈજ પ્રાપ્ત થશે નહિ. અને સુંદરને સુંદર કાર્યો કરવાની પ્રેરણા મળી. તે મા-બાપ પાસે ગયો. પોતાના કાર્યો અને વર્તનવ્યવહાર બદલ માફી માગી. અને કંઈક કરવાની પોતાની ઈચ્છા પ્રગટ કરી. મા-બાપે તેને માફ કર્યો. નવા અવતારે આવેલા દીકરાને આવકાર્યો. પસ્તાવાના પવિત્ર ઝરણામાં ઝબકોરાયેલા પુત્રને પ્રેમથી ઘરમાં પ્રવેશ આપ્યો.

પસ્તાવાના પવિત્ર ઝરણામાંથી પવિત્ર બનેલા સુંદરને વેપાર કરવાની ઈચ્છા થઈ. પિતાશ્રીને વાત કરી. પણ ધંધો શાનો કરવો ? તે સૂઝતું નહોતું. શેઠકાકાને મળ્યો. તેમણે સલાહ આપીકે ઘોડાનો વેપાર કર. પણ ઘોડાના વેપાર માટે તો પૈસા જોઈએ ક્યાંથી લાવવા ? પિતા તો પોતાનો જીવનનિર્વાહ અને વ્યવહાર ચાલે તેવું કમાતા. પૈસા તો હતા નહિ. ફરીથી શેઠકાકા પાસે ગયો. તેમણે કહ્યું ઘોડાના વેપાર માટે પૈસા તો આપું પણ તું પાછા ક્યારે આપે. તારા પિતા સાક્ષી રહેતો તને પૈસા આપું. પિતા સાથે ગયા શેઠ કાકાએ પૈસા ધીર્યા.

સુંદરે મનથી નક્કી કર્યું હતુ. મહેનત કરવામાં પાછુ પડવું નહોતું. માંડવી બંદરેથી મલબાર ગયો. ઘોડાઓ ખરીદ્યા હતા. તેને કેળવ્યા હતા. અને તે ઘોડા મલબાર બંદરે ઉતાર્યા. દેશમાં અંગ્રેજોનું શાસન હતું. લશ્કરમાં ઘોડાઓની જરૂર હતી. સામે ટીપુસુલતાનને પણ ઘોડાની જરૂર હતી. તેણે અંગ્રેજોનો સંપર્ક કર્યો. અંગ્રેજોને ઘોડાની જરૂર હતી. મોં માગ્યા દામ મળ્યા. ટીપુ સુલતાને પણ ઘોડા ખરીદ્યા. લડાઈનો સમય હતો એટલે ઘોડાની માગ હતી. સુંદરે બન્ને પક્ષને ઘોડા પૂરા પાડ્યા. બે લાખ રૂપિયા કમાયો. તેણે મલબાર બંદરેથી મોતી ખરીદ્યા. અને ફરીથી કચ્છમાં આવ્યો. કચ્છમાં મોતીનો વેપાર કર્યો. ત્રણ લાખ રૂપીયા મેળવ્યા. ઘોડા અને મોતીના વેપારમાં તે સફળ થયો. શેઠકાકાને પૈસા પરત કર્યાં. ઋણ મુક્ત થઈ ગયો. પિતા પણ ખુશ થઈ ગયા. શેઠ કાકા ખુશ થયા. બધાં સુંદરના તોફાનોને યાદ કરતાં હતાં. પણ સુંદર તો ઘોડાનો વેપારી બની ગયો અને ગામમાં તોફાની સુંધો સુંદર સોદાગર તરીકે ઓળખાવા લાગ્યો.



સુંદરે પરિશ્રમને પોરો ખાવા દીધો નહીં. તેને હવે સતત મહેનત કરી કંઈ સુંદર કરવાની પ્રેરણા મળી હતી. શિક્ષણમાં તો કંઈ મેળવ્યું નહોતું પણ જીવનના શિક્ષણે તેને કેળવ્યો હતો. તેણે ઘોડાના વેપારને તો ચાલુ રાખ્યો. પણ મુંબઈમાં નવી પેઢી શરૂ કરી. સૈનિકોને ખોરાક, કપડાં, હથિયાર અને ઘોડા પૂરા પાડવાનું શરૂ કર્યું. દેશમાં અંગ્રેજી શાસન હતું. સામે પક્ષે દેશીરાજાઓ પણ હતા દેશીરાજાઓ અંગ્રેજો સામે લડતા તો સાથે સાથે અંદરો અંદર પણ લડાઈઓ થતી. એટલે લશ્કરી સરસામાનની જરૂર રહેતી જ. સાથો સાથ લશ્કરને ખોરાકની પણ જરૂર પડતી. આ બધાંમાં સુંદર મદદરૂપ થવા લાગ્યો. તેણે બધાંને પોતાના ગ્રાહકો બનાવ્યા. રાજાઓ અને અંગ્રેજો તેની પાસેથી જ બધું ખરીદતા. સુંદર મોટો સોદાગર બની ગયો. સઘળે તે સુંદર સોદાગર તરીકે ઓળખાવા લાગ્યો.

સુંદર સોદાગરે હવે ધીરધારનો ધંધો પણ શરૂ કર્યો. દેશીરાજાઓને નાણાંની જરૂર પડે સુંદર પાસે પહોંચી જતા. સુંદર વ્યાજે અને વસ્તુઓ પર નાણાં આપવા લાગ્યો. સુંદર ધનવાન બન્યો. ખૂબ ધન કમાયો. જ્યારે જ્યારે ગુજરાતમાં દુષ્કાળની પરિસ્થિતિ સર્જાતી ત્યારે સુંદર સોદાગર લોકોને મદદ પહોંચાડતો. ગરીબોને દાન પણ આપતો. સાથોસાથ પોતે તીર્થયાત્રા પણ કરતો. ત્યાં પણ દાન ધર્માદા કરતો. તોફાની સુંધો એક પ્રામાણિક મહેનતુ, કાર્યશીલ સોદાગર બની ગયો.

❖ ❖ ❖

## ૮. પાકા ઘડે કાંઠા ચડ્યા !- અન્ના મેરી રોબર્ટસન મોસીસ

ઈ.સ. ૧૮૬૦ માં ન્યૂયોર્કમાં વરમોન્ટની સરહદ નજીકના એક ખેડૂત કુટુંબમાં જન્મેલી. ખેડૂત માતા પિતાના દસ બાળકોમાંથી તે એક હતી. બાર વર્ષની ઉંમરે પેટિયું રળવા ખેતીકામમાં લાગી ગયેલી. પંદર વર્ષે તો ત્રણ ટંકનું ભોજન બનાવતી, કપડાં ધોતી, ઘરસફાઈ કરતી અને સાથો સાથ ખેતી કામ તો ખરું જ. નાની ઉંમરમાં લગ્ન થઈ ગયેલા. સાસરિયે પણ કામ, કામને કામ જ રહ્યું. સંતાનો થયા. તેઓને ઉછેરીને મોટા કર્યા. મજૂરી કરીને પાળ્યા. મોટા થતા સંતાનો પોતપોતાના માળામાં ગોઠવાઈ ગયા. ત્યાં તો પતિ મૃત્યુ પામ્યા. ત્યારે તેની ઉંમર ૭૦ વર્ષની હતી. જીવનમાં એકલી પડી ગઈ. છતાં સંસારનાવને ચલાવવા કામ તો ઘણું ય કરે પણ પૂરતા પૈસા ન મળતાં સંસાર નાવ હાલકડોલક થયા કરે. શું કરવું તે વિચારતી રહી. નિરાશા વ્યાપી વળે તેવી પરિસ્થિતિ હતી પણ જીવનગીતની ધ્રુવપંક્તિ ‘‘ક્યારેય નિરૂદ્યમી બનીને, આળસની પલાંઠી વાળીને કે નાદુરસ્ત તબિયતની ચાદર ઓઢીને બેસી ન રહેવું.’’ પણ આ સંસારરૂપી સાગરમાં તરતા રહેવા માટે સતત હાથપગ હલાવતાં રહેવું.’’ ને નજર સમક્ષ રાખી કાર્ય તરફ નજર દોડાવતી હતી. ત્યાંજ તેને ચિત્રો દોરવાનો વિચાર આવ્યો. પણ આટલી મોટી ઉંમરમાં કદી ચિત્ર તો દોર્યું નહોતું પણ અક્ષર પાડવાની એય વિચારણા કરી નહોતી. એવો સમય જ ક્યાં મળતો હતો ! તે શાળામાં પણ માંડ થોડાક મહિના જ ગયેલી. ખાસ ભણેલી પણ નહીં. મૌલિક કલાકૃતિ કે કલાકૃતિની નકલ જેવા ભેદ પણ તે જાણતી નહોતી. ૭૮ વર્ષની ઉંમર થઈ ગયેલી. હાથમાં સંધિવાની પીડા હતી છતાં તેણે



ચિત્રો દોરવાનું શરૂ કર્યું.

મોટી ઉંમરે ચિત્રો દોરવાનું શરૂ કર્યું. કારણ એક જ હતું કે તેનામાં એક સમજણ હતી. તે સમજણ પાકી હતી. ‘‘માણસની જિંદગીની દરેક પળમાં, કોઈને કોઈ કલાક કે દિવસમાં સારી કે નઠારી, નહીં વિચારેલી કે નહી કલ્પેલી પારાવાર શક્યતાઓ પડેલી હોય છે એટલે માણસે કોઈપણ ઉંમરે, કોઈપણ અવસ્થામાં જિંદગીનો ચોપડો એકદમ બંધ કરી દેવો નહિ. કારણકે જ્યાં સુધી શ્વાસ છે ત્યાં લગી આશ છે. કોઈની પણ જિંદગીમાં એક એવો છૂપો ખજાનો હોઈ શકે છે, જેમાં લાંબી નિરર્થક ખોજને અંતે અચાનક મોટી સિદ્ધિ મળી જાય છે. જે આખી વીતી ગયેલી ગુમનામ જિંદગીને એકદમ અજવાળી દે છે. એક તદ્દન સામાન્ય જિંદગી એકદમ અસામાન્ય બની જાય છે. આ સમજણને કારણે તે ચિત્રો દોરવાનું શરૂ કરે છે. આખી જિંદગીની કિતાબ ખોલી બેસી જાય છે. આઠ દાયકાની જિંદગીમાં એણે જે કાંઈ અનુભવ્યું હતું, જે કાંઈ જોયું હતું, જે કાંઈ વિચાર્યું હતું, જે કાંઈ દિલડે સંઘર્યું હતું તે કાગળ ઉપર ચિતરતી જાય છે. અને દશ જ વર્ષમાં તો એ આખી દુનિયામાં ચિત્રકાર તરીકે જાણીતી થઈ જાય છે. ૯૦ વર્ષની ઉંમરે એણે દોરેલા ચિત્રો અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જર્મની, સ્વિટ્ઝલેન્ડ, હોલેન્ડ અને ફ્રાન્સની આર્ટ ગેલેરીઓ તથા પ્રદર્શનોમાં સ્થાન પામે છે. એ જ્યારે ૧૦૦ વર્ષની થાય છે ત્યારે દુનિયાભરમાંથી તેની ઉપર જન્મદિનના અભિનંદન સંદેશાઓની વર્ષા થાય છે. ઈ.સ. ૧૯૬૧ માં જ્યારે તે મૃત્યુ પામે છે ત્યારે યુરોપ અને અમેરિકાના મુખ્ય અખબારોમાં તેના દેહાંતના સમાચાર પ્રથમપાને ચમકે છે. જોયું ને પાકા ઘડે

કાંઈ કાંઠા ચડે તે કહેવતને ખોટી પાડી, પાકા ઘડે કાંઠા ચડાવનાર, આખી દુનિયામાં પ્રસિદ્ધિ પામેલ તે હતાં અન્ના મેરી રોબર્ટસન મોસીસ એટલે કે 'ગ્રાન્ડ મા મોસીસ'.

દાદીમા મોસીસની કથા ચમત્કાર જેવી લાગી ને ! પણ આ કથા સાચી કથા છે. એક વૃધ્ધ અને ગરીબ સ્ત્રી પોતાના આત્મબળ અને નિરંતર પુરુષાર્થ થી શું કરી શકે છે તેની કથા છે. ૭૮ વર્ષની ઉંમરે તેણે એવું વિચાર્યું હોત કે, ખૂબ મજૂરી કરી, રોજી મેળવી, બાળકો ઠરીઠામ થઈ ગયા છે, હવે મારે શું કરવાનું હોય ! હવે તો ઠરીને બેસો. ઘરડાં થયા ત્યાં શું થઈ શકે ? પણ તેણે એવું ના વિચારતા નિરંતર કામને મહત્ત્વ આપ્યું, નિરાશાની જગ્યાએ આશા જગાવી, સૂવાની જગ્યાએ સાધના આચરી અને ખાસ તો તે છેક તેણે નિષ્ઠાપૂર્વક પોતાનો જીવનધર્મ બજાવવાની તૈયારી દાખવી, કામ કરીને બાજી ખેલી, સંજોગોનો; સામાજિકવાતાવરણનો; કુટુંબનો, ઉંમરનો કે તબિયતનો વાંક કાઢ્યા વિના, અંધારામાં અજવાળુ કરવાની હામ ભીડી, પોતાના જીવનનો જે હક્ક છે તેની સાથો સાથ પોતાની ફરજ પણ બજાવી, ઈશ્વરમાં શ્રદ્ધા રાખી, પ્રારબ્ધને પાછળ રાખી, ક્રિયાશીલતાને આગળ કરી, જીવવાનું ચાલુ રાખી, કામ કરવાનું પણ ચાલ્યું રાખ્યું તેથી તેનું કાર્ય તારીફને પાત્ર બન્યું.

આપણે પણ હૈયામાં હિંમત રાખી, ઉમંગ અને આત્મગૌરવથી ગમે તેવા વિકટ સંજોગોમાં ઊંચું માથુ રાખીને ટટ્ટાર ચાલવાનું આત્મબળ કેળવીએ તો સફળતા આપણા પગમાં પડશે અને આપણા જીવનમાં અજવાળાના ઓજસ પથરાશે. બાકી આળસુના પીર બનીએ, નાહિમંત બનીએ, ઈશ્વરમાં અશ્રધ્ધાળુ બનીએ, પ્રારબ્ધના



પનારે પડીએ તો નિષ્ફળતા જ આપણા માથે થેપાશે અને જીવનમાં અંધકાર વ્યાપી જશે ! આપણે શું કરવું છે ? તે આપણે જ વિચારવાનું ને ?!

❖ ❖ ❖

## ૯. મન મીર તો તન તીર - સ્ટેફન હોકીંગ

ઈ.સ. ૧૯૪૨ ની આઠમી જાન્યુઆરીએ ઓક્સફર્ડમાં જન્મ થયેલો. કુટુંબમાં ચાર બાળકોમાં સૌથી મોટા. પિતા જીવવિજ્ઞાનના સંશોધક. લંડનમાં ઉછેર. આઠ-નવ વર્ષે ઘડિયાળ, રેડિયો ખોલી નાખી જોડવાનો પ્રયાસ કરતા. ઘડિયાળ, રેડિયો, કેવી રીતે ચાલે છે તે જોવાની અદમ્ય જિજ્ઞાસા. અગિયાર વર્ષની ઉંમરે સેન્ટ અલબાન્સની ખાનગી શાળામાં દાખલ થયા. માધ્યમિક શિક્ષણમાં તદ્દન સામાન્ય વિદ્યાર્થી હતા. ઑક્સફર્ડમાં પ્રવેશ મળશે કે નહીં તેવી આશંકા મા-બાપને હતી પણ ઑક્સફર્ડની પ્રવેશ પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાનમાં સારો દેખાવ કરી, ઈન્ટરવ્યુમાં પણ સફળ રહેતા ૧૯૫૯માં પ્રવેશ મળ્યો. સ્નાતકની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી કેમ્બ્રિજમાં દાખલ થયા. તે ભૌતિક વિજ્ઞાનની સૈધ્ધાંતિક શાખામાં અને તેમાંય ખગોળવિજ્ઞાનમાં નિષ્ણાત થવા ઈચ્છતા હતા. આ વિશ્વ - બ્રહ્માંડ શેમાંથી ઉદ્ભવ્યું હશે ? તે પ્રશ્નનો જવાબ શોધવાની મહેચ્છા હતી. આમ તેમનો મુખ્ય રસ બ્રહ્માંડના વિજ્ઞાન-કોસ્મોલોજીમાં હતો.

મનની મહેચ્છા મોટી હતી પણ તને તરકટ મચાવ્યું હતું. ફક્ત ૨૧ વર્ષની ઉંમરે અચાનક શરીરમાં નબળાઈ આવી ગઈ.

બોલવામાં ય તકલીફ પડવા લાગી. હાથ કંપવા લાગ્યા. ગળવામાં તકલીફ થવા લાગી. હાથે બૂટની દોરી બાંધવી મુશ્કેલ બની. દવાખાને તપાસ કરાવી. દાક્તરોએ નિદાન કર્યું કે 'એમિયોટ્રોફીક લેટરલ સ્લેરોસીસ' એટલે કે 'મોટર ન્યુરોન ડીસીઝ' લાગુ પડ્યો છે. 'મોટર ન્યુરોન ડીસીઝ' એટલે કે પક્ષાઘાત. જેમાં માણસના સ્નાયુઓ તથા જ્ઞાનતંતુઓ પરનો મગજનો અંકુશ ચાલ્યો જાય. જેમાં વ્યક્તિ ઊભો ના રહી શકે, ચાલી ના શકે, બોલી ના શકે. પાણીનો પ્યાલો પોતાના હાથથી ઊંચકીને પાણી પી ના શકે. ડૉક્ટરોએ કહી દીધું કે 'વધારેમાં વધારે બે વર્ષ જીવી શકશે.' આ ફેંસલો ગમે તેવાને ડગાવી જ દે. તેને પણ એકવાર તો ડગાવી જ દીધો, તે ઓરડામાં પૂરાઈ ગયો, વેગ્નરનું સંગીત સાંભળ્યા કરતો, વિજ્ઞાનની કાલ્પનિક કથાઓ વાંચતો અને ઘરાઈને શરાબ પીતો. થોડા દિવસો આમ ચાલ્યું. પણ અચાનક તેના મને તેને ચેતવ્યો. હજુ તો મરવાને બે વર્ષ બાકી છે. જે સમય છે તેને વેડફી દેવા કરતા મારે મારું કામ આગળ ધપાવવું જોઈએ. અને તેણે કામ શરૂ કર્યું. મન મજબૂત કર્યું. મિત્રો, કુટુંબીજનો અને શિક્ષકોનો પણ પ્રોત્સાહનની સાથે સહકાર સાંપડ્યો. તે વધારે મજબૂત બન્યો.

આ જ સમયમાં તેને એક પાર્ટીમાં જેઈન વાઈલ્ડ નામની યુવતી મળી. વારંવાર તેઓ મળતા રહ્યા. તેના મનની મજબૂતાઈએ તેને આકર્ષી. બન્ને જણાં ૧૯૬૫ માં લગ્નગ્રંથિએ જોડાયા. જેઈન વાઈલ્ડે તેના મનની દૃઢતા વધારી. તેને જીવવાનું બળ પૂરું પાડ્યું. આથી તેણે જીવન સામે પડકાર કર્યો કે, રોગ ગમે તેટલો વકરે, હું તેની સામે લડીશ, મારું કામ કરીશ અને જીવીશ. જેઈન સાથેનો ઘરસંસાર ચાલ્યો અને ૧૯૬૭ માં પ્રથમપુત્ર રોબર્ટનું આગમન થયું.



ત્યારબાદ દીકરી લ્યુસી અને ૧૯૭૯ માં પુત્ર તિમોથી અવતર્યા. પણ કુદરત પણ કમાલ કરે છે. સુખી દામ્પત્ય જીવનમાં મતભેદને કારણે ભંગાણ પડે તે કેવું ! જેઈન કહે, ''તમે જાહેર કરો કે તમે ઈશ્વરમાં માનો છો. હું પૂર્ણ પણે આસ્તિક છું.તમે ઈશ્વરમાં સંપૂર્ણ શ્રધ્ધા જાહેર ના કરો તો હું તમારી સાથે ના રહું.'' તેમણે કહ્યું કે, ''હું ધર્મ અને વિજ્ઞાનની સરહદના પ્રદેશમાં કામ કરી રહ્યો છું. હું પરમ શક્તિમાં માનું પણ છું. પણ એકદમ ઈશ્વરને આગળ ધરો તો હું તેમાં સૂર પુરાવી ન શકું.'' આમ મતભેદ વકરતાં બંને છૂટા પડ્યા. લગ્ન જીવનમાં ભંગાણ થયું પણ જીવન તો અડીખમ જ રહ્યું ! કારણ મન હવે ડગે તેવું નહોતું. પછી ભલે ને બ્રહ્માંડ ભાંગી પડે !

તે પોતાના રોગની પરવાહ કર્યા વિના પોતાના કામમાં જ ડૂબેલા રહ્યા. વ્હીલચેર દ્વારા ચાલતા રહ્યા. વૈજ્ઞાનિક ઉપકરણ દ્વારા પોતાના વિચારો કે વાતો રજુ કરતા રહ્યા. પણ રોગમાં ચઢાવ - ઉતાર આવ્યા જ કરે, ક્યારેક થોડોક સુધારો તો ક્યારેક રાહત. બાકી સ્થિતિ તો ઉત્તરોત્તર બગડતી જ જાય. પણ તેમના મનોબળની દૃઢતા અનોખી છે. તેમના મગજમાં ગરબડ છે પણ મનમાં નથી. મગજના જે ખંડમાં વિચારશક્તિ - યાદશક્તિ વસે છે તેમા કોઈ આંચ આવી નથી.

આવા માણસની આકાંક્ષા પણ અનોખી છે. મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનની જેમ તે પણ કોઈક એક જ સિધ્ધાંતની ખોજ કરી રહ્યા છે. જે ખોજ કરવા આઈન્સ્ટાઈન જિંદગીના છેલ્લા ત્રીસ વર્ષ કાઢવા છતાં સફળતા મળી નહોતી તેને પુનઃ તપાસવાની

પ્રક્રિયા તેઓ કરી રહ્યા છે. કોઈક એક જ સિધ્ધાંત એટલે વિશ્વના તમામ રહસ્યો ઉપરથી પડધો ઉંચકે તેવો સિધ્ધાંત. આ પૃથ્વી ક્યાંથી આવી ? માણસ ક્યાંથી આવ્યો ? પૃથ્વી ઉપરની આ સૃષ્ટિ ક્યાંથી આવી ? અનંત બ્રહ્માંડ ક્યાંથી આવ્યું ? સૂર્ય, ચંદ્ર, અગણિત તારાઓ, અનંત અવકાશ, અનંત સમય આ બધું ક્યાંથી આવ્યું ? એની રચના કોણે કરી હશે ? આખો માસ્ટર પ્લાન ક્યાંથી આવ્યો ? વગેરે પ્રશ્નો પાછળ કોઈ એક જ સિધ્ધાંત કાર્ય કરે છે. તેવી વાત સિધ્ધ કરવાની શોધ એટલે એક જ સિધ્ધાંતની શોધ. કોઈ સર્વોપરી - સર્વવ્યાપક સિધ્ધાંત. આ મુશ્કેલ કાર્ય તેમણે હાથ ધર્યું પણ મંઝિલ તો ઘણી દૂર છે. છતાં તેમના કાર્યને કારણે તેમને ૧૯૭૪માં બ્રિટનની રોયલ સોસાયટીમાં પ્રવેશ મળ્યો. બ્રિટનની રોયલ સોસાયટીના ફેલો બન્યા. આમ ભૌતિક વિજ્ઞાની તરીકે તેમને માન્યતા મળી. પણ એ તો સૈધ્ધાંતિક ભૌતિક વિજ્ઞાનનો સંશોધક એટલે તેની ધારણા, અનુમાનો, સિધ્ધાંતોમાંથી આખરે કેટલું સત્ય બચશે તે તો સમય જ કહી શકે. પણ તેમના અનુમાનો મહાન વિજ્ઞાની આઈન્સ્ટાઈન જેટલા જ ક્રાંતિકારી ગણાય છે. તેઓ સૈકાના સૌથી મોટા જીવતા વૈજ્ઞાનિક તરીકે ઓળખાવા લાગ્યા. તે નાનીસૂની સિધ્ધિ નથી. તેમણે ઈ.સ. ૧૯૮૮ માં ''એ બ્રીફ હીસ્ટ્રી ઑફ ટાઈમ'' પુસ્તક પ્રકાશિત કર્યું જે 'બેસ્ટ સેલર' બન્યું. જે તેમની લેખિની કેવી છે તેની સાબિતી છે.

આ વૈજ્ઞાનિકનું નામ છે સ્ટેફન હોકીંગ. સ્ટેફન હોકીંગની વૈજ્ઞાનિક ધારણાઓ કરતાં પણ તેમની જીવનકથાનું મૂલ્ય આંકી શકાય તેવું નથી. ૨૧ વર્ષે 'પક્ષાઘાત' જેવો રોગ થાય છતાં મન મજબૂત કરી મર્દાનગીથી જીવન જીવે. તે જ તેમની મહાનતા છે. જ્યાં ડૉક્ટરોએ હાથ ધોઈ નાખ્યા હોય ત્યાં મનની મજબૂતાઈ,



મનની દઢતા માણસને જીવન આપી શકે છે તે બાબત મહત્ત્વની છે. મનને મર્કટની જેમ કૂદાકૂદ કરાવીએ તો તન તરકટતા સર્જી શકે છે. પણ મનને મીર બનાવીએ તો તન ગમે તેવી તરકટતા સર્જે તો પણ તીર બનવું જ પડે છે. આ બાબત સ્ટેફન હોકીંગના જીવનમાંથી હરકોઈએ શીખવા જેવી છે. આપણી કહેવતોમાં કહેવાયું છે કે, મન હોય તો માળવે જવાય. તે ખરેખર સત્ય છે.

❖ ❖ ❖

## ૧૦. ભારતના અર્વાચીન ઋષિ - સ્વામી વિવેકાનંદ

કલકત્તાનું સિમલા નામનું પરુ. આ પરામાં એક સંપત્તિવાન પ્રતિષ્ઠિત કુટુંબ રહે. આ કુટુંબ દાનવીર, સ્વમાની અને વિદ્યાવ્યાસંગી હતું.આ કુટુંબમાં ૧૮૬૩ ના જાન્યુઆરીની બારમી તારીખને સોમવારે એક બાળકનો જન્મ થયો તે બાળકનું નામ નરેન્દ્રનાથ પાડવામાં આવ્યું. નરેન્દ્રના પિતા વિશ્વનાથદત્ત પ્રતિભાસંપન્ન વ્યક્તિ હતા. તેઓ સંસ્કૃત, અંગ્રેજી અને ફારસી ભાષાના નિષ્ણાત અને સંગીતના વિદ્વાન હતા. નરેન્દ્રની માતા ભુવનેશ્વરીદેવી ગુણવાન, ધર્મનિષ્ઠ અને પતિપરાયણ સન્નારી હતા. નરેન્દ્રના પ્રપિતામહ દુર્ગાચરણદત્ત પણ ફારસી અને સંસ્કૃત ભાષામાં પારંગત હતા. એમનું કાયદાનું જ્ઞાન પણ તલસ્પર્શી હતું. દુર્ગાચરણની વૈરાગ્યવૃત્તિ એટલી પ્રબળ બની કે પુત્રનો જન્મ થયા પછી પચ્ચીસની ઉંમરે તેમણે સંન્યાસ લીધો હતો.

આવા સુયોગ્ય, પ્રભાવશાળી, ધર્મિષ્ઠ કુટુંબમાં જન્મેલા બાળક નરેન્દ્રનાથ પણ પહેલેથી જ બુધ્ધિચાતુર્ય, ધાર્મિકતા, યોગ, ધ્યાનના

તાંતણે બંધાયા હતા. નરેન્દ્ર સ્વભાવે તરવરિયા અને રમતગમતના શોખીન. નાનીમોટી રમતો, લાઠીના દાવ, કુસ્તી, હોડી ચલાવવી - આ બધાંનો તેમના શરીરને સારો લાભ મળેલો. ગોળપુષ્ટ ચહેરો, લીંબુની ફાડ જેવી તેજસ્વી આંખો, પહોળી છાતી, સ્નાયુબધ્ધ શરીર, મધ્યમથી વધુ ઊંચાઈ, મધુર રણકાવાળો અવાજ સામાને તરત આકર્ષે એવાં હતાં. સંગીતની શાસ્ત્રીય તાલીમ લઈ ગાયન-વાદનમાં પણ નરેન્દ્રે પ્રવીણતા મેળવેલી. આ સાથે ભગવાને તેમને તીવ્ર બુધ્ધિ આપી હતી એટલે ભણતરમાં પણ તે હોશિયાર વિદ્યાર્થી હતા. વાંચવાનો રસ તો તેમને ઘણોજ. એ રસ તો એમને જીવનભર રહેલો. બાળપણથી જ સાધુઓ પ્રત્યે પ્રેમ. બારણે આવેલા સાધુની સેવા અને સત્કાર તેમને ખૂબ જ આનંદ આપતા. પોતાની પાસે પડેલા નવા વસ્ત્રોનું સાધુઓને દાન કરતાં તે લગીરે ખચકાતાં નહિ. તેઓને પશુ-પક્ષીઓ પાળવાનો પણ શોખ - વાંદરા, બકરી, મોર, કબૂતર, ગીનીપિગ જેવા પશુપક્ષી તેમણે પાળ્યા હતા.

વિવેકાનંદ ઉપર રામાયણનો પ્રભાવ ખૂબ હતો. કેટલીકવાર રામના જીવનના રોમાંચક પ્રસંગોની એમના ઉપર એટલી બધી અસર થતી કે એ ઘેર જવાનું પણ ભૂલી જતા. અને કલાકો સુધી રામાયણ કથામાં બેસી રહેતા. આવા નરેન્દ્રને બાળપણથી જ ધ્યાનમાં બેસવાની ટેવ પડેલી. રમતગમત અને ભણતર વચ્ચે રાતે તો એ અચૂક ધ્યાનમાં બેસે જ. એકવાર તો તે એવા ધ્યાનસ્થ થયેલા કે મેડીના બારણા તોડવા પડેલા. સાત વર્ષની વયે જ તેમણે 'મુગ્ધબોધ' નામનું સંસ્કૃત વ્યાકરણ તથા રામાયણ અને મહાભારતનાં કેટલાંક ભાગો કંઠસ્થ કરી લીધેલા. નાનપણથી જ એમના મનમાં વસી ગયેલું કે પોતે સામાન્ય લોકોની પેઠે પૈસા કમાઈ કુટુંબમાં જ જીવન પુરું કરવા



જન્મેલા નથી. કૉલેજકાળ દરમ્યાન તત્ત્વજ્ઞાન અને ઈતિહાસનાં ઘણાં પુસ્તકો તેમણે વાંચ્યાં હતાં. તેમાં આવી સમજણ ભળતાં નરેન્દ્રને ઈશ્વરને જોવા-જાણવાની તીવ્ર ઈચ્છા જાગી. આ ઉપરાંત તેમને જ્ઞાતિવાદનું સજ્જડ ચોકઠું અકળાવતું હતું. અનેકેશ્વર વાદ અને મૂર્તિપૂજા પ્રત્યે અણગમો થતો. એકવાર તેમણે પોતાને ત્યાં જુદી જુદી જ્ઞાતિના અસીલો માટે રાખેલા જુદા જુદા હુક્કામાંથી વારાફરતી દમ ખેંચી જોયો. બધાં હુક્કામાંથી સરખો જ ધુમાડો નીકળતો. આથી તેમને પ્રશ્ન થયો કે એક હુક્કો બધાં લોકો વારાફરતી ન પી શકે ? શા માટે જુદી જુદી જ્ઞાતિના માણસો માટે જુદાજુદા હુક્કા રાખવામાં આવ્યા છે ? જ્ઞાતિવાદ, રૂઢિઓ, રિવાજો વગેરે બાબતની સુધારાત્મક પ્રવૃત્તિઓ ત્યારે બ્રહ્મોસમાજ દ્વારા થતી. નરેન્દ્ર તેના તરફ આકર્ષાયા. તેઓ તેના સભ્ય બન્યા. તમામ જ્ઞાતિ પંથ કે વર્ણની હિલચાલમાં તે જોડાયા. જરીપુરાણી રીતરસમોમાંથી મુક્તિ અપાવે અને વિશાળ દૃષ્ટિ પ્રાપ્ત કરવામાં ઉપયોગી બને તેવી પ્રવૃત્તિઓમાં તેમને રસ પડવા લાગ્યો. પહેલેથી જ તેમના સ્વભાવમાં નિષ્ક્રિયતા નહોતી. કોઈપણ બૌધ્ધિક કે આધ્યાત્મિક ઘટના શા માટે અને શી રીતે બનવા પામી તેનો તાગ મેળવવા એ હંમેશા મથામણ કરતા. ઈશ્વર દર્શનની તીવ્ર ઝંખનાને તેઓ દક્ષિણેશ્વરના કાલી મંદિરના પૂજારી શ્રી રામકૃષ્ણ પરમહંસ પાસે ગયા. ધાર્મિક દૃષ્ટિ, તપશ્ચર્યા અને આધ્યાત્મિક અનુભવોથી ભરપૂર એવા પ્રાચીન ભારતવર્ષના એ મૂર્ત સ્વરૂપ હતા. તેઓ સર્વ ધર્મોના સમન્વયમાં માનતા હતા. વિશ્વના તમામ ધર્મો એક જ પરમાત્મા સુધી પહોંચવાના જુદા જુદા રસ્તા માત્ર છે. તે હકીકત તેમણે પોતાની જાતે પ્રયોગ સિધ્ધ સાબિત કરી હતી. માણસ માણસ વચ્ચે ભેદ

પાડવા માટે ધર્મનો દુરુપયોગ બધે જ થાય છે પણ આ બધું જ સાંપ્રદાયિક ધંધાદારીઓ કરે છે. ઈશ્વરના સાચા બંદાઓ તો એક જ સંદેશો આપે છે જે રામકૃષ્ણ પરમહંસે આપ્યો કે ઈશ્વર એક જ છે.

નરેન્દ્ર બી.એ. પાસ થયા ત્યાર પહેલા એમના પિતાનું મૃત્યુ થયું. પિતાની કમાણી સારી હતી પણ તેમની ઉદારતાને લીધે ઝાઝી બચત થઈ શકી ન હતી. યુવાન નરેન્દ્રને ગરીબાઈનો સામનો કરવાનું અને ઘરનો ભાર વહેવાનું માથે આવ્યું. અપરિણીત રહેવાનો તેમણે અફર નિર્ણય કર્યો. એકવાર એક મિત્રે તેમને કહ્યું કે, 'નરેન, નક્કી કરેલા ચોકઠામાં શા માટે ઠરીઠામ ન થવું? જગતમાં તારી સમક્ષ જે ઉજ્જવળ ભાવિ પડ્યું છે તેના પ્રતિ વધુ ધ્યાન આપીશ તો તારી કારકિર્દી ભવ્ય બની જશે.' ખભા હલાવીને ત્યારે નરેન્દ્રનાથે ઉત્તર આપેલો, 'મને ઘણીવાર ધન અને સત્તા સંપાદન કરીને કીર્તિ, પ્રતિષ્ઠા અને લોકચાહના મેળવવાની ઈચ્છા થઈ આવી છે પરંતુ ઊંડું ચિંતન કરતા મને જણાયું છે કે 'મૃત્યુ તો છેવટે આ બધાંને ભરખી જવાનું છે ! તો પછી મૃત્યુ જેનો નાશ કરી શકે એવી મોટાઈ ઊભી કરવાની કડાકૂટમાં શા માટે પડવું ? સંન્યાસીનું જીવન ખરેખર મહાન છે કારણકે મૃત્યુની શક્તિને હરાવવાનું બળ એ સાધનામાં જ રહેલું છે. સંન્યાસી સનાતન સત્યની શોધમાં લાગેલો હોય છે અને એ નિયમો પલટાતાંની સાથે દુનિયા પણ પલટાઈ જાય છે.'

પિતાના મૃત્યુ સાથે જ નરેન્દ્રનાથને કારમી ગરીબાઈનો સામનો કરવો પડ્યો. ગરીબાઈ એટલી બધી વધી ગયેલી કે પગમાં પગરખાં પહેરવા એ પણ વિલાસ થઈ પડ્યો. વસ્ત્રો માટે જાડું કાપડું પહેરવું પડતું અને કેટલીયવાર જમ્યા વિના જ ચલાવી લેવું પડતું. ભૂખ અને



નબળાઈથી એમને તમ્મર આવી જતાં છતાંય આ વિકટ પરીસ્થિતીનો તેમણે એક મર્દની અદાથી સામનો કર્યો. નોકરીની શોધમાં હાથમાં અરજી લઈને એક ઑફિસેથી બીજી ઑફિસે આથડતાં અનેક ધક્કાઓ ઉપરાંત સર્વત્ર જાકારો મળતો. મિત્રો પણ તેમનાથી વિખૂટા પડવા લાગ્યા. આવી પરિસ્થિતિમાં તેમને અવળે રસ્તે લઈ જવા માટે કેટલાક મિત્રોએ પ્રલોભનો આપ્યા. એક પૈસાદાર સ્ત્રીએ અઘટિત કહેણ મોકલ્યું છતાં તેઓ તેને વશ ન થતાં ઈશ્વરમાં શ્રધ્ધા રાખી. છતાંય તેમના મનમાં શંકા જાગી કે ખરેખર ભગવાન છે ? ભગવાન છે જ તો મારી એક પણ પ્રાર્થના કેમ સાંભળતો નથી ? મારી કાકલૂદીનો કેમ કોઈ જ જવાબ મળતો નથી ? તે રાજાઓનો રાજા છે તો આ સંસારમાં આટલી બધી પીડા કેમ ? સ્વામી વિવેકાનંદને જે સવાલો જાગ્યા એ સવાલો આજે પણ લાખો યુવાનોને જાગે છે. પણ સ્વામી વિવેકાનંદની વાત સમજવા જેવી છે ! સ્વામી વિવેકાનંદ કાલીમાતા પાસે ત્રણ વાર માગણી માટે ગયા. ત્રણેય વાર માતાના દર્શન થયા છતાં તેઓએ પોતાની માતા અને ભાઈઓ માટે વધુ કંઈ નહીં તો દાળરોટીનું સુખ પણ માગ્યું નહીં. માગ્યા ફક્ત જ્ઞાન, ભક્તિ, વિવેક અને વૈરાગ્ય. તેમને થયું આવી ક્ષુદ્ર માગણી જગતની માતા પાસે કેવી રીતે કરી શકાય ? તેમને સંદેશો હતો કે "નિર્બળતા છોડો અને દરેક માણસને પેટ છે તે ખરું હોવા છતાં માત્ર પેટના ગુલામ ના બનો. ઈશ્વરને માત્ર મૂર્તિમાં ન જુઓ મૂર્તિમાં ઈશ્વર છે અને જીવતા જાગતા માણસમાં ઈશ્વર નથી ? ઈશ્વર તો સર્વત્ર છે દરેક માણસ ઈશ્વરનો જ અંશ છે અને ઈશ્વરની સાચી ભક્તિતે માણસની સેવા છે. દુઃખી માણસને સાંત્વન અને સહાય આપવા તમે જ ઈશ્વરના દૂત બનો. આ આખું વિશ્વ સમગ્ર

બ્રહ્માંડ ઈશ્વરનો જ આવિષ્કાર છે. ઈશ્વર ક્યાંક જુદો કોઈક રાજમહેલમાં સંતાઈને બેઠેલો મનસ્વી શાસક નથી.'' સ્વામી વિવેકાનંદ માનવીની કરૂણામાં પણ ઈશ્વરની કરુણા જુએ છે. તેઓ કહે છે કે માણસ જો માણસનું દુઃખ સમજે તેને મદદ કરે તો આ પૃથ્વી પરથી ઘણાં બધાં દુઃખો અદશ્ય થઈ જાય.

શ્રી રામકૃષ્ણ મહાસમાધિ પામ્યા પછી વરાહનગરમાં આજીવન બ્રહ્મચર્ય અને અપરિગ્રહની પ્રતિજ્ઞા લઈ નરેન્દ્રે વિવેકાનંદ નામ ધારણ કર્યું. 'સાધુ તો ચલતા ભલા' એ સૂત્ર મુજબ વિવેકાનંદ જુદે જુદે વખતે આખા ભારતમાં સાતેક વર્ષમાં ઘૂમી વળ્યા દેશયાત્રામાં તેમના તપ અને ત્યાગની આકરી કસોટીય થઈ. અને ઘણે ઠેકાણે આદર - સત્કાર ય થયો. કેટલાક સારા સંબંધો પણ બંધાયા. પ્રવાસ દરમ્યાનના એકાદ - બે પ્રસંગો તેમના જીવન માટે ખૂબ અસરકારક રહ્યા. કાશીમાં વાંદરાઓનું ટોળું વિવેકાનંદની પાછળ પડ્યું. સ્વામીજીએ દોટ મૂકી. એ વખતે એક વૃધ્ધ સંન્યાસીએ કહ્યું, 'ભાગો નહીં પશુઓનો હંમેશા સામનો કરો.' આ પ્રસંગનો પડઘો વર્ષો પછી એમણે ન્યૂયોર્કમાં કરેલા એક પ્રવચનમાં પડ્યો. તેમણે કહ્યું, 'અજ્ઞાનતાનો સામનો કરો ! માયાની સામે થાઓ - કદી ભાગો નહીં.' બીજો એક પ્રસંગ જોઈએ.

આગ્રાથી વૃંદાવનના રસ્તે આવતા હતા. રસ્તામાં વચ્ચે એક માણસ લહેરથી ચલમ પીતો હતો. તેમને પણ એક બે દમ ખેંચવાની ઈચ્છા થઈ. પણ ચલમવાળો ભંગી હતો. સ્વામીજીના નાત-જાતના પૂર્વ સંસ્કારો સળવળી ઉઠ્યા અને આગળ ચાલ્યા. આગળ ચાલતા વિચાર આવ્યો. અરે ! મેં તો સંન્યાસીનું વ્રત લીધું છે અને નાતજાતને



કુલાભિમાનના વિચારો તો ક્યારનાય ત્યાગી દીધા છે. અને પેલા માણસે 'હું ભંગી છું' તેમ કહ્યું ત્યારે મારા પૂર્વસંસ્કારોને કારણે મારામાં નાતજાતના વિચારો આવ્યા.'' અને તેઓ તરત જ પાછા વળ્યા અને પેલા ભંગી પાસેથી ચલમ લઈને પીધી. આ પ્રસંગે એમને શીખવ્યું કે સંન્યાસ એ ખરેખર એક વિષમ અસિધારાવ્રત છે આ વિશે એક શિષ્યને એમણે કહ્યું, હ'આ બનાવે મને એવો મહાન બોધ આપ્યો કે મારે કોઈનો પણ તિરસ્કાર ન કરતાં સૌનો પ્રભુના બાળકો તરીકે જ વિચાર કરવો જોઈએ.'

દેશયાત્રા દરમ્યાન જોયેલી કારમી ગરીબાઈ અને ધર્મના પતનથી તેમનું હૈયું હલી ઉઠ્યું. ભારતમાતાનો પુનરુધ્ધાર કરવો એ જ પોતાનો ધર્મ છે અને ગુરૂદેવનું કાર્ય છે. એમ એમને સમજાયું. ઈ.સ. ૧૮૯૩ માં અમેરિકામાં શિકાગો ખાતે વિશ્વધર્મ પરિષદ મળનાર હતી. ત્યાં હિંદુધર્મની સાચી સમજ આપવા - ગરીબોની સ્થિતિ સુધારવા તથા લોકોની ધાર્મિકતાને સાચે રસ્તે વાળવા જે પ્રવૃત્તિ ઉપાડવી પડે તેમાં પૈસાની જરૂર તો પડે જે. અમેરિકામાંથી તે મેળવવા તેઓ અમેરિકા ગયા. ત્યાં મિસ એનબોર્ન, પ્રો. જે. એચ. રાઈટ અને મિસિસ જ્યોર્જ ડબલ્યુ હેમના સહકારથી તેઓ વિશ્વધર્મ પરિષદમાં હાજર રહી શક્યા. વિશ્વધર્મ પરિષદમાં, અમેરિકા, યુરોપના દેશોમાં ભાષણો દ્વારા હિંદુ ધર્મનો ડંકો વગાડ્યો. ઘણા સ્ત્રી પુરુષોએ તેમની પાસેથી મંત્ર દીક્ષા લીધી. ન્યૂયોર્ક, બોસ્ટન, ડેટ્રોઈટ વગેરે શહેરોમાં વ્યાખ્યાન વર્ગો શરૂ કર્યા હતા. ભારતમાં આવી પોતાના ગુરુભાઈઓને દીન દુઃખિયાની સેવાને પંથે વાળ્યા. આ હેતુ માટે તેમણે ઈ.સ. ૧૮૯૭ માં 'રામકૃષ્ણ મિશન'ની અને બે વર્ષ પછી બેલુર મઠની સ્થાપના કરી. 'દરિદ્ર

નારાયણ' શબ્દ અને દીન દુઃખિયાની સેવાનો મંત્ર તેઓએ આપ્યો. માનવસેવા એ જ પ્રભુસેવા તેવું તેઓ કહી ગયા છે. એમણે કહ્યું છે કે : 'મને લોકોની દુખી અવસ્થા જોઈને બહુ લાગી આવે છે. એમનાં દુઃખો નિવારવા માટે જો સો વાર નરકમાં જવું પડે તો પણ હું તૈયાર છું.'

ભારતમાં બે એક વર્ષ રહ્યા તે ગાળામાં સ્વામીજીએ હિમાલય પ્રદેશમાં આલ્મોડાથી થોડે દૂર માયાવતી ખાતે 'અદ્વેતાશ્રામ' સ્થાપ્યો. ત્યાંતી તેમના સાહિત્યનું સુંદર પ્રકાશન વર્ષોથી થઈ રહ્યું છે. આ બે વરસમાં બ્રહ્મચારીઓ તથા શિષ્યોને જુદી જુદી રીતે પોતે તાલીમ આપી. ૧૮૯૯ માં ફરી ઈંગ્લેન્ડ થઈ અમેરિકાની અને ત્યાંથી યુરોપની યાત્રા કરી સ્વામીજી ૧૯૦૦ ના અંતમાં સ્વદેશ આવ્યા. પછીના બે વર્ષ તેઓ દેશમાં જ રહ્યા. સાત વર્ષમાં કરેલા અથાક પરિશ્રમે તેમની તબિયત કથળાવી નાખી હતી. દમ અને મધુપ્રમેહના વ્યાધિ શરીરને વળગ્યા હતા. એમા જળોદરનો ઉમેરો થયો. છતાં છેલ્લા દિવસ સુધી પોતે કામ કરતા રહ્યા. ઈ.સ. ૧૯૦૨ ની ચોથી જુલાઈના રોજ એમનો આત્મા પરમાત્મામાં ભળી ગયો.

૩૯ વર્ષ ૫ માસ અને ૨૪ દિવસના આયુષ્યમાં તેમણે એવું કાર્ય કર્યું કે તેઓની સાથે ભારતદેશનું નામ પણ રોશન થઈ ગયું. તેઓ કહેતા કે, ઉઠો જાગો હવે વધુ ઊંઘો નહિ, લોખંડી સ્નાયુઓ અને કુશાગ્ર બુધ્ધિનો સંયોગ થાય તો આખું જગત તમારા ચરણોમાં પડે. એ એમની સલાહ સદૈવ સ્મરણમાં રાખવા જેવી છે. એમનું કાર્ય અને લખાણો સમસ્ત જગતને વર્ષો સુધી પ્રેરણા આપતા રહેશે. સાચે જ તેઓ અર્વાચીનયુગના ઋષિ હતા.



❖ ❖ ❖

## ૧૧. સ્વામી વિવેકાનંદનો જીવન સંદેશ

૧૨ મી જાન્યુઆરી ૧૮૬૩ ના રોજ વિશ્વનાથદત્ત અને ભુવનેશ્વરી દેવી જેવા ગુણવાન, ધર્મનિષ્ઠ અને બૌધ્ધિક દંપતીને ત્યાં સ્વામી વિવેકાનંદનો જન્મ થયો હતો. "પોતે સામાન્ય લોકોની પેઠે પૈસા કમાઈને કુટુંબમાં જ જીવન પૂરું કરવા જન્મેલા નથી." તેવું અનુભવતાં તેમણે પોતાના જીવનને મૂલ્યનિષ્ઠ બનાવ્યું હતું. ગુરુ રામકૃષ્ણ પરમહંસનું તેજ અને ઉપદેશથી તેઓ વિભૂષિત થયા હતા. જ્ઞાતિવાદ, અનેકેશ્વરવાદ, મૂર્તિપૂજા અને જરીપૂરાણી રૂઢિઓ સામે તેઓએ આંદોલન ઉપાડ્યું હતું. 'ઈશ્વર એક જ છે' અને સર્વધર્મ સમાન છે. તેવો ગુરુ સંદેશ ફેલાવ્યો હતો. સ્વામી વિવેકાનંદના જીવનમાં અનેક પ્રસંગો છે જેનો સંદેશ, સર્વે માટે, સર્વેકાળ માટે પ્રેરણાદાયી છે.

પિતાના મૃત્યુ સાથે જ તેમને કારમી ગરીબાઈનો સામનો કરવો પડ્યો. ગરીબાઈ એટલી બધી કે કેટલીકવાર જમ્યા વિના ચલાવી લેવું પડતું. ભૂખ અને નબળાઈથી એમને તમ્મર આવી જતાં. છતાંય આ વિકટ પરિસ્થિતિનો તેમણે મર્દની અદાથી સામનો કર્યો. મિત્રો વિખૂટા પડવા લાગ્યા. વિવિધ પ્રલોભનો મળ્યો છતાંય ઈશ્વરમાં શ્રધ્ધા રાખી પ્રલોભનોને વશ ન થયા. ગરીબાઈમાં રોજીરોટીની માગણી માટે ગુરુ રામકૃષ્ણના આદેશને વશ થઈ ત્રણ ત્રણ વાર કાલી માતા પાસે ગયા. ત્રણેય વાર માતાજીના દર્શન થયા. છતાં તેઓએ પોતાના કુટુંબ માટે દાળ-રોટીનું સુખ ન માગતા,

માગ્યા ફક્ત જ્ઞાન, ભક્તિ, વિવેક અને વૈરાગ્ય. તેમને થયું કે ક્ષુદ્ર માગણી જગત જનની આગળ કેવી રીતે કરી શકાય ? આ ઘટના સંદેશ આપે છે કે, ''નિર્બળતા છોડો, દરેક માણસને પેટ છે તે ખરું હોવા છતાં માત્ર પેટના ગુલામ ન બનો.''

વિવેકાનંદ 'માનવ સેવા એજ પ્રભુ સેવા'માં માનતા. તેમણે જણાવ્યું છે કે, ''ઈશ્વરની સાચી ભક્તિ માણસની સેવામાં છે. દુઃખી માણસને સાંત્વના અને સહાય આપવા તમે જ ઈશ્વરના દૂત બનો.'' તેઓ માનવીની કરૂણામાં ઈશ્વરની કરૂણા જુએ છે. અને એમાં જ ઈશ્વરનો સાક્ષાત્કાર અને ચમત્કાર બન્ને જુએ છે. તેઓ કહેતા કે, ''માણસ જો માણસનું દુઃખ સમજે તેને મદદ કરે તો આ પૃથ્વી પરથી ધણાં બધાં દુઃખો અદશ્ય થઈ જાય.''

સ્વામી વિવેકાનંદની ભારતયાત્રા દરમ્યાન કાશીમાં વાંદરાનું ટોળું તેમની પાછળ પડ્યું. સ્વામીજીએ દોટ મૂકી એ વખતે એક વૃધ્ધ સંન્યાસીએ કહ્યું, ''ભાગો નહીં, પશુઓનો હંમેશા સામનો કરો.'' આ વાત તેમણે જીવનમાં અપનાવી હમેશાં તેઓએ પશુવૃત્તિઓ જેવીકે અજ્ઞાનતા અને માયાની સામે થયા છે, આપણે પણ પશુવૃત્તિઓનો સામનો કરવો જોઈએ. તેનાથી ભાગવાનો પ્રયત્ન કરવો જોઈએ નહિ.''

આગ્રાથી વૃંદાવનના રસ્તે સ્વામીજી આવતા હતા. રસ્તામાં વચ્ચે એક માણસ ચલમ પીતો હતો. સ્વામીજીને પણ એક બે દમ ખેંચવાની ઈચ્છા થઈ. પણ ચલમવાળો ભંગી હતો. સ્વામીજીના નાત-જાતના પૂર્વના સંસ્કારો સળવળી ઉઠ્યા અને તેઓ આગળ ચાલ્યા. આગળ જતા તેમને વિચાર આવ્યો કે, ''પેલા માણસે હું



ભંગી છું તેમ કહ્યું અને મારામાં નાત-જાતના વિચારો આવ્યા.'' અને તે પાછા વળ્યા. ભંગી પાસેથી ચલમ લઈને પીધી. તેમણે આ પ્રસંગ પછી જણાવ્યું છે કે,'' આ બનાવે મને એવો બોધ આપ્યો કે મારે કોઈનો પણ તિરસ્કાર ન કરતાં સૌનો પ્રભુના બાળકો તરીકે જ વિચાર કરવો જોઈએ.''

કર્ણાટક રાજ્યમાં આવેલા બેલગામમાં તેમને એક યુવાન સાધુ બનવા આવ્યો. વિવેકાનંદને લાગ્યું કે, ''આ યુવાન લોકોની સેવા કરવા સાધુ બનવા આવ્યો નથી'' આથી તેમણે તપાસ કરી તો જાણવા મળ્યું કે 'તે એમ.એ. ની પરીક્ષામાંથી છુટકારો મેળવવા સાધુ બનવા માંગતો હતો. તેમણે તેને સમજાવતાં કહ્યું કે, ''ભયથી જ દુઃખ આવે છે ભયથી જ મૃત્યુ થાય છે અને ભયથી જ બુરાઈઓ ઉત્પન્ન થાય છે. માટે ભય રાખ્યા વિના કાર્ય માટે તૈયાર થા. કારણકે પોતાના મનગમતા કામને તો મોટામાં મોટો મૂર્ખ પણ પાર પાડી શકે, પંરતુ જે દરેક કામને મનગમતું બનાવી શકે તે બુધ્ધિશાળી છે''. આમ સ્વામીજીએ સંદેશ આપ્યો છે કે, ''ગમે તે વ્યક્તિ સાધુ બને તે યોગ્ય નથી. સાધુ બનવાનો હેતુ શુદ્ધ હોવો જોઈએ. સેવા કરવાનો હોવો જોઈએ. ગમે તેમાંથી છૂટકારો મેળવવા કે ગમે ત્યાંથી ભાગવાનો ન હોવો જોઈએ. આવા સાધુઓથી ધર્મ અને સંસ્થા ભ્રષ્ટ થાય છે કારણકે ભ્રષ્ટ હેતુથી સાધુ બનેલો વ્યક્તિ ભ્રષ્ટતા જ આચરશે. બીજી મહત્ત્વની બાબત જણાવી કે સારાં કાર્યોથી દૂર ન જતાં, ભય ન રાખતાં તે કાર્યો માટે તૈયાર જ રહો. કામ ગમે છે એટલે કરવું તેમ નહીં પણ અણગમતું કાર્ય પણ સારું હોય તો તે કરવા માટે તૈયારી રાખવી જોઈએ.

દીનદુઃખિયાની સેવાને પરમમંત્ર માનનાર વિવેકાનંદે કહ્યું છે કે, "જે ધર્મ કે જે ઈશ્વર કોઈ વિધવાના આંસુઓ લૂછી ન શકે કે કોઈ અનાથના મુખમાં રોટલાનો ટુકડો ન મૂકી શકે એવો કોઈ ધર્મ કે ઈશ્વરમાં હું માનતો નથી." કારમી ગરીબાઈ અને ધર્મપતનમાંથી ભારતનો પુનરૂધ્ધાર કરવા માટે તેઓ આર્થિક સહાય માટે યુરોપ અને અમેરિકાની અજાણી ભૂમિમાં ગયા અને તે આર્થિક સહાયથી તેમણે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. તેમણે સેવાની ક્યાં જરુર છે તે વિશે જણાવતાં કહ્યુ છે કે, "જ્યાં વેદાંતનો જન્મ થયો એવા આપણા આ દેશમાં આપણા લોકો યુગોથી નજરબંધ જેવા થઈ ગયા છે. કશી આશા વગર તેઓનો જન્મ થયો અને કશી આશા વગર તેઓએ જીવવાનું રહ્યું. હું તમને યાદ આપુ છું કે અહીં જ ખરેખર કાર્યની જરૂર છે. પહેલું એ કરવાનું છે કે નીચે ને નીચે જઈ રહેલાં ભારતવાસીઓ પાસે પહોંચી જવું જોઈએ. અને એમને હાથથી ટેકો આપવો જોઈએ. દુઃખીને મદદ કરવા લંબાયેલો એક હાથ પ્રાર્થના કરવા જોડાયેલા બે હાથ કરતાં વધુ સાર્થક છે."

ભારતના પ્રાચીન ઋષિઓની ભાષામાં તેમણે હાકલ કરી હતી કે, 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. લોખંડી સ્નાયુઓ અને કુશાગ્ર બુધ્ધિનો સંયોગ થાય તો આખું જગત તમારા ચરણોમાં પડે." આમ વિવેકાનંદે લક્ષ્યને જ જીવનકાર્ય સમજવા અને દરેક ક્ષણે તેનું ચિંતન કરી તેમાં જ સ્વપ્ન જોઈ, તેને સિધ્ધ કરવામાં મન, શક્તિ અને કર્મને કામે લગાડવાનો સંદેશ આપ્યો છે તેમણે સફળતા માટે કહ્યું છે કે, "'હિમાલય સમા વિઘ્નો ઓળંગવાની તમારામાં ઈચ્છાશક્તિ હશે, હાથમાં તલવાર ખેંચીને તમારી વિરૂધ્ધ આખી આલમ ખડી રહે તો પણ તમે જેને સત્ય માનતા હોય, તે



કરવાની તમારામાં હિંમત હશે, તમારું સર્વસ્વ હણાઈ જાય, તમારું નામ ભૂંસાઈ જાય તો પણ તમે સત્યને વળગી રહી તમારા લક્ષ્ય સ્થાન પ્રત્યે નજર રાખી આગળ વધો તો તમે જરૂર સફળ થશો."

વિવેકાનંદ હંમેશા ભારત દેશ માટે, ભારતીય સંસ્કૃતિ માટે અને દીનઃદુખિયોની સેવા માટે તત્પર રહ્યા હતા. ગુરુના દેહાંત પછી ગુરુકાર્યને આગળ ધપાવવામાં અનેક કષ્ટો સહન કર્યા; પોતાની કાયાની પણ પરવાહ નહોતી કરી. આપણે પણ રાષ્ટ્રસેવા, માનવસેવા માટે કાર્યો કરવા જોઈએ. આપણે આપણા જીવનમાં કષ્ટો સહન કરીને પોતાના માર્ગમાં આગળ વધવાની ખેવના રાખી વિકાસની ગતિ પકડવા સ્વામી વિવેકાનંદને નજર સમક્ષ રાખવા જોઈએ. ખરેખર સ્વામીજી આપણા માટે તેજસ્વી તારક સમા છે.

સ્વામીજી માનતા હતા કે, "પ્રબળ વિશ્વાસ એ જ મહાન કાર્યોનો જનક છે." તેઓ કહેતા કે, "શ્રધ્ધા, ઈશ્વરમાં શ્રધ્ધા - મહત્તાનું આ રહસ્ય છે. તમે ગમે તે દેવમાં માનતા હો પણ જો તમારામાં આત્મવિશ્વાસ નહિ હોય તો તમારે માટે મુક્તિ નથી. તમારામાં શ્રધ્ધા રાખો તથા તે શ્રધ્ધા પર ટટ્ટાર ખડા રહો."

સ્વામીજી જયારે અમેરિકામાં હતા ત્યારે તેમનું વ્યાખ્યાન પૂર્ણ થયા પછી એક સ્ત્રી તેમને મળવા રોકાઈ હતી. તે સ્ત્રીએ સ્વામીજી પાસે તેમના જેવા પુત્રની ઈચ્છા વ્યકત કરી એટલે સ્વામીજીએ કહ્યું કે, "તમે માતા જેવા વિચારો કરી આંખો બંધ રાખો અને પછી વિચારો કે વિવેકાનંદ મારો પુત્ર છે. હું તમારો જ પુત્ર છે. પછી મારા જેવા પુત્રની ઈચ્છા રાખવી યોગ્ય નથી." આ જ સ્વામી વિવેકાનંદની ચારિત્ર્યશીલતાના દર્શન કરાવે. છે.

વ્યક્તિની ચારિત્ર્યશીલતા જેટલી ઊંચી તેટલી તેનો વિકાસ સારો થઈ શકે. વિવેકાનંદના જીવનનો આ પ્રસંગ આપણને ચારિત્ર્યશીલ બનવા પ્રેરણા આપે છે.

સ્વામી વિવેકાનંદનો જીવન સંદેશ એટલે ધર્મપ્રેમ, રાષ્ટ્રપ્રેમ, સર્વધર્મ સમભાવ, ચારિત્ર્યશીલતા, સ્વસંસ્કૃતિ વંદના, આત્મશ્રધ્ધા, પરિશ્રમમયતા, સેવામયતા, મૂલ્ય વંદના, માનવપ્રેમ, (માનવીમાં જ ઈશ્વરના દર્શન કરો) અરે, ભાઈ શું ગણાવું ને શું ન ગણાવું. સર્વગુણ સંપન્ન વિવેકાનંદજીમાં સારપના સર્વ પાસાં હતા. તે જ તેમનો જીવનસંદેશ છે. સારા બનો સારા બનવા સતત મંડ્યા રહો.

❖ ❖ ❖

## ૧૨. સ્વામી વિવેકાનંદ અને યુવાનો

કર્ણાટક રાજ્યમાં આવેલ બેલગામમાં એક સંન્યાસી આવેલા. આ સંન્યાસીના પ્રવચનોથી અનેક લોકો પ્રભાવિત થયેલા. આ ગામના અનેક યુવાનો પણ સ્વામીજી પાસે આવતા. એક યુવાન વારંવાર સ્વામીજી પાસે આવતો. એક વખત સ્વામીજીએ યુવાનને કહ્યું, ‘આપ કોઈ મૂંઝવણમાં હોય તેમ લાગો છો.’

યુવાને કહ્યું, ‘ના, ના. તેવી કોઈ મૂંઝવણ નથી. પરંતુ આપણી વાણીએ મને સાધુ બની લોકોની સેવા કરવાની પ્રેરણા આપી છે. આપ મને દીક્ષા આપો.’

સ્વામીજીને કહ્યું, ‘આપનો વિચાર ખૂબ સારો છે, પણ હાલ તુરત તમે સાધુ બનો તે યોગ્ય નથી. આપ તે વિશે ખૂબ વિચારો.



ત્યારબાદ મને મળજો.’

યુવાન નિત્યક્રમ પ્રમાણે સ્વામીજી પાસે આવતો. સ્વામીજીને આ યુવાનની મુખાકૃતિ ઉપરથી લાગ્યું હતું કે, આ યુવાન લોકોની સેવા કરવા સાધુ થતો નથી પણ અન્ય કોઈ કારણથી જ તે સાધુ બનવા માગે છે. આથી તેમણે તે યુવાન વિશે તપાસ શરૂ કરી. તપાસમાં તેમને જાણવા મળ્યું કે તે યુવાન એમ.એ.ની પરીક્ષાની જંજાળમાંથી છૂટવા માટે સાધુ બની જવા માંગતો હતો. થોડા દિવસ બાદ તે યુવાને ફરીથી સ્વામીજીને પોતાનો વિચાર જણાવ્યો. એટલે સ્વામીજીએ તેને સાંભળ્યા પછી સ્વામીજીએ તેની પાસેથી સાચી હકીકત કઢાવી. યુવાને કહ્યું કે એમ.એ.ની પરીક્ષામાં નાપાસ થવાના ભયને કારણે જ તે સાધુ બની જવા માંગે છે.

સ્વામીજીએ તેને સમજાવતાં કહ્યું કે, ‘‘ભયથી જ દુઃખ આવે છે ભયથી જ મૃત્યુ થાય છે અને ભયથી જ બુરાઈઓ ઉત્પન્ન થાય છે. માટે ભય રાખ્યા સિવાય એમ.એ.ની પરીક્ષા આપવાની તૈયારી કરો કારણકે પોતાના મનગમતા કામને તો મોટામાં મોટો મૂર્ખ પણ પાર પાડી શકે, પંરતુ જે દરેક કામને મનગમતું બનાવી શકે તે બુધ્ધિશાળી છે. આપને માટે સંન્યાસીની જિંદગી કરતાં એમ.એ.ની. પરીક્ષામાં પાસ થવું વધારે સહેલું છે. માટે સૌ પ્રથમ એમ.એ. ની ડિગ્રી પ્રાપ્ત કરો અને ત્યારબાદ સાધુ બનવા વિચારો.’’

આમ માર્ગ ભૂલેલા આવા અનેક યુવાનોને સાચો રાહ દર્શાવનાર ચિરયુવાન સંન્યાસી સ્વામી વિવેકાનંદ હતા.

જ્યારે ભારતમાં અનેક કુરિવાજો પ્રચલિત બન્યા હતા અને ભારત અંગ્રેજોની ગુલામીમાં સપડાયો હતો. ભારતીય સમાજમાં

વિતંડાવાદ રૂઢિચુસ્તતા, કૂંપમંડૂકતા વ્યાપેલી હતી ત્યારે ઈ.સ.૧૮૬૩ ની બારમી જાન્યુઆરીના રોજ તેમનો જન્મ થયો હતો. માતા ભુવનેશ્વરીદેવી અને પિતા વિશ્વનાથદત્ત. તેમનું બાળપણનું નામ નરેન્દ્રનાથ. નાનપણમાં જ માતા પાસેથી રામાયણ - મહાભારતની કથાઓ સાંભળી હતી. તેની તેમના બાલમાનસ ઉપર અદ્ભુત અસર થઈ હતી. બચપણથી જ તે ખૂબ હઠીલા હતા. તેઓ જ્યારે ખૂબ હઠે ચઢતા ત્યારે તેમની માતા તેમના માથા ઉપર ઘડોભરીને ઠંડુ પાણી રેડી તેમના કાનમાં શિવ શિવનો નાદ કરતા ત્યારે તેઓ શાંત થઈ જતાં.

યુવાન થતા ભગવાનને નિહાળવાની તીવ્ર ઈચ્છા થઈ. ભગવાનની શોધમાં તેઓ અનેક સાધુસંતો પાસે ગયા. અનેકગ્રંથો વાંચ્યા, વિદ્વાનોને મળ્યા. બ્રહ્મોસમાજના સભ્ય બન્યા. મહર્ષિ દેવેન્દ્રનાથની પાસે જઈ આવ્યા પણ ભગવાન પ્રાપ્તિની ખાત્રી ન મળી. તેઓને કાલીમાતાના ભક્તશ્રી રામકૃષ્ણ પરમહંસ પાસે જવા માટે એક વિદ્વાન પાસેથી પ્રેરણા મળી. તેઓ રામકૃષ્ણ પાસે ગયા. તેમની પાસેથી ઈશ્વરપ્રાપ્તિ શક્ય બનશે તેવી ખાત્રી થતાં તેમને ગુરુ તરીકે સ્વીકાર્યા. અસહ્ય મુશ્કેલીઓ આવી ત્યારે ગુરુના સૂચન છતાં તેઓ કાલિમાતા પાસે ધનની માગણી ન કરી. ગુરુની સતત સેવા ચાલુ રાખી. તેમણે રામકૃષ્ણ પાસેથી અનેક અનુભવો પ્રાપ્ત કર્યાં. અને ગુરુના માનીતા શિષ્ય બન્યા. ગુરુના દેહાંત પછી બ્રહ્મચર્ય અને અપરિગ્રહની પ્રતિજ્ઞા લીધી.

'સાધુ તો ચલતા ભલા' એ ન્યાયે પગપાળા ભારત દેશનો પ્રવાસ કર્યો. દેશની ગરીબી અને અજ્ઞાનતાના વિચારોને કારણે તેમની ઊંઘ ઊડી ગઈ. જે દેશમાં સંન્યાસીઓ યુગોથી પરિભ્રમણ



કરતા હોવા છતાં પણ રાષ્ટ્રનો વિચાર નહોતો કરી શક્યા તે દેશમાં તેમણે રાષ્ટ્રધર્મનો વિચાર અને આચરણ કરવાની પહેલ કરી. એમને પ્રતીતિ થઈ હતી કે ક્ષુદ્ર હૃદય દૌર્બલ્યરૂપી વ્યાધિ રાષ્ટ્રદેહને કોરી રહ્યો છે. અને રાષ્ટ્રના પતનનું મૂળ સાચા ધર્મના અભાવમાં છે. આથી તેમણે સાચા ધર્મને ફેલાવવાનો પ્રયત્ન કર્યો. ભારતના ગરીબોની સ્થિતિ સુધારવા તથા લોકોની ધાર્મિકતાને સાચા રસ્તે વાળવા તેઓ યુરોપ અને અમેરિકાની અજાણી ભૂમિમાં લોહી નીંગળતા હૃદયે આર્થિક સહાયની શોધમાં નીકળી પડ્યા. ભારતમાં પોતાના ગુરુભાઈઓને દીનદુ:ખિયાની સેવાને પંથે વાળવાના હેતુની વિવેકાનંદે ઈ.સ. ૧૮૯૭ માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. ભારતવર્ષને 'દરિદ્રનારાયણ' શબ્દ તેમણે સૌપ્રથમ આપ્યો હતો. 'માનવસેવા એજ પ્રભુસેવા' નો મંત્ર તેમણે જ ગુંજતો કર્યો હતો. તેમણે એક પત્રમાં લખ્યું છે કે જે ધર્મ કે જે ઈશ્વર કોઈ વિધવાના આંસુઓ લૂછી ન શકે કે કોઈ અનાથના મુખમાં રોટલાનો ટુકડો ન મૂકી શકે એવા કોઈ ધર્મ કે ઈશ્વરમાં હું માનતો નથી.'

ઈ.સ. ૧૮૯૩ માં શિકાગોમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદમાં હિંદુ ધર્મ અને સંસ્કૃતિને ઉજળી કરી દેખાડનાર સ્વામી વિવેકાનંદ ગરીબોના બેલી અને યુવાનોના સંન્યાસી હતા. જ્યારે ભારતમાં અંગ્રેજોના આગમનથી એક નવું વાતાવરણ સર્જાયું હતું. બિન અનુભવી બાળકની પેઠે અંગ્રેજી પ્રજાના ઉપલકિયા ચળકાટથી યુવાનો અંજાયા હતા અને પરિણામની પરવા કર્યા વિના અંગ્રેજોના રીતરિવાજો, જીવનના દૃષ્ટિબિંદુઓ વગર તપાસે અપનાવવા માંડ્યા હતા. આથી ભારત વર્ષની સંસ્કૃતિનો આધ્યાત્મિકતારૂપી પ્રાણનો વિનાશ થઈ જવાનો ભય ઊભો થયો હતો આવા કટોકટીના સમયે

ઋષિમુનિઓના વૈદિકજ્ઞાન, આધ્યાત્મિક અનુભવ અને પ્રાચીન આર્યસંસ્કૃતિની મૂર્તિસમા તથા સર્વધર્મો તથા પંથોના ઘનીભૂત અમન્વયરૂપ શ્રી રામકૃષ્ણ પરમહંસના નવીન આદર્શોને ફેલાવી અનેક યુવાનોની જીવનનૌકાને તેમણે યોગ્ય માર્ગે વાળી હતી.

ગુરુના દેહાંત પછી યુવાન ગુરુભાઈઓને તેમણે સાચો રાહ બતાવ્યો હતો. અભ્યાસ માટે ઘેર જતા રહેલા યુવાન ગુરુભાઈઓને સમજાવી, ભાવપૂર્ણ ભજનો અને રોમાંચક વાર્તાલાપોથી ગુરુના બતાવેલા માર્ગે વિહરવાનો રાહ ચીંધ્યો હતો. યુવાન સાધુઓ ઉપરનો તેમનો પ્રભાવ એવો હતો કે તેમને પાછા લેવા આવનાર તેમને સમજાવતા, ધમકાવતા, આંસુ સારતા છતાં પણ તેઓ પોતાના નિશ્ચયમાં અડગ રહેતા અને વિવેકાનંદની છાયામાં જ રહેવાનો દૃઢનિર્ધાર જાહેર કરતા.

તેમણે યુવાનોને ત્યાગ અને સેવાનો બેવડો આદર્શ અપનાવી, દરિદ્રોની સેવા કરી, સામાન્ય જનતાને કેળવણીનો પ્રકાશ આપી, જુલમોથી પશુસ્થિતિમાં પહોંચી ગયેલી પ્રજાને માણસ બનાવવા અને દેશના પુનરુત્થાન માટે જીવન મરણનો સંગ્રામ ખેલવાની હાકલ કરી હતી. તેમણે યુવાનોને કહ્યું હતું કે, 'હિમાલય સમા વિઘ્નો ઓળંગવાની તમારામાં ઈચ્છાશક્તિ હશે, હાથમાં તલવાર ખેંચીને તમારી વિરૂધ્ધ આખી આલમ ખડી રહે તો પણ તમે જેને સત્ય માનતા હોય, તે કરવાની તમારામાં હિંમત હશે, તમારું સર્વસ્વ હણાઈ જાય, તમારું નામ ભૂંસાઈ જાય તો પણ તમે સત્યને વળગી રહી. તમારા લક્ષ્ય સ્થાન પ્રત્યે નજર રાખી આગળ વધો તો તમે જરુર સફળ થશો.' આંટપુર ગામના યુવાનોને ઈશુના જન્મથી પુનરુત્થાન સુધીની કથા રસપૂર્વક કરી ઈશુની જેમ જગતાના ઉધ્ધારના



કાર્યમાં લાગી જવાની પ્રેરણા તેમણે આપી હતી. અલ્વરના ઘણા નવયુવાનો તેમની પ્રેરણાથી સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા લાગ્યા હતા. સંસ્કૃતની સાથે અંગ્રેજી ભાષા શીખી પશ્ચિમના વિજ્ઞાનના અભ્યાસની તેઓ તરફેણ કરતા હતા. આમ ભારતીય સંસ્કૃતિની સાથે સાથે જગતના વિકાસ સાથે કદમ મિલાવવા પ્રાશ્ચાત્ય સંસ્કૃતિ વિષેની સભાનતા કેળવવી જોઈએ તેવો આગ્રહ વિવેકાનંદ રાખતા હતા.

લાહોરમાં આપેલા વ્યાખ્યાનથી પ્રભાવિત યુવાનોએ દીન, અભણ અને દુઃખી માણસોને સહાય કરવા એક સંસ્થાની સ્થાપના કરી હતી. શોષિતોનો વિકાસ થાય તે માટે તેઓ યુવાનોને આહ્વાહન આપતા કે ''અસ્પૃશ્યો, ચમારો, હરિજનો અને એવા બીજા લોકો પાસે જાઓ અને કહો'' તમે સૌ રાષ્ટ્રના પ્રાણ છો અને જગતમાં ક્રાંતિ લાવે એવી અનંત શક્તિ તમારામાં ભરેલી છે. ઊભા થાઓ અને બેડીઓને તોડી નાખો.. એમની વચ્ચે જઈને શાળા સ્થાપો અને એમને ઉપવીત પહેરાવો. યુવાનોને તેઓ કહેતા કે, અરે ! જ્યાં વેદાંતનો જન્મ થયો એવા આપણા આ દેશમાં આપણા લોકો યુગોથી નજરબંધ જેવા થઈ ગયા છે. કશી આશા વગર તેઓનાો જન્મ થયો અને કશી આશા વગર તેઓને જીવવાનું રહ્યું. હું તમને યાદ આપુ છું કે અહીં જ ખરેખરા કાર્યની જરૂર છે. પહેલું એ કરવાનું છે કે તમારી નીચે જઈ રહેલા લાખો ભારતવાસીઓ પાસે પહોંચી જવું જોઈએ અને એમને હાથથી ટેકો આપવો જોઈએ. દુઃખીને મદદ કરવા લંબાયેલો એક હાથ પ્રાર્થના કરવા જોડાયેલા બે હાથ કરતાં વધુ સાર્થક છે.'

મદ્રાસમાં લિટરરી સોસાયટી ઑફ ટ્રિપ્લીકેન નામથી સંસ્થાના યુવકો સમાજિક સુધારા કરવાના અતિ ઉત્સાહમાં દરેક રૂઢિ ઉપર પ્રહાર કરતા હતા. ભારતીય સંસ્કૃતિનો મર્મ સમજતા સ્વામીજીને આ યુવકોને તેમની ઉંછાછળી વૃત્તિ સામે ચેતવણી આપતાં સમજાવ્યું વિદેશી આદર્શોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરો અને ધર્મહીન સંસ્કારોને અપનાવતાં પહેલા વિચાર કરો. ભૂતકાળનું જે કંઈ ભવ્ય અને આદરપાત્ર હોય તેની સહાય લો. નહીંતર રાષ્ટ્રની ઈમારતનો પાયો જ નબળો થઈ જશે. સુધારા ઉપરથી લાદી શકાય નહીં. એ તો અંદરથી જ વિકસે એ રચનાત્મક હોવા જોઈએ. વિઘાતક નહીં.

સ્વામી વિવેકાનંદ ભારતના યુવાનો માટે પોતાના લોહીનું ટીપેટીપું નિચોવી નાખવા તૈયાર હતા.જેઓ ઉપર લગ્નની ઘૂંસરી ન પડી હોય એવા ભણેલા નવયુવાનો પ્રતિ તેઓ ખાસ લક્ષ આપતા. એવા યુવાનોમાં નવીન ઉત્સાહ પ્રગટ કરવાનો એમનો આગ્રહ હતો. ચપળ અને ધાર્મિક વૃત્તિ ધરાવતા યુવાનો કેળવાયને આત્માનું અને જગતનું કલ્યાણ કરવામાં જીવન સમર્પણ એવો સતત ખ્યાલ તેઓ રાખતા. યુવાનોને તેઓ કહેતા કે, 'હું નિર્બળ છુ, પાપી છું, દયાજનક પ્રાણી છું, મારામાં કંઈ શક્તિ નથી. હું આ કરી શકું એમ નથી, તે કરી શકું એમ નથી એમ બોલવા જેવી એકેય ભૂલ નથી.' ભારતના પ્રાચીન ઋષિઓની ભાષામાં તેમણે યુવકોને હાકલ કરી હતી કે, 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. લોખંડી સ્નાયુઓ અને કુશાગ્ર બુધ્ધિનો સંયોગ થાય તો આખું જગત તમારા ચરણોમાં પડે. આમ રાષ્ટ્રના સ્વાતંત્ર્ય યજ્ઞના ઘણાખરા પ્રથમ હરોળના યુવાન મહારથીઓ તૈયાર કરવામાં સ્વામીજીના ઉપદેશોનો ઘણો મોટો ફાળો હતો.



સ્વામીજીનું જીવન યુવાનો માટે પ્રેરણારૂપ છે. ગુરૂના દેહાંત પછી જે કષ્ટો પડ્યાં તે સહન કરીને તેમણે ગુરુના કાર્યને આગળ ધપાવવામાં પોતાની કાયાની પરવાહ પણ કરી નહોતી. યુવાનો પણ તેમના જીવનમાં કષ્ટો સહન કરીને પોતાના માર્ગમાં આગળ વધવાની ખેવના રાખી વિકાસની ગતિ પકડવા સ્વામી વિવેકાનંદ નજર સમક્ષ રાખવા જોઈએ. ખરેખર સ્વામીજી યુવાનો માટે તેજસ્વીતારક સમા છે તેઓ કહેતા કે, 'નચિકેતા જેવી શ્રધ્ધા ધરાવતા ફક્ત દશબાર યુવાનો મને મળી જાય તો આપણા દેશના વિચારો અને આકાંક્ષાઓના સમગ્ર પ્રવાહને હું નવી જ દિશામાં વાળીશું.'

ભારતને નવીન વિદ્યુતપ્રવાહની જરૂર છે એવું કહેનાર ચિર યુવા પરિવ્રાજક સ્વામી વિવેકાનંદે ખરેખર, યુવાનોની અંતર્નિહિત શક્તિ જાગૃત કરી, તેમની વીરવાણીએ માટીમાંથી મનુષ્યો સજર્યા હતા. શું શક્તિ કે શું આત્મસમર્પણ, શું સાધના કે શું સેવાવૃત્તિ, શું સંયમ, શું આત્મશ્રધ્ધા, શું રાષ્ટ્રપ્રેમ કે શું ધર્મપ્રેમ. આ બધાં કાર્યથી સતત પ્રવૃત્ત થવાની એમણે રાષ્ટ્રની યુવાપેઢીને અખૂટ પ્રેરણા આપી હતી. યુવાનોના સંન્યાસી એવા યુવાન સ્વામી વિવેકાનંદને શત શત વંદન.

❖ ❖ ❖